દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 209 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 September 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કપડાં, ફૂટવૅર સસ્તાં થશે

## જીએસટીના ૧૨ અને ૨૮ ટકાના સ્લૅબ કાઢી નખાશે

નવી દિલ્હી: જીએસટી કાઉન્સિલે રૂ. ૨,૫૦૦ સુધીની કિંમતનાં કપડાં અને ફૂટવૅર પરનો જીએસટી ઘટાડીને પાંચ ટકા કરવાની મંજૂરી આપી દીધી હોવાનું સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું.

આ ઉપરાંત, જીએસટી કાઉન્સિલે જીએસટીના ૧૨ ટકા અને ૨૮ ટકાના સ્લૅબ કાઢી નાખવાનો અને મોટા ભાગની વસ્તુઓને પાંચ અને ૧૮ ટકાના સ્લૅબમાં આવરી લેવાનો નિર્ણય લીધો છે.

હાલમાં રૂ. ૧,૦૦૦ સુધીની કિંમતનાં કપડાં અને ફૂટવૅર પર પાંચ ટકા અને તેથી વધુ મૂલ્યનાં કપડાં અને ફૂટવૅર પર ૧૨ ટકા જીએસટી વસૂલવામાં આવે છે.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણનાં અધ્યક્ષપદ હેઠળ મળેલી જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં તમામ રાજ્યના નાણાં પ્રધાનોએ પણ ભાગ લીધો હતો.

અગાઉ બુધવારે જીએસટી કાઉન્સિલની બેઠક પહેલાં વિપક્ષશાસિત આઠ રાજ્યના નાણાં પ્રધાનોની બેઠક મળી હતી. તેઓએ જીએસટીમાં કરવામાં આવેલા ફેરફારને કારણે તમામ રાજ્યોને થનારા નુકસાનનું વળતર આપવાની માગણી કરવાનો નિર્ણય લીધો હતો.

વિપક્ષશાસિત આઠ રાજ્યમાં હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, પંજાબ, તમિળનાડુ, તેલંગણા અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. જીએસટીનો ૧૨ અને ૨૮ ટકાનો સ્લૅબ કાઢી નાખવાના નિર્ણયને કારણે આવક પર પડનારી અસરથી રાજ્યોને કઈ રીતે રક્ષણ આપી શકાય એ અંગે પણ બેઠકમાં ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

જો કેન્દ્ર સરકાર આ નુકસાનની ભરપાઈ કરી આપવા તૈયાર હોય તો તેવા સંજોગોમાં અમને સરકારના આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં કોઈ સમસ્યા નથી એમ જણાવતાં ઝારખંડના નાણાં પ્રધાન રાધાકૃષ્ણ કિશોરે કહ્યું હતું કે રાજ્યોને આવકમાં થનારા નુકસાનની ભરપાઈ કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે.

સરકારનું કહેવું છે કે જીએસટીમાં કરવામાં આવનારાં ઘટાડાને કારણે વસ્તુઓના ભાવ ઘટતા તેની માગમાં વધારો થશે અને તેને કારણે રાજ્યોને થનારા નુકસાનની લાંબેગાળે ભરપાઈ થઈ જશે. જીએસટી કાઉન્સિલની આગામી બે દિવસની બેઠકમાં જીએસટીના ૧૨ અને ૨૮ ટકાના સ્લેબને કાઢી નાખી પાંચ અને ૧૮ ટકાના એમ માત્ર બે જ સ્લેબ રાખવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી.

જીએસટીમાં સુધારાના પ્રસ્તાવને કાઉન્સિલમાં મંજૂરી આપી દેવામાં આવશે તો ચોક્કસ ફૂટવૅર, કપડાં, ઉપરાંત ઘી, પીવાનું પાણી (૨૦ લિટર), નમકીન, દવા, તબીબી ઉપકરણો વગેરે વસ્તુઓ ૧૨ ટકાના સ્લેબમાંથી પાંચ ટકાના સ્લેબમાં આવી જશે.

પેન્સિલ, સાઈકલ, છત્રીથી લઈને સામાન્ય વપરાશમાં લેવાતી વસ્તુઓ પણ પાંચ ટકાના સ્લૅબમાં આવી જાય તેવી શક્યતા છે.

ચોક્કસ શ્રેણીના ટીવી, વૉશિંગ મશીન, રેફ્રિજરેટર સહિતની વસ્તુઓ અગાઉના ૨૮ ટકાને બદલે ૧૮ ટકાના સ્લૅબમાં આવી જતાં તેનં ભાવમાં ઘટાડો થશે.

તમાકુ, પાનમસાલા અને સિગારેટ જેવી વસ્તુઓ ૪૦ ટકા જીએસટીના સ્લૅબમાં રહેશે અને કદાચ તેના પર વધુ જીએસટી લાદવામાં આવે તેવી પણ શક્યતા છે. (એજન્સી)■

## સિંગતેલના ભાવમાં ભડકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશભરમાં તહેવારોની સિઝન છે ત્યારે ગૃહિણીઓના રસોડાનું બજેટ બગડવા જઈ રહ્યું છે, કારણ કે સિંગતેલના ભાવમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. સિંગતેલના ડબ્બાના ભાવમાં રૂ.૩૦નો વધારો થયો છે, તેની સાથે સાથે ૧૫ કિલોના ડબ્બાનો ભાવ રૂ. ૨૩૯૦ થયો છે, સિંગતેલનો ડબ્બાનો ભાવ રૂ.૨૩૬૦થી વધીને હવે રૂ.૨૩૯૦ થયો છે. રાજ્યમાં મગફળીનું વ્યાપક ઉત્પાદન છતાં ભાવમાં વધારો થયો છે, રાજ્યમાં ચાલુ વર્ષે ૬૬ લાખ ટન મગફળીનું ઉત્પાદન થયું છે. મગફળીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન હોવા છતાં ભાવમાં સિંગતેલના ભાવમાં આ છપ્પરફાડ વધારો થોડો ચોંકાવનારો છે.

બજારમાંથી મળતી માહિતી અનુસાર, મંગળવારે રૂ. ૨૩૧૦-૨૩૬૦ના ભાવે વેચાતો ૧૫ કિલો સિંગતેલનો ડબ્બો બુધવારે રૂ. ૨૩૪૦-૨૩૯૦ પર પહોંચી ગયો હતો. આ એક દિવસીય વધારો આશ્ચર્યજનક છે, કારણ કે સામાન્ય રીતે આવા મોટા ફેરફારો પાછળ સ્પષ્ટ માગ-પુરવઠાનાં કારણો હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ચાલુ વર્ષે મગફળીનું આશરે ૬૬ લાખ ટન વિક્રમજનક ઉત્પાદન થવાનો અંદાજ છે. ગત વર્ષે પણ ૫૨ લાખ ટન જેટલું સારું ઉત્પાદન નોંધાયું હતું. માર્કેટ યાર્ડમાં મગફળીની આવક પૂરતા પ્રમાણમાં છે અને તેના ભાવ પણ સ્થિર તેમજ પ્રમાણમાં નીચા જળવાઈ રહ્યા છે.

આ સંજોગોમાં, બજારમાં સિંગતેલનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને માગમાં પણ કોઈ અચાનક વૃદ્ધિ નોંધાઈ નથી. તેમ છતાં ભાવવધારા પાછળ તેલ લોબી દ્વારા કૃત્રિમ રીતે ભાવ વધારવામાં આવ્યા હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

સિંગતેલની સાથે અન્ય ખાદ્યતેલોમાં પણ વધારાનો દોર જોવા મળ્યો હતો. કપાસિયા તેલના ભાવમાં રૂ. ૧૫નો વધારો થતાં તે રૂ. ૨૨૯૫-૨૩૧૫ પર પહોંચ્યું છે, જ્યારે પામતેલમાં પણ રૂ.૧૦નો વધારો નોંધાતા તે રૂ. ૨૦૨૫-૨૦૩૦ના ભાવે વેચાઈ રહ્યું છે. ■

## શુદ્ધ સોનું ₹ ૧૫૯૭ની ઝડપી તેજી સાથે ₹ ૧.૦૬ લાખની પાર

મુંબઈ: વૈશ્વિક સ્તરે વધી રહેલી આર્થિક અનિશ્ચિતતા ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદમાં વધારો થવાથી ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજર સોનાએ એક તબક્કે ઔંસદીઠ ૩૫૪૬.૯૯ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ પાછા ફર્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના તથા ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯૦થી ૧૫૯૭ની તેજી આવી હતી, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧.૦૬ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૮૭નો સાધારણ સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સોનામાં ઝડપી તેજી આગળ ધપતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯૦ વધીને રૂ. ૧,૦૫,૫૯૬ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫૯૭ વધીને રૂ. ૧,૦૬,૦૨૧ના મથાળે રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનામાં આગઝરતી તેજી ફૂંકાઈ ગઈ હોવાથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ તળિયે બેસી ગઈ છે. વધુમાં આજે ચાંદીમાં ખાસ કરીને વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૮૭ના સાધારણ સુધારા સાથે રૂ. ૧,૨૩,૨૨૦ના મથાળે રહ્યા હતા. લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૫૩૪.૨૮ ડૉલર આસપાસ અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૩૬૦૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

## નર્મદા ડેમ છલકાવાથી ૩.૩ મીટર દૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નર્મદા નદીના ઉપરવાસમાંથી છેલ્લા કેટલાક સપ્તાહમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે ગુજરાતના સરદાર સરોવર ડેમમાં પાણીનું સ્તર બુધવારે ૧૩૫.૩૮ મીટર પર પહોંચ્યું હતું., તેની પૂર્ણ જળાશય સપાટી કરતાં ૩.૩ મીટર ઓછું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલા આ ડેમમાં હાલ પાણીનો સ્ટોક તેની કુલ ક્ષમતાના ૮૯ ટકાએ પહોંચ્યો છે. ડેમમાં અત્યારે ૧.૧૮ લાખ ક્યુસેક પાણીની આવક થઈ રહી

(જુઓ પાનું ૨) ▶▶

08 DAYS
Explore
DUBAI with ABU DHABI
DEP DATES 17th OCT | 24th OCT | 25th DEC | 18th JAN | 13th FEB | 27th FEB | 06th MAR | 18th MAR
PACKAGE INCLUSIONS
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• ૦૩ રાત્રી અબુધાબી માં અને ૦૪ રાત્રી દુબઇ માં નિવાસ
• Limousine Ride, Yacht Ride, Dubai Frame, Burj Khalifa,The View At The Palm, Ferrari World, SeaWorld®,Warner Bros. World™, Emirates National Auto, Museum, Qasr Al - Watan, Yas Waterworld, અને Sheikh Zayed Grand Mosque નો રોમાંચક અને યાદગાર અનુભવ.
• વિવિધ પ્રીમિયમ અને પ્રખ્યાત ઇન્ડિયન રેસ્ટોરન્ટ માં વેજ / જૈન લંચ અને ડીનર.
• વીઝા, એન્ટ્રન્સ ફી અને ટુરીઝમ દિરહામ TAX સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજ્ય સરકારને મરાઠાઓને ઓબીસીમાં લેવાનો અધિકાર જ નથી

**મુંબઈમાં** મરાઠા અનામત માટેનું આંદોલન હાલ પૂરતું સમેટાઈ જતાં મુંબઈગરાઓને ભારે રાહત થઈ છે. મરાઠાઓ માટે અનામતના આંદોલનના મશાલચી મનોજ જરાંગે આઝાદ મેદાનમાં ડેરા નાખીને બેઠેલા પણ હજારોની સંખ્યામાં ઊમટી પડેલા આંદોલનકારીઓ મુંબઈના મોટા ભાગના વિસ્તારોમાં ફેલાઈ ગયેલા તેથી મુંબઈનું જનજીવન ખોરવાઈ ગયેલું. લોકોને પડી રહેલી હાલાકીઓથી અલિપ્ત મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકાર અને આંદોલનકારીઓ રાજકીય દાવપેચમાં વ્યસ્ત હતા ને તેમને લોકોની કંઈ પડી નહોતી. મનોજ જરાંગે મરાઠા સમુદાયને કુણબી જ્ઞાતિમાં સમાવીને અન્ય પછાત વર્ગ (OBC) હેઠ હાઈ કોર્ટે લાલ આંખ ના કરી હોત તો આ ખેંચતાણ ચાલુ જ રહી હોત પણ હાઈ કોર્ટે બુધવાર સવાર સુધીમાં મનોજ જરાંગે તથા આંદોલનકારીઓને આઝાદ મેદાન ખાલી કરવાની કડક ચેતવણી આપી પછી સરકારે નમતું જોખવું પડ્યું. મનોજ જરાંગે હાઈ કોર્ટના આદેશને સ્વીકારીને આઝાદ મેદાન છોડી જાય પણ આંદોલનકારીઓ મુંબઈ ના છોડે ને તોફાને ચડે તો સરકારની ઈજ્જતનો ફાલુદો થઈ જાય એટલે સરકાર છેવટે હૈદરાબાદ ગેઝેટને આધાર બનાવીને જાહેરનામું બહાર પાડીને મરાઠા સમુદાયના લોકોને ‘કુણબી’ જાતિનો દરજ્જો આપવાનું એલાન કરી દીધું.

ભારતની આઝાદી પહેલાં હાલના મહારાષ્ટ્રના આઠ દુષ્કાળગ્રસ્ત જિલ્લા મરાઠવાડા પ્રદેશમાં આવતા અને હૈદરાબાદના નિઝામના રાજ્યનો ભાગ હતા.

૧૯૧૮માં હૈદરાબાદના તત્કાલીન નિઝામે હૈદરાબાદ ગેઝેટ બહાર પાડીને મરાઠાવાડ પ્રદેશના તમામ રેકોર્ડ, વસ્તી, જ્ઞાતિઓ અને સમુદાયો, વ્યવસાયો, ખેતી વગેરે સંબંધિત માહિતી બહાર પાડી હતી. હૈદરાબાદ ગેઝેટના રેકોર્ડ પ્રમાણે ખેતી સાથે સંકળાયેલા મરાઠાઓની મરાઠવાડામાં મોટી વસતી હતી પણ મરાઠા સમુદાય આર્થિક અને સામાજિક રીતે પછાત હતો. મરાઠા સમુદાયને કુણબી સમુદાય જેવો જ ગણવામાં આવતો હતો તેથી નિઝામની સરકારે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં મરાઠા સમુદાયને અનામત આપવાનો આદેશ આપ્યો હતો અને ઔપચારિક રીતે સત્તાવાર ગેઝેટમાં નોંધવામાં આવ્યો હતો.તેની જાહેરાત કરાઈ હતી તેથી હૈદરાબાદ ગેઝેટ તરીકે એ જાણીતું થયું. ફડણવીસ સરકારે આ ગેઝેટના આધારે મરાઠા સમુદાયને ઓબીસી ગણવાનું નક્કી કર્યું છે.

દેવેન્દ્ર ફડણવીસ પહેલાં મરાઠા સમુદાયને ઓબીસી કેટેગરીમાં સમાવવા પણ તૈયાર નહોતા. તેમની દલીલ હતી કે, મહારાષ્ટ્રમાં અત્યારે જ ઓબીસી કેટેગરીમાં ૩૫૦ કરતાં વધારે જ્ઞાતિઓ છે. હવે મરાઠા સમુદાયો ઓબીસી તરીકે સમાવેશ કરાય તો આ ૩૫૦ જ્ઞાતિઓને અન્યાય થશે એટલે મરાઠાઓને ઓબીસી હેઠળ અનમાત આપવાનો સવાલ જ પેદા થતો નથી. આ વાત કર્યાના બે દિવસમાં તો ફડણવીસ ગુલાંટ લગાવીને જીઆર બહાર પાડવાનું એલાન પણ કરી દીધું. જો કે સુપ્રીમ કોર્ટમાં આ સામાન્ય ઠરાવ (જીઆર) ટકી શકે તેમ નથી એ જોતાં તેની કિંમત ફડણવીસ સરકારે મરાઠા આંદોલનકારીઓને પકડાવેલી વધુ એક લોલિપોપથી વધારે કંઈ નથી.

ફડણવીસે આ લોલિપોપ પકડાવવી જરૂરી હતી કેમ કે ફડણવીસે ભૂતકાળમાં મરાઠા આંદોલન વખતે ડહાપણ ડહોળેલું કે, ઈચ્છાશક્તિ હોય તો રસ્તો નીકળે જ પણ ઈચ્છાશક્તિ ના હોય તો ખાલી સર્વે અને રિપોર્ટ નીકળે. રાજકીય વિરોધીઓ પર પ્રહાર કરવા ફડણવીસે મરાઠા આંદોલન અંગે બીજાં પણ નિવેદનો આપેલાં. મરાઠા આંદોલનકારીઓએ ફડણવીસનાં આ નિવેદનો સોશ્યલ મીડિયા પર વાયરલ કર્યાં તેમાં ફડણવીસ ભરાઈ ગયા. નાક બચાવવા માટે ‘ઈચ્છાશક્તિ’ બતાવ્યા વિના ફડણવીસ પાસે બીજો આરો જ નહોતો એટલે તેમણે મનોજ જરાંગેની માગણી નાકલીટી તાણીને સ્વીકારવી પડી પણ ફડણવીસ સરકારનો નિર્ણય મરાઠાઓને ફરી બેવકૂફ બનાવવાનો દાવ સાબિત થાય એવી પ્રબળ શક્યતા છે કેમ કે સુપ્રીમ કોર્ટમાં મહારાષ્ટ્ર સરકારે આપેલી અનામત ટકવાની નથી.

ફડણવીસ મુખ્યમંત્રી હતા ત્યારે તેમની સરકારે મરાઠાઓ માટે સરકારી નોકરીઓ અને શિક્ષણમાં ૧૬ ટકા અનામતની જોગવાઈ કરેલી. બોમ્બે હાઈ કોર્ટે આ અનામતને માન્ય રાખેલી પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, મરાઠાઓને અનામત આપવાથી અનામતનું પ્રમાણ ૫૦ ટકાથી વધી જશે તેથી આ અનામત ગેરકાયદેસર છે. મહારાષ્ટ્ર સરકારે તેની સામે કરેલી ક્યુરેટિવ પિટિશનનો નિકાલ હજુ થયો નથી એ જોતાં એ ૫૦ ટકાની મર્યાદાનો મુદ્દો તો ઊભો જ છે ત્યાં ફડણવીસની સરકારે મરાઠાઓને સીધા ઓબીસીમાં ગણી લેવાનું એલાન કરીને નવો ડખો ઊભો કરી દીધો છે.

ફડણવીસ સરકારની લોલિપોપને સુપ્રીમ કોર્ટ બંધારણીય. જોગવાઈને આધારે કચરાટોપલીમાં નાખી શકે છે કેમ કે મરાઠા સમુદાયનો ઓબીસીમાં સમાવેશ કરવા માટે જરૂરી પ્રક્રિયાને અનુસરવામાં નથી આવી. ભારતમાં રાજ્યોને ઓબીસીની યાદીમાં ફેરફારનો કે કોઈના સમાવેશનો અધિકાર જ નથી ત્યારે ફડણવીસે બંધારણની ઉપરવટ જઈને મરાઠાઓને ઓબીસી ગણીને અનામત આપવાનું નક્કી કરી નાખ્યું છે.

ભારતમાં ભારતના રાષ્ટ્રપતિ પાસે દરેક રાજ્યના સંબંધમાં અન્ય પછાત વર્ગો (OBC) ની કેન્દ્રીય યાદી નક્કી કરવાનો અને આ યાદી અંગે નોટિફિકેશન બહાર પાડવાનો અધિકાર છે. રાષ્ટ્રપતિ પણ પોતાની રીતે કોને ઓબીસીમાં લેવા ને કોને ના લેવા એ નક્કી ના કરી શકે પણ કેન્દ્ર સરકારની સલાહને આધારે રાજ્યના રાજ્યપાલ સાથે ચર્ચાવિચારણા પછી બંધારણની કલમ ૩૪૨-અ હેઠળ આ યાદી બહાર પાડે છે. કેન્દ્ર સરકાર અને રાજ્યપાલે નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસના સર્વેના આધારે ભલામણ કરવાની હોય છે. એનસીબીસી કોઈ પણ જ્ઞાતિ કે સમુદાયની આર્થિક અને સામાજિક બાબતોનું મૂલ્યાંકન કરવા માટે સર્વે કરે છે અને તેના આધારે ભલામણ કરે છે પણ મરાઠા સમુદાયના સંદર્ભમાં આવો કોઈ સર્વે થયો નથી.

મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયને અનામત આપવા માટે એકનાથ શિંદેની મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ પસાર કરેલા સોશ્યલી એન્ડ એજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસ (SEBC) એક્ટને આધાર બનાવ્યો છે. નિવૃત્ત જજ સુનિલ સુકરેના નેતૃત્વ હેઠળના મહારાષ્ટ્ર સ્ટેટ બેકવર્ક ક્લાસ કમિશન (MSBCC)ની ભલામણોના આધારે આ કાયદો બન્યો છે. જસ્ટિસ સુકરેએ ભલામણ કરેલી કે, અસાધારણ પરિસ્થિતિઓ અને અલગ જ સંજોગોને ધ્યાનમાં રાખીને ૫૦ ટકા અનામતની મર્યાદાનો ભંગ કરીને પણ મરાઠા સમુદાયને અનામતનો લાભ આપવો જોઈએ. આ સોશ્યલી એન્ડ એજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસ (SEBC) એક્ટને બોમ્બે હાઈકોર્ટમાં પડકારાયો છે અને તેનો નિવેડો આવ્યો નથી ત્યાં તેના આધારે અનામતનો અમલ શરૂ પણ કરી દેવાયો છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો સોશ્યલી એન્ડ એજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસ (SEBC) એક્ટને રદબાતલ ઠેરવે તો તેના આધારે નોકરી મેળવનારા બધા નોકરી ગુમાવશે એ ખતરો ઊભો છે ત્યાં ફડણવીસે કોઈ પણ આધાર વિના ઓબીસી લિસ્ટમાં મરાઠાઓને લઈ લેતાં ડખો થશે જ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૪-૯-૨૦૨૫, વામન જયંતી

- ભારતીય દિનાંક ૧૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૩-૪૩ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૬-૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૫ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૨-૫૧.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭.
- ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - દ્વાદશી. વામન જયંતી.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ સહસ્ર નામાવલિ પૂજા, દશા અવતાર વામન જયંતી પૂજા, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, વાહન, ચંત્રારંભ, નવીન ચીજવસ્તુની ખરીદી, નવા અભ્યાસનો પ્રારંભ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, પ્રાણી પાળવા, નવી તિજોરીની સ્થાપના, ગુરુજન, તીર્થસ્થળ, દેવદર્શન.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ પ્રવાસનો શોખ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સાહસિક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક સાચા મુસલમાનની વ્યાખ્યા

**મુસલમાન** ‘મોમીન’ ક્યારે કહેવાય છે? બેશક! જેણે આ કલમો પઢ્યોઃ ‘લાઈલાહ ઈલ્લલાહ મુહમ્મદુર્ર રસૂલલ્લાહ’ અલ્લાહ એક છે અને તેના રસૂલ (અલ્લાહના દૂત) પયગંબર (સંદેશવાહક) હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (અલ્લાહ આપને તથા આપના કુટુંબીજનો-વંશજો પર પોતાની શુભેચ્છા-આશીર્વાદ મોકલે અને શાંતિ અર્પે) જેના પર એટલે કે આ કલમા પર ઈમાન લાવનાર એક મોમીન સાચા અર્થમાં ચુસ્ત-ઈમાનદાર મુસલમાન કહેવાય છે.

સૃષ્ટિના મહાન સર્જનહાર એક માત્ર અલ્લાહ પર ભરોસો રાખનાર બંદો મુસીબતના સમયે બેબાકળો બની જાય અને અહીંતહીં ફાંફાં મારે તેને અલ્લાહ પસંદ કરતો નથી. કટોકટીના સમયે સબ્ર ધારણ કરે અને તેની પાસે આજીજીથી દુઆ માગતો રહે તો તે રહેમાન (દયા કરનાર), રહીમ (દયા કરનાર), કરીમ (દયાળુ, ઉદાર) છે, વહેલામોડે જરૂર સાંભળે છે.

વ્હાલા વાચક મિત્રો! અલ્લાહ તઆલા મોમીનની દુઆઓને માન્ય રાખે તે માટે આ લખનારના અભ્યાસ મુજબ કેટલીક શરતોનું પાલન કરવું આવશ્યક બની રહેવા પામે છેઃ

પ્રથમ તો જીભને દિલનો સહયોગ તથા સમર્થન દુઆને વધુ અસરકારક બનાવતી હોઈને અલ્લાહ તઆલાની ઓળખ અને તેના પ્રત્યેની અડગ આસ્થા, શ્રદ્ધા એ દુઆનું મુખ્ય પાસુ છે. માગણીઓ કે સુખદ ભાવિની ઈચ્છાઓ પછી તે નાની હોય કે મોટી, તેને પૂરી કરનાર એક માત્ર રબતઆલા જ છે અને જો એ માગણી પૂર્ણ થતી નથી અથવા અંશત પૂરી થાય છે, તો એમાં અલ્લાહ તઆલાનો કોઈ ભેદ, કોઈ સંકેત, ઈબ્રત (બોધ) સંતાયેલો હોય છે. પણ માણસ અધૂરિયો છે, તેને જરાય થોભવું નથી, રાહ જોવી નથી. તેની માગણી જો સત્વરે પૂર્ણ થતી નથી તો તે અલ્લાહ સામે ફરિયાદ કરવા લાગી જાય છે, પણ એ એટલું સમજતો નથી કે આ શિકવા-શિકાયત કરવી યોગ્ય નથી સહી સમયે જ દુઆ કબૂલ થવામાં માગણી કરનારની જ ભલાઈ છે, અને એટલે જ અફર આસ્થા-શ્રદ્ધા એ દુઆની રૂહ (આત્મા) છે. વીતેલા જીવનમાં આચરાયેલાં ગુનાહિત કૃત્યો તે થયેલી ભૂલો બદલ પશ્ચાત્તાપની લાગણી અને ફરીથી એવું ન કરવાની પ્રતિજ્ઞા સાથે એનું પાલન કરવાનું સમજભાન તેમજ અલ્લાહની અનેકવિધ બક્ષીઓના ભોગવટા બદલ આભાર પ્રદર્શિત કરવાની નૈતિક ફરજ એ દુઆની આધારશિલાઓ છે. નિર્મળતા, નમ્રતા અને એકાગ્રતા દુઆને ધારદાર અને અસરકારક બનાવે છે. દુઆનો આરંભ અલ્લાહની મહાનતાને લક્ષે લઈ તેની પ્રશંસા સાથે કરવામાં આવે તો જાણે સોનામાં સુગંધ ભળી. વળી, એમ કરવામાં પયગંબરીનું અનુસરણ સમાયેલું છે અને અદબ તથા શિષ્ટાચાર પણ મોમિનને એજ સૂચવે છે.

દુઆમાં ઔપચારિકતાનું તત્ત્વ હોવું જોઈએ નહીં. કારણ કે અખૂટ શ્રદ્ધા, નમ્રતા અને આંખોની ભીનાશ સાથે ગદ્‌ગદ્ કંઠે ઉચ્ચારાયેલી દુઆ જ અલ્લાહના અસીમ કૃપાસાગરને સાથે મજબૂત સંપર્ક-સેતુ રચી તે દ્વારા દુઆ કરવાની સદ્‌બુદ્ધિ ધરાવનારને જે રીતે છીપ મોતીને સાચવે છે એ રીતે દયાળુ અલ્લાહની કૃપાઓ સુરક્ષિત રાખે છે. પાક પરવરદિગાર મોમીનબંદાની દુઆઓને મંજૂર રાખે એ માટે કેટલીક શરતોનું પાલન કરવું જરૂરી છેઃ દુઆ કબૂલ થાય એ માટે એટલું યકીન રાખે કે અલ્લાહ તેને જોઈ રહ્યો છે. રબ અંતરયામી છે. તેને સર્વવિદિત હોય છે.

બાહ્ય અને આંતરિક વર્તનમાં વિરોધાભાસ હોય, કમાણીમાં હરામનું તત્ત્વ ભળી ગયું હોય, કપડાં સ્વચ્છ હોય પણ હરામની કમાણીમાંથી બનાવેલા હોય, દુઆ કે બંદગી માટેની જગ્યા પચાવી પાડેલી હોય અને સમય પણ બીજા કોઈનો હોય તેવા સંજોગોમાં દુઆ કબૂલ થવાની આશા ઠગારી નીવડશે. એજ પ્રમાણે દુઆ માગનારે અલ્લાહ સમીપ અંતરની નિર્મળતા, શરીરની પવિત્રતા, નમ્રતા, એકાગ્રતા સાથે ધ્યાનમગ્ન થવું જોઈએ અને પોતાના તકલાદી જીવનની મર્યાદા સાથે અલ્લાહની વિશાળતાનો ખ્યાલ કરીને એની ઓળખનું સંપાદન કરી, વધુથી વધુ પ્રમાણમાં પ્રશંસા કરવી જોઈએ અને ત્યારબાદ પોતાની જાઈઝ અર્થાત હક, સત્યના માર્ગે ઈચ્છાને રજૂ કરવી જોઈએ.

પવિત્ર કુરાનમાં દુઆ વિશે જગતકર્તા કહે છે કે,

* તમે મારી પાસે માગો હું જરૂર તે કબૂલ કરીશ. (માશાલ્લાહઃ ઈશ્વર, અલ્લાહ મહાન છે)

****

**સાપ્તાહિક સંદેશઃ**

* ભૂખ્યું પેટ લૂખી રોટલીથી ભરાઈ શકે પણ ભૂખ નજર આખી દુનિયાના દૌલતથી પણ ધરાતી નથી. ■

## પહેલા પાનાનું ચાલુ

### નર્મદા ડેમ

છે. ડેમની પૂર્ણ જળાશય સપાટી ૧૩૮.૬૮ મીટર છે. પાણીનું સ્તર નિયંત્રિત કરવા માટે, ડેમના ૩૦ ગેટ પૈકી ૧૦ ગેટ ખોલીને ૯૫,૧૧૧ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જ્યારે નર્મદા કેનાલમાં ૨૩,૦૨૧ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આગામી ૨૪ કલાકમાં જળાશયમાં પાણીનું સ્તર વધશે તેવી અપેક્ષા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ, રાજ્યમાં સિઝનનો સરેરાશ ૯૧.૧૮ ટકા વરસાદ નોંધાયો છે. કચ્છમાં ૮૫.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૫.૩૫ ટકા, પૂર્વ મધ્યમાં ૯૦.૮૪ ટકા, સૌરાષ્ટ્રમાં ૮૪.૫૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૯૫.૪૧ ટકા વરસાદ નોંધાયો છે.

રાજ્યના ૨૦૬ જળાશયોમાં તેમની કુલ સંગ્રહ ક્ષમતાનો ૮૧.૯૨ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૮૨ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૧૧૨ ડેમ હાઇ એલર્ટ છે. ૬૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૨૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૧૭ ડેમ ૨૫ થી ૫૦ ટકા, ૧૫ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. જ્યારે ૨૮ ડેમ એલર્ટ અને ૧૦ ડેમ વોર્નિંગ પર છે.

રાજ્યમાં માછીમારોને ૭ સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી હતી. વરસાદના કારણે રાજ્યમાં હજુ પણ ૯૨ રોડ રસ્તા બંધ છે. રાજ્યમાં સવારે ૬ થી સાંજના ૬ કલાક દરમિયાન ૨૫ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. કડાણામાં સૌથી વધુ ૧.૮૯ ઇંચ વરસાદ વરસ્યો હતો. ૨૪ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો. ■

# ગુજરાતના અનેક ઍરપોર્ટ, બંદરે ઈમિગ્રેશન સુવિધા અપાશે

**અમદાવાદ, સુરત ઍરપોર્ટ, જામનગર, ભાવનગર, કચ્છના બંદરે વિદેશી મુસાફરો માટે ખાસ સગવડ**

નવી દિલ્હીઃ અમદાવાદ, સુરતના વિમાનમથક અને અલંગ, બેડી બંદર, ભાવનગર માંડવી, કંડલા, મુંદરા બંદરને આંતરરાષ્ટ્રીય મુસાફરોના આગમન-પ્રસ્થાન (એન્ટ્રી અને ઍક્ઝિટ) તરીકે પસંદ કરાયા છે.

મહારાષ્ટ્રના મુંબઈ ઍરપોર્ટ અને ન્હાવા શેવા બંદરને પણ દેશના ૩૭ ઍરપોર્ટ, ૩૪ બંદર અને ૩૭ ઈન્ટરનેશનલ લેન્ડ ક્રોસિંગ પોઈન્ટમાં સમાવાયા છે.

ગૃહ ખાતાએ પણ ભારત-પાક તેમ જ ભારત-બાંગ્લાદેશ સરહદી વિસ્તારમાં આવેલાં છ રેલવે સ્ટેશનને આંતરરાષ્ટ્રીય મુસાફરોના આગમન-પ્રસ્થાન (એન્ટ્રી અને ઍક્ઝિટ) તરીકે પસંદ કર્યાં છે.

ઈમિગ્રેસન ઍન્ડ ફૉરેનર્સ ઑર્ડર ૨૦૨૫ પહેલી સપ્ટેમ્બરે નોટિફાય કરવામાં આવ્યા બાદ ગેઝેટ નોટિફિકેશન મારફતે ગૃહ ખાતાએ આ જાહેરાત કરી હતી.

આંતરરાષ્ટ્રીય મુસાફરોના આગમન-પ્રસ્થાન (એન્ટ્રી અને ઍક્ઝિટ) તરીકે પસંદ કરાયેલા મુખ્ય ઍરપોર્ટમાં મુંબઈ, સુરત, અમદાવાદ, લખનઊ, બગડોગરા, બેંગલૂરુ, ભુવનેશ્વર, રાજા ભોજ, ભોપાલ, કાલિકટ, ચંડીગઢ, ચેન નઈ, કોચિન, કોઈમ્બતુર, દાબોલિન (ગોવા), દિલ્હી, ગયા (બિહાર) સહિતના મુખ્ય ઍરપોર્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પસંદ કરવામાં આવેલા શિપોર્ટમાં અલંગ (ગુજરાત), બેડી બંદર (જામનગર-ગુજરાત), કંડલા (ગુજરાત), માંડવી (ગુજરાત), મુંદરા (ગુજરાત) ન્હાવા શેવા (મહારાષ્ટ્ર), કાલિકટ (કેરળ), કોકિનાડા (આંધ્ર પ્રદેશ) વગેરેનો સમાવેશ થાય છે.

લૅન્ડ પોર્ટમાં અટારી રોડ, દેરા બાબા નાનક (બંને પંજાબ), બાનબાસા (ઉત્તરાખંડ), ચાંગરાબંધ, ઘોજાડાન્ગા, બરિદાસપુર, હિલી, ફૂલવાડી, રાધિકાપુર, રાણીગંજ ગેડે (બધા પ. બંગાળ) વગેરેનો સમાવેશ થાય છે. પસંદ કરાયેલા રેલ પોર્ટમાં મુનાબાઓ (રાજસ્થાન), અટારી (પંજાબ), જલ્પાઈગુડી રેલવે સ્ટેશન વગેરેનો સમાવેશ થાય છે. (એજન્સી)■

# ભારતમાં અમુક હિંદુ પાકિસ્તાનીઓ પાસપોર્ટ વિના રહી શકશે

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયોના સભ્યો - હિન્દુઓ, શીખો, બૌદ્ધો, જૈનો, પારસીઓ અને ખ્રિસ્તીઓ - જેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ધાર્મિક ઉત્પીડનથી બચવા માટે ભારત આવ્યા હતા, તેમને પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજો વિના દેશમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે. ગયા વર્ષે અમલમાં આવેલા નાગરિકતા (સુધારા) કાયદા (સીએએ) મુજબ, ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પહેલાં ભારત આવેલા અત્યાચારનો ભોગ બનેલા લઘુમતીઓના સભ્યોને ભારતીય નાગરિકત્વ આપવામાં આવશે. તાજેતરમાં અમલમાં મુકાયેલા ઇમિગ્રેશન અને વિદેશી અધિનિયમ, ૨૦૨૫ હેઠળ જારી કરાયેલ આ મહત્ત્વપૂર્ણ આદેશ, મોટી સંખ્યામાં લોકો, ખાસ કરીને પાકિસ્તાનથી આવેલા હિન્દુઓ માટે રાહતરૂપ બનશે, જેઓ ૨૦૧૪ પછી ભારત આવ્યા હતા અને તેમના ભાવિ વિશે ચિંતિત હતા. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, ‘‘અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયના વ્યક્તિ - હિન્દુઓ, શીખો, બૌદ્ધો, જૈનો, પારસીઓ અને ખ્રિસ્તીઓ - જેમને ધાર્મિક અત્યાચાર અથવા ધાર્મિક અત્યાચારના ડરને કારણે ભારતમાં આશ્રય લેવાની ફરજ પડી હતી અને જેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજો સહિતના માન્ય દસ્તાવેજો વિના દેશમાં પ્રવેશ્યા હતા અથવા પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજો સહિતના માન્ય દસ્તાવેજો સાથે અને આવા દસ્તાવેજોની માન્યતા સમાપ્ત થઈ ગઈ હોય તેમને માન્ય પાસપોર્ટ અને વિઝા રાખવાના નિયમમાંથી મુક્તિ આપવામાં આવશે. ■

# ભારત અમેરિકાને ટૅરિફના બોજથી મારી નાખે છેઃ ટ્રમ્પ

ન્યૂ યોર્ક અને વૉશિંગ્ટન : ભારત અમેરિકાને ટૅરિફ વડે મારી નાખે છે અને ભારતે હવે અમેરિકને કોઈ ટૅરિફ નહીંની ઓફર આપી છે, એમ અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું. ટ્રમ્પના વહીવટીતંત્રની વેપાર અને ટૅરિફની નીતિ અંગે ભારત અને વૉશિંગ્ટન વચ્ચે તંગદિલી વધતી જાય છે ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે ભારતે આપણી વિરુદ્ધ ભારે ટૅરિફ લગાડ્યા છે. ભારતે ટૅરિફ વડે આપણને મારી નાખ્યા છે.

મંગળવારે સ્કોટ જેનિન્ગ્સ રેડિયો શોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે હું બીજા દેશો કરતાં ટૅરિફને સારી રીતે સમજું છું. હું વિશ્વની કોઈ પણ વ્યક્તિ કરતાં ટૅરિફને બહેતર સમજું છું. મારે લીધે બધા ટૅરિફ ઘટાડી રહ્યા છે. ભારતે જંગી ટૅરિફ નાખ્યા છે. ભારતે હવે શૂન્ય ટૅરિફની ઓફર આપી છે. જો મેં ટૅરિફનીતિ ન બનાવી હોત તો ભારતે કોઈ ઓફર આપી નહોત. આપણે આર્થિક રીતે સધ્ધર બનશું. ફેડરલ અપીલ કોર્ટે ચુકાદો આપ્યો છે કે ટ્રમ્પે દેશો પર લાદેલા મોટા ભાગના ટૅરિફ ગેરકાયદે છે. ટ્રમ્પે કહ્યું હતું કે કોર્ટ કેસને બીજા દેશો સ્પોન્સર કરી રહ્યા છે, કારણ કે તેઓ આપણો લાભ ઉઠાવી રહ્યા છે. ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટૅરિફ લગાડ્યા છે. ભારતે ટૅરિફને અયોગ્ય અને ગેરવાજબી ગણાવ્યા છે. (એજન્સી)■

# નકસલવાદને નાબૂદ કરીને જ જંપીશુંઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કહ્યું હતું કે મોદી સરકાર જ્યાં સુધી બધા નક્સલીઓ આત્મસમર્પણ ન કરે, પકડાઈ ન જાય અથવા ખતમ ન થઈ જાય ત્યાં સુધી શાંતિથી બેસશે નહીં. છત્તીસગઢના કરેગુટ્ટા પહાડીઓ પર ‘ઓપરેશન બ્લેક ફોરેસ્ટ’ સફળતાપૂર્વક પાર પાડનારા સીઆરપીએફ, છત્તીસગઢ પોલીસ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) અને ‘કોબ્રા’ ફોર્સના જવાનોને અભિનંદન આપતા શાહે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ભારતને નક્સલમુક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે મોદી સરકાર જ્યાં સુધી બધા નક્સલીઓ આત્મસમર્પણ ના કરે, પકડાઈ ના થાય અથવા માર્યા ન થાય ત્યાં સુધી આરામ કરશે નહીં. શાહે કહ્યું હતું કે ‘ઓપરેશન બ્લેક ફોરેસ્ટ’ દરમિયાન સૈનિકોએ બતાવેલી બહાદુરીને નક્સલ વિરોધી કામગીરીના ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ તરીકે યાદ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ગરમી, ઊંચાઈ અને દરેક પગલે આઈઈડીનો ભય હોવા છતાં સુરક્ષા દળોએ ઉચ્ચ મનોબળ સાથે ઓપરેશન હાથ ધર્યું અને એક મોટા નક્સલ બેઝ કેમ્પને સફળતાપૂર્વક નષ્ટ કર્યો હતો. ■

# રશિયાનો યુક્રેન પર મોટો હુમલો

## ૫૦૦થી વધુ ડ્રોન, ૨૪ મિસાઈલ છોડ્યાં

કિવઃ રશિયાએ યુક્રેન પર ૫૦૦ ડ્રોન અને ૨૪ મિસાઈલથી હુમલો કર્યો હોવાનું સત્તાધિકારીઓએ બુધવારે કહ્યું હતું.

રશિયા-યુક્રેન યુદ્ધ અટકાવવાના અમેરિકાના નિષ્ફળ પ્રયાસો તેમ જ યુક્રેનના સંરક્ષણ દળને વધુ મજબૂત બનાવવાના લક્ષ્ય સાથે યુરોપિયન યુનિયનના નેતાઓ વચ્ચે ચાલી રહેલી મંત્રણા વચ્ચે રશિયા દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. રશિયાએ નાગરિકી માલખા-ખાસ કરીને ઊર્જા મથકોને નિશાન બનાવીને હુમલો કર્યો હોવાનું યુક્રેનના પ્રમુખ વૉલૉદીમેર ઝૅલૅન્સ્કીએ કહ્યું હતું. રશિયાએ વેસ્ટર્ન અને સેન્ટ્રલ યુક્રેનને નિશાન બનાવીને કરેલા હુમલામાં ઓછામાં ઓછા પાંચ જણ ઘાયલ થયા હોવાનું યુક્રેનના હવાઈ દળે જણાવ્યું હતું.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં ૧૦૦૦ કિ.મી. લાબા સરહદી વિસ્તારમાં રશિયા દ્વારા કરવામાં આવી રહેલા હુમલાઓ બંધ થયા નથી.

ઝૅલૅન્સ્કીએ ટ્રમ્પના યુદ્ધવિરામ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે સામસામે બેસીને ચર્ચાવિચારણા કરવાના પ્રસ્તાવને સ્વીકારી લીધો હતો, પરંતુ રશિયાએ આ પ્રસ્તાવ સામે વાંધો ઉઠાવ્યો હતો.

રાજકીય ઊથલપાથલ વચ્ચે તાજેતરમાં જ પુતિન ચીનના પ્રવાસ દરમિયાન પ્રમુખ શી જિનપિંગ, ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જૉન્ગ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

ઝૅલૅન્સ્કીએ રશિયા પર વધુ આકરા પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી અને કહ્યું હતું કે જ્યાં સુધી આકરાં પ્રતિબંધ મૂકવામાં નહીં આવે ત્યાં સુધી રશિયાના હુમલા ઓછા નહીં થાય. (એજન્સી)■

# ૧૫મી ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના સત્ર દરમિયાન કુલ પાંચ વિધેયક રજૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આગામી તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે. આ ત્રણ દિવસની સંભવિત કામગીરી સંદર્ભે પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે,તા. ૮મી સપ્ટેમ્બરના રોજ સત્રની શરૂઆત પ્રશ્નોત્તરીથી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે. ત્યારબાદ ગૃહ મુલતવી રાખવામાં આવશે.

તારીખ ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોત્તરી અને અન્ય કામકાજ ઉપરાંત ૫(પાંચ) વિધેયક રજૂ કરાશે. ઓપરેશન સિંદૂરની સફળતાના પગલે આ સત્ર દરમિયાન મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.

વધુ વિગતોમાં તેમણે જણાવ્યું હતું કે, સત્ર દરમિયાન કુલ પાંચ વિધેયક રજૂ કરાશે. જેમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું 'કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫', નાણા વિભાગનું 'ગુજરાત માલ અને સેવા કર (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૨૫', ઉદ્યોગ અને ખાણ વિભાગનું 'ગુજરાત જનવિશ્વાસ (જોગવાઇઓના સુધારા) વિધેયક', ૨૦૨૫ તેમ જ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું 'ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫' અને 'ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરવામાં આવશે.

વિધેયકની વિગતો આપતા તેમણે જણાવ્યું હતુ કે, રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તેમ જ રોજગારની વધુ તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશ્યક લાભો-સુરક્ષાના પગલાંઓ સબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલાં લેવા જરૂરી હોઇ વટહુકમ લાવવામાં આવ્યો હતો. જેના સંદર્ભે વટહુકમને કાયદામાં રૂપાંતરીત કરવા 'કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરવામાં આવશે.

વધુમાં, પ્રવક્તા પ્રધાને કહ્યું હતું કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની ભલામણોને શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, ૨૦૧૭ (સીજીએસટી એક્ટ) અને ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, ૨૦૧૭ (જીજીએસટી એક્ટ)ની જોગવાઈઓની એકરૂપતા જાળવવા માટે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ ૨૦૧૭માં સુધારો કરવો જરૂરી હોઇ વટહુકમ કરવામાં આવ્યો છે. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા આ વિધેયક લાવવામાં આવશે.

આ ઉપરાંત ઉદ્યોગોમાં વ્યવસાય પ્રક્રિયાના પુનઃનિર્માણને પ્રોત્સાહન મળે અને લોકોના જીવનની સરળતામાં સુધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર કાનૂની નિયમનોને સરળ બનાવવા, ડિજિટાઇઝેશન અને તર્કસંગત બનાવવા જેવા શ્રેણીબદ્ધ પગલાં લેવા માટે તત્પર છે. જે અંતર્ગત સરકાર સરકાર જીવન અને વ્યવસાયોને સરળ બનાવવા અને કોર્ટ પરનો કેસોનું ભારણ ઘટાડવા માટે 'ગુજરાત જનવિશ્વાસ (જોગવાઇઓના સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની સૂચના મુજબ રાજ્યમાં આયુર્વેદિક અને યુનાની પ્રેક્ટિશનરોની પ્રેક્ટિસ-નોંધણીની નિયમનકારી સંસ્થાને સ્ટેટ મેડિકલ કાઉન્સિલ ફોર આયુર્વેદિક અને યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિન તરીકે ઓળખવામાં આવશે. જેથી ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩માં ''બોર્ડ'' શબ્દને બદલે ''કાઉન્સિલ'' શબ્દનો ઉપયોગ કરીને યોગ્ય સુધારા લાવવા જરૂરી છે. જેના ભાગરૂપે 'ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫' લાવવામાં આવશે.

તદુપરાંત રાજ્ય સરકારે રાજ્યમાં ક્લિનિકલ સંસ્થાઓની નોંધણી અને નિયમન માટે ગુજરાત ક્લિનિકલ સ્થાપના (નોંધણી અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ લાગુ કર્યો છે. રાજ્યભરમાં આ કાયદાનો અસરકારક અમલ થાય તે માટે કાયદા દ્વારા ફરજિયાત નોંધણી માટે ક્લિનિકલ સંસ્થાઓને વધુ વ્યાજબી સમય પૂરો પાડવો જરૂરી માનવામાં આવે છે. જે અંતર્ગત 'ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરવામાં આવશે. ■

# ગુજરાતની નગરપાલિકાઓની સત્તામાં સીધો ૫૦ ટકાનો વધારો, રૂ. ૭૦ લાખ સુધીના કામોની મંજૂરી આપી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષની સંકલ્પના સાકાર કરીને શહેરો-નગરોમાં સ્થાનિક સત્તા તંત્રો દ્વારા હાથ ધરવામાં આવતા નાગરિકલક્ષી વિકાસ કામોને વધુ વેગવાન બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. રાજ્યની નગરપાલિકાઓને શહેરી વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારના આયોજન પ્રભાગ હસ્તકની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો મુખ્ય પ્રધાને નિર્ણય કર્યો હતો.

**નાણાકીય સત્તા મર્યાદામાં વધારો કરાયો**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળમાં ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો. શહેરી વિકાસની બે દાયકાની આ સફળતાને પગલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તીકરણથી સ્માર્ટ એન્ડ સસ્ટેનેબલ સીટીઝ નિર્માણનું લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્યને સાકાર કરવા શહેરોમાં વિકાસ કામોમાં વધુ વેગ લાવીને શહેરી જન સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે નાણાકીય સત્તા મર્યાદામાં કરવામાં આવેલો આ વધારો પરિણામકારી બનશે.

**૧૦થી ૨૦ લાખ રૂપિયા સુધીનો વધારો કરાયો**

મુખ્ય પ્રધાને આ હેતુસર 'અ' વર્ગની નગરપાલિકાઓના વિકાસ કામો માટે નગરપાલિકા કક્ષા સમિતિ દ્વારા તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની હાલની નાણાકીય મર્યાદા રૂ. ૫૦ લાખ છે તેમાં રૂ. ૨૦ લાખ વધારીને હવે રૂ. ૭૦ લાખ કરી છે. એટલું જ નહિ, 'બ' વર્ગની નગરપાલિકાઓ માટે રૂ. ૪૦ લાખથી વધારીને રૂ. ૫૦ લાખ, 'ક' વર્ગ માટે ૩૦ લાખથી વધારીને રૂ. ૪૦ લાખ, 'ડ' વર્ગ માટે રૂ. ૨૦ લાખથી વધારીને રૂ. ૩૦ લાખ રૂપિયા સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપવાની સત્તા સોંપવામાં આવી છે.

**ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે**

મુખ્યમંત્રીએ વહીવટી સરળીકરણની દિશામાં એક ઉદાહરણરૂપ પગલું લઈને એવું સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે કે, નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રિક તેમજ વહીવટી મંજૂરી મળ્યેથી પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર આર.સી.એમ. ઓફિસ દ્વારા સંબંધિત નગરપાલિકાને દરખાસ્ત મળ્યાના પાંચ દિવસમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. એટલું જ નહિ, આવી ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે. આના પરિણામે નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ કામો શરૂ કરવામાં વિલંબનું નિવારણ અને ગ્રાન્ટનો મહત્તમ સદુપયોગ થશે. મુખ્ય પ્રધાન સમક્ષ શહેરી વિસ્તારોના ધારાસભ્ય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓ-અગ્રણીઓએ આ માટે કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે નાણાકીય સત્તા મર્યાદામાં વધારો કર્યો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરિણામે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથોસાથ 'અર્નીંગ વેલ - લીવીંગ વેલ'નો અભિગમ પણ ચરિતાર્થ થશે અને શહેરી વિસ્તારોમાં જન સુખાકારી કામો સહિતના વિવિધ વિકાસ કામો ગુણવત્તા સાથે સમયબદ્ધ પૂર્ણ થશે. ■

# દેશના સૌથી સુરક્ષિત શહેર અમદાવાદમાં એક જ મહિનામાં સાત હત્યા

## કાયદો-વ્યવસ્થા પર થઈ રહેલા સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરને ૪ ઓગસ્ટ ૨૦૨૫ના ન્યૂમબિયો સેફ્ટી ઇન્ડેક્સ રિપોર્ટમાં ભારતનું સૌથી સુરક્ષિત શહેર જાહેર કરાયું હતું. આ જાહેરાત પાછળ મુખ્ય ચાર પરિબળ દર્શાવ્યાં હતાં, જેમાં લોકોની સુરક્ષા માટે ૨૫ હજાર સીસીટીવી લગાવાયા છે. પોલીસની પીસીઆરનો રિસ્પોન્સ સમય સરેરાશ ૫ મિનિટ છે. મહિલા-બાળકો અને વૃદ્ધો માટે ૫૦ ટીમની કામગીરી તેમ જ ગંભીર ગુનાનો ડિટેકશન દર ૯૫થી ૧૦૦ ટકા અને ગંભીર ગુનાઓના પ્રમાણમાં ઘટાડો કારણભૂત છે.

જો કે આ બધા સરકારી દાવાઓ વચ્ચે હકીકત કાંઈક અલગ જ છે. અમદાવાદ શહેરની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તો તદ્દન વિપરીત જ જોવા મળી રહી છે. છેલ્લા એક મહિનામાં અમદાવાદમાં હત્યાની સાત ઘટના બની છે, જ્યારે જાહેરમાં હથિયારથી હુમલા સાથે મારામારી અને અસામાજિક તત્ત્વોના આતંકના ત્રણ કિસ્સા પણ બહાર આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરીજનોને હચમચાવી દે એવી જાહેરમાં હથિયારો સાથે મારામારી કરી હત્યા નિપજાવવાની ઘટના દિન-પ્રતિદિન વધી રહી છે, ત્યારે શહેર પોલીસ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં નિષ્ફળ ગઈ છે. અસામાજિક તત્ત્વો કે લુખ્ખા તત્ત્વોને જાણે પોલીસનો કોઈ ડર ન હોય એમ છરી, ચપ્પુ, લાકડી અને દંડા જેવાં હથિયારો લઈને ફરી રહ્યા છે.

અમદાવાદ પોલીસ કમિશનરના જાહેરનામાનો પણ સરેઆમ ભંગ થતો જોવા મળી રહ્યો છે. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ, ઘાતક હથિયારો, જેવાં કે રિવોલ્વર, છરી, ચપ્પુ, ધારિયાં, લાકડી અને દંડા સહિતનાં અલગ અલગ તીક્ષ્ણ હથિયારો રાખવા પર પ્રતિબંધ છે. જોકે પોલીસ કમિશનરના જાહેરનામાનો પણ ચુસ્ત અમલ જોવા મળતો નથી. શહેરના પૂર્વ અને પશ્ચિમના કેટલાક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અનેક અસામાજિક તત્ત્વોનો ત્રાસ અને ઘાતક હથિયારો હોવા અંગેની જાણ છતાં પણ પોલીસ કાર્યવાહી કરતી નથી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હથિયારો રાખનારા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે અને વ્હોટ્સએપ નંબર જાહેર કરી જે લોકો હથિયારો રાખતા હોય તેની માહિતી આપવામાં આવે એવી જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ શહેર પોલીસ હથિયારો રાખનારા અને જાહેરમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિના ધજાગરા ઉડાવનારાં તત્ત્વો સામે સરકાર પાંગળી પુરવાર થઈ રહી છે. ■

# ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ માટે આઇડી કાર્ડ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીના બોટની વિભાગમાં ૧ સપ્ટેમ્બરના રોજ પૂર્વ કોન્ટ્રાક્ટ કર્મચારીએ કથિત રીતે ઓફિસમાં તોડફોડ કરી હતી અને બહાર પાર્ક કરેલાં વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું હતું. સમગ્ર ઘટના બાદ યુનિવર્સિટીએ પરિપત્ર જાહેર કરીને આઈકાર્ડ વિના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જ્યારે યુનિવર્સિટીના ગેટ બહાર આઈડી કાર્ડ ચેક કર્યા બાદ જ એન્ટ્રી આપવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય દરવાજા આગળ સિક્યુરિટી મેન બેસાડવામાં આવ્યા છે અને યુનિવર્સિટી કેમ્પસમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ આઈડી કાર્ડ ચેક કરવામાં આવ્યા હતા. ■

# ગુજરાત હાઇ કોર્ટે આસારામના હંગામી જામીન ના વધાર્યાઃ ૨૨મીએ રેગ્યુલર જામીન પર સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને જોધપુરમાં દુષ્કર્મ કેસના દોષિત અને આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામના હંગામી જામીન પર ૩ સપ્ટેમ્બરે હાઇ કોર્ટમાં સુનાવણી થઈ હતી. ગુજરાત હાઈ કોર્ટે કહ્યું હતું કે, જોધપુર હાઇ કોર્ટે મેરિટ ઉપર આસારામના હંગામી જામીન લંબાવ્યા નથી. જો તમે જોધપુર હાઇ કોર્ટના આદેશને સુપ્રીમમાં પડકાર્યો હોય તો તેના ચુકાદાની રાહ જુઓ. ગુજરાત હાઈ કોર્ટ એક સરખા મેડિકલ પેપર્સ ઉપર અલગ વ્યૂ કઇ રીતે લઈ શકે? ત્યાર બાદ હાઇ કોર્ટે આસારામના જામીન લંબાવ્યા નહોતા. હવે ૨૨ સપ્ટેમ્બરે રેગ્યુલર જામીન પર સુનાવણી યોજાશે.

આસારામના વકીલનું કહેવું હતું કે, તેઓ જોધપુર હાઈ કોર્ટના હુકમ વિરુદ્ધ નથી. પરંતુ ડોક્ટરોની કમિટીનો રિપોર્ટ જોઇ લો. આસારામની તબિયત કથળી રહી છે. પરંતુ આરટીઆઈમાં મળેલી માહિતી મુજબ જરૂરી રિપોર્ટ કરાયા નથી. પીડિત પક્ષના વકીલે રજૂઆત કરી હતી કે, રાજસ્થાન હાઈ કોર્ટના હુકમનો ગુજરાત હાઇ કોર્ટે રિવ્યૂ ના કરવો જોઈએ. રાજસ્થાન હાઈ કોર્ટે નથી માન્યું કે આસારામની તબિયત સતત કથળી રહી છે. આ પહેલાં ગુજરાત હાઇ કોર્ટે ૩ સપ્ટેમ્બર સુધી હંગામી જામીન લંબાવ્યા હતા. ■

## સ્પોર્ટસ

# ભારત-કોરિયા હૉકી મૅચ ૨-૨થી ડ્રૉ

રાજગીરઃ બિહારના રાજગીર શહેરમાં બુધવારે એશિયા કપ હૉકીમાં ભારત અને પડકારરૂપ ટીમ સાઉથ કોરિયા વચ્ચેની સુપર-ફોર રાઉન્ડની મૅચ ૨-૨થી ડ્રૉમાં પરિણમી હતી. વરસાદના વિઘ્ન બાદ શરૂ થયેલી મૅચમાં ભારતે ૧-૦થી સરસાઈ લીધા બાદ કોરિયાએ ઉપરાઉપરી બે ગોલ કરીને ૨-૧થી લીડ લીધી હતી. જોકે મનદીપ સિંહે બાવીનમી મિનિટમાં ગોલ કરીને સ્કોર ૨-૨ની બરાબરીમાં લાવી દીધો હતો. હવે ભારતનો ગુરુવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મલયેશિયા સામે મુકાબલો થશે.

# અલ્કારાઝ નંબર-વન બની શકે, જૉકોવિચ પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલની તલાશમાં

ન્યૂ યૉર્કઃ યુએસ ઓપનના સેમિ ફાઇનલ મુકાબલામાં ૩૮ વર્ષના નોવાક જૉકોવિચ અને બાવીસ વર્ષના કાર્લોસ અલ્કારાઝ વચ્ચે સેમિ ફાઇનલમાં ટક્કર થશે. સ્પેનના અલ્કારાઝને આ ટૂર્નામેન્ટ સતત બીજી વાર જીતીને ઇટલીના યાનિક સિનરના સ્થાને વલ્ડ નંબર-વન થવાની તક છે, જ્યારે જૉકોવિચ વિક્રમજનક પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલની તલાશમાં છે.

મહિલાઓમાં જેસિકા પેગુલા અને અરીના સબાલેન્કા વચ્ચે ગુરુવારે સેમિ ફાઇનલમાં મુકાબલો થશે.

ક્વૉર્ટરમાં જૉકોવિચે ટેલર ફ્રિટ્ઝને ૬-૩, ૭-૫, ૩-૬, ૬-૪થી હરાવ્યો હતો. બીજી ક્વૉર્ટરમાં અલ્કારાઝે લેહેકાને ૬-૪, ૬-૨, ૬-૪થી પરાજિત કરીને સેમિમાં પ્રવેશ કર્યો હતો.

બાવીસ વર્ષનો અલ્કારાઝ ૨૩ વર્ષની ઉંમર પહેલાં નવમી વખત ગ્રૅન્ડ સ્લૅમની સેમિમાં પહોંચ્યો છે. ■

# ધોની પરથી પ્રેરણા લઈને પાકિસ્તાનની નવી મહિલા કૅપ્ટન ભારતીય ટીમને પડકારશે







કરાચીઃ રવિવાર, પાંચમી ઑક્ટોબરે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) કોલંબોમાં હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમ સામે ટક્કર લેનાર પાકિસ્તાની ટીમની નવી સુકાની ફાતિમા સના જો આપણા ક્રિકેટ-લેજન્ડ મહેન્દ્રસિંહ ધોનીની માફક 'કૅપ્ટન કૂલ'ના અભિગમમાં જોવા મળે તો નવાઈ નહીં પામતા, કારણકે ખુદ ફાતિમાએ જ એક મુલાકાતમાં કહ્યું છે કે 'મારે એમએસ ધોનીની માફક કૅપ્ટન કૂલ બનવું છે.'

૩૦મી સપ્ટેમ્બરે ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે મહિલાઓનો વન-ડે વર્લ્ડ કપ શરૂ થશે અને એમાં પાકિસ્તાનની ટીમના નેતૃત્વની જવાબદારી પેસ બોલિંગ ઑલરાઉન્ડર ફાતિમા સનાને સોંપાઈ છે. તેણે ૩૪ વન-ડેમાં ૪૫ વિકેટ લીધી છે અને ૩૯૭ રન કર્યા છે. પાકિસ્તાની ટીમની તમામ મૅચો કોલંબોમાં રમાશે. પાકિસ્તાનની ટીમ ક્વૉલિફાયર્સમાં અપરાજિત હતી અને હવે વિશ્વ કપમાં એની પ્રથમ મૅચ બીજી ઑક્ટોબરે બાંગ્લાદેશ સામે રમાશે. ફાતિમાએ પીટીઆઇ ભાષાને મુલાકાતમાં કહ્યું, 'વર્લ્ડ કપ જેવી મોટી ટૂર્નામેન્ટમાં કૅપ્ટન્સી સંભાળવામાં શરૂઆતમાં થોડું નર્વસ થઈ જવાય, પણ મેં એમએસ ધોનીના અભિગમ પરથી પ્રેરણા લીધી છે.'

ફાતિમાએ હજી થોડા દિવસ પહેલાં જ પાકિસ્તાની ટીમના સુકાનની જવાબદારી મળી છે. તેણે પીટીઆઇને એવું પણ કહ્યું કે 'ધોનીએ ભારતીય ટીમની તેમ જ સીએસકે ટીમની કૅપ્ટન્સી સંભાળી હોય એવી ઘણી મૅચો મેં ટીવી પર જોઈ છે. મેદાન પર કેવી રીતે તત્કાળ નિર્ણયો લેવા, મગજ ઠંડું રાખીને કેવી રીતે નેતૃત્વ સંભાળવું અને પોતાના ખેલાડીઓને કેવી રીતે સપોર્ટ કરવો એ બધુ મેં ધોનીની કૅપ્ટન્સી પરથી શીખી લીધું છે. મને નેતૃત્વની જવાબદારી મળી ત્યારે જ મેં નક્કી કર્યું હતું કે મારે ધોની જેવા સુકાની બનવું જ છે. મેં તેના ઇન્ટરવ્યૂ પણ જોયા છે અને એમાંથી પણ ઘણું શીખી છું. હું પાકિસ્તાની ટીમને સેમિ ફાઇનલમાં લઈ જવા દૃઢનિશ્ચયી છું.' ■

**અવૉર્ડ સમારોહમાં શૂટર મનુ ભાકરનો ઠાઠઃ** ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર નિશાનબાજ મનુ ભાકરે બુધવારે ગુવાહાટીમાં બરુઆ નૅશનલ સ્પોર્ટ્સ અવૉર્ડના સમારોહમાં હાજરી આપી ત્યારે સૌકોઈમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. મનુ ભાકર દેશની ટોચની શૂટર છે અને હવે તેનું લક્ષ્ય આગામી મહિનાઓની મોટી સ્પર્ધાઓના મેડલ પર છે. (પીટીઆઇ)



# ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા ઇન્ટર-ક્લબ વૉલીબૉલ ટૂર્નામેન્ટનું આયોજન

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના મલ્ટી ટર્ફ સબ-કમિટી દ્વારા, ચૅરમૅન રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી, સમગ્ર ટ્રસ્ટીગણ તથા મૅનેજિંગ કમિટીની રાહબરી હેઠળ મલ્ટી ટર્ફ સબ કમિટીના કન્વીનર નીશીથ ગોળવાલા તથા તેમની ટીમ દ્વારાઇન્ટર-ક્લબ વૉલીબૉલ ટૂર્નામેન્ટનું આયોજન આગામી ૭મી સપ્ટેમ્બરના રોજ લીગ-કમ-નૉકઆઉટ ધોરણે કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં મુંબઇની નામાંકિત ક્લબો પી. જે. હિન્દુ જિમખાના, એનએસસીઆઇ ક્લબ, ચેમ્બુર જિમખાના, ઘાટકોપર જૉલી જિમખાના, ગુરુકુળ કૉલેજ ઑફ કૉમર્સની ટીમો ભાગ લેશે. ટૂર્નામેન્ટની એન્ટ્રી-ફી નથી. વિજેતા તથા ઉપવિજેતા ટીમોને ટ્રૉફી આપીને નવાજવામાં આવશે. ■

# ટેનિસ પ્લેયરે એક ફૅનને ટુવાલ આપ્યો, બીજા પ્રેક્ષકે કિટમાંથી કંઈક ચોરી લેવાની કોશિશ કરી!




ન્યૂ યૉર્કઃ કોઈ ખેલાડી ચાહકોને મળવા તેમની નજીક જાય ત્યારે નજીકમાં ઊભેલો કોઈ પ્રેક્ષક એ પ્લેયરની કિટમાંથી ચોરી કરવાની હિંમત કરે એવું બની શકે એવી કોઈ કલ્પના પણ ન કરી શકે, પરંતુ બે દિવસ પહેલાં હકીકતમાં આવું બની ગયું. આ ઘટના કોઈ નાનાસૂના ખેલાડી સાથે નહીં, પણ ચાર ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા વર્લ્ડ નંબર-વન ટેનિસ ખેલાડી યાનિક સિનર સાથે બની ગઈ.

ઇટલીનો ટૉપ-સીડેડ ખેલાડી સિનર અહીં ચાલી રહેલી યુએસ ઓપનની પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં કઝાખસ્તાનના ઍલેક્ઝાન્ડર બુબ્લિક સામે ૬-૧, ૬-૧, ૬-૧થી જીત્યા બાદ પોતાની કિટ પૅક કરીને જઈ રહ્યો હતો ત્યારે કેટલાક ચાહકોએ તેને પોતાની તરફ આવવાની વિનંતી કરી હતી. કેટલાક ફૅન્સ તેની સાથે હાથ મિલાવવા માગતા હતા તો કેટલાક તેના ઑટોગ્રાફ અને સેલ્ફી ઇચ્છતા હતા.

સિનર તેમાંના કેટલાક ચાહકોની નજીક ગયો અને પોતે મૅચ દરમ્યાન વાપરેલો ટુવાલ એક ફૅનને આપી રહ્યો હતો ત્યારે નજીકમાં ઊભેલા એક યુવાને સિનરને કંઈક કહ્યા પછી તેની કિટની ઝિપ ખોલવાની કોશિશ કરી હતી. જોકે બીજી જ ક્ષણે નજીકમાં ઊભેલા સિક્યૉરિટી ગાર્ડે એ યુવાનને દૂર હટાવી દીધો હતો.

મૅચ રમીને થાકી ગયેલા ખુદ સિનરે ફરીને જોયું કે પોતાની સાથે શું બની રહ્યું છે. જોકે તે ચોરી કરી રહેલા પેલા યુવાનને કંઈ પણ કહ્યા વગર ત્યાંથી જતો રહ્યો હતો. પેલો યુવાન શરમમાં મુકાઈ ગયો હતો.

૨૦૨૪માં યુએસ ઓપનનું ટાઇટલ પહેલી વાર જીતી ચૂકેલો યાનિક સિનર આ વખતની સ્પર્ધામાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. તે હાલમાં બહુ સારા ફૉર્મમાં છે. ક્વૉર્ટર ફાઇનલમાં તેનો મુકાબલો તેના જ દેશના લૉરેન્ઝો મુસેટી સામે થશે. ■

# સાઉથ આફ્રિકાએ રબાડા, ક્લાસેન વગર યજમાન ઇંગ્લૅન્ડને આસાનીથી હરાવી દીધું

લીડ્સઃ ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાએ અહીં મંગળવારે વન-ડે સિરીઝની પ્રથમ મૅચમાં યજમાન ઇંગ્લૅન્ડને બૅટિંગ માટે આમંત્રણ આપ્યા બાદ એને માત્ર ૧૩૧ રનના સ્કોર પર આઉટ કર્યા પછી માત્ર ત્રણ વિકેટના ભોગે ૨૦.૫ ઓવરમાં ૧૩૭ રન કરીને સહેલાઈથી વિજય મેળવી લીધો હતો. સાઉથ આફ્રિકાનો મુખ્ય ફાસ્ટ બોલર કૅગિસો રબાડા ઈજાને કારણે આ મૅચમાં નહોતો રમ્યો અને હિન્રિક ક્લાસેન હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. સિરીઝમાં ટેમ્બા બવુમાના નેતૃત્વમાં સાઉથ આફ્રિકાની ટીમ ૧-૦થી આગળ છે અને બીજી મૅચ ગુરુવારે લૉર્ડ્સમાં તથા અંતિમ મૅચ રવિવારે સાઉધમ્પ્ટનમાં રમાશે.

ઇંગ્લૅન્ડના મોટા ભાગના ખેલાડીઓ રવિવારે પૂરી થયેલી પોતાના દેશની ૧૦૦-૧૦૦ બૉલવાળી 'ધ હન્ડ્રેડ' ટૂર્નામેન્ટ રમીને થાકેલી હાલતમાં આ સિરીઝમાં રમવા આવ્યા હતા. મંગળવારે પિચ સૂકી હતી લીડ્સમાં ચેઝ કરતી ટીમોને જીતવામાં વધુ સફળતા મળી છે એવું જાણીને સુકાની બવુમાએ પ્રથમ ફીલ્ડિંગ પસંદ કરી હતી. ઇંગ્લૅન્ડની ટીમમાં એકમાત્ર ઓપનર જૅમી સ્મિથ (૫૪ રન, ૪૮ બૉલ, ૧૦ ફોર)ની હાફ સેન્ચુરી હતી. બીજા કોઈ બ્રિટિશ બૅટરના ૧૫ રનથી વધુ રન નહોતા. કૅગિસો રબાડાની ગેરહાજરીમાં નાન્દ્રે બર્ગર અને લુન્ગી ઍન્ગિડીએ ફાસ્ટ બોલિંગની જવાબદારી સંભાળી હતી. જોકે તેમને એક-એક વિકેટ મળી હતી, પરંતુ ત્રીજા પેસ બોલર વિઆન મુલ્ડેરે ૩૩ રનમાં ત્રણ તેમ જ સ્પિનર કેશવ મહારાજે બાવીસ રનમાં ચાર વિકેટ લીધી હતી.

સાઉથ આફ્રિકાએ ૧૩૨ રનનો નાનો લક્ષ્યાંક મેળવવા બહુ સારી શરૂઆત કરી હતી. પહેલી ૧૮.૧ ઓવરમાં બે ઓપનર એઇડન માર્કરમ (૮૬ રન, પંચાવન બૉલ, બે સિક્સર, ૧૩ ફોર) અને વિકેટકીપર રાયન રિકલ્ટન (અણનમ ૩૧ રન, ૫૯ બૉલ, ચાર ફોર)ની જોડીએ ૧૨૧ રનની ભાગીદારીથી ટીમને વિજયની નજીક લાવી દીધી હતી. ૧૦ રનમાં સાઉથ આફ્રિકાએ સ્પિનર આદિલ રાશીદની બોલિંગમાં ત્રણ વિકેટ ગુમાવી હતી, પણ છેવટે રિકલ્ટન અને ડેવાલ્ડ બ્રેવિસ (૭ અણનમ)ની જોડીએ ટીમને ૨૧મી ઓવરમાં જીત અપાવી દીધી હતી. ચાર વિકેટ લઈને ઇંગ્લૅન્ડને મોટા સ્કોરથી વંચિત રાખનાર કેશવ મહારાજને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

# લંડનમાં કોહલીને લીલાલહેર, પણ ફિટનેસની ચર્ચા

## મોટા ભાગે ઇંગ્લૅન્ડમાં જ રહે છે, પરિવાર સાથે ત્યાં જ સ્થાયી થઈ જશે?



લંડનઃ રોહિત શર્મા સહિત ઘણા ક્રિકેટરોએ બેંગલૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)માં ફિટનેસ ટેસ્ટ આપી છે, પણ વિરાટ કોહલી ઘણા દિવસથી લંડનમાં પરિવાર સાથે રહે છે અને તેણે ત્યાં જ ફિટનેસ ટેસ્ટ આપી એટલે સોશ્યલ મીડિયામાં ચર્ચા છે કે બીસીસીઆઇએ કોહલીને આ ખાસ સુવિધા કરી આપી એ મુદ્દો જરૂર ચર્ચાસ્પદ થશે.

એક જાણીતા હિન્દી દૈનિકના અહેવાલ મુજબ કોહલીએ લંડનમાં ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધી છે. કહેવાય છે કે કોહલીએ આ સુવિધા માટે અગાઉથી બીસીસીઆઇની પરવાનગી મેળવી લીધી હતી. એવું કહેવાય છે કે કોહલી હવે મોટા ભાગે લંડનમાં જ રહેશે. તે વન-ડે ઇન્ટરનૅશનલ મૅચો અને આઇપીએલ રમવા માટે જ ભારત આવશે.

તાજેતરમાં તે લંડનની બજારમાં પત્ની અનુષ્કા શર્મા સાથે નિરાંતે ફરી રહેલો જોવા મળ્યો હતો. ભારતમાં તે આ રીતે સપરિવાર ક્યાંય ન જઈ શકે એ હેતુથી જ તેણે લંડનમાં સ્થાયી થવાનું નક્કી કર્યું હોય એવી ચર્ચા છે. કહેવાય છે કે તેણે ત્યાં ઘર પણ લઈ રાખ્યું છે. ■

# સંસ્થા સમાચાર

## ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય મંડળ દ્વારા શ્રાવણીના કાર્યક્રમો યોજાયા

ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય મંડળ, મુંબઈ દ્વારા શ્રાવણીના કાર્યક્રમો વિલે પાર્લેમાં યોજાયા હતા. નવમી ઑગસ્ટે જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો અને દસમી ઑગસ્ટે ગેટ ટૂ ગેધર, વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતા, વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનારા લોકોનું સન્માન કર્યું હતું. સમાજના લોકોએ અંતમાં સાથે ભોજન લીધું હતું.

## ગણપતિની મૂર્તિઓના નિર્માણની ફ્રી કાર્યશાળા

રોટરી ક્લબ ઑફ બોરીવલી, આરસીસી દેવલપાડા, ઇનર વ્હીલ ક્લબ ઑફ બોરીવલી દ્વારા ભગવાન ગણપતિની મૂર્તિઓના નિર્માણની કાર્યશાળાનું આયોજન કરાયું હતું. તેમાં ભાગ લેનાર દરેકને માટી અને રંગ આપવામાં આવ્યા હતા.

## અગ્નિપથ ઇન્ટરેક્ટ ક્લબ ઑફ પવાર સ્કૂલ કાંદિવલી

કાંદિવલી પશ્ચિમમાં આવેલી પવાર પબ્લિક સ્કૂલના એવેન્યુ યુથ ઇન્સ્ટોલેશન સેરેમની તાજેતરમાં યોજાયો હતો. અગ્નિપથના ૮૦ ઇન્ટરેક્ટ શાળાના વિદ્યાર્થીઓને અને સમાજને વિવિધ પ્રકારના સામાજિક પ્રોજેક્ટ માટે પ્રોત્સાહન આપશે. આ પ્રસંગે રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટના પ્રમુખ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

## કે.ઈ.એસ.ના ગુજરાતી સાહિત્ય મંડળે ગુજરાતી દિવસની કરી ઉજવણી

કાંદિવલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત કે.ઈ.એસ. શ્રોફ કોલેજ ઑફ આર્ટસ એન્ડ કોમર્સ તથા વિઠ્ઠલદાસ સંઘવી જુનિયર કોલેજના ગુજરાતી સાહિત્ય મંડળે 'ગુજરાતી દિવસ'ની ભવ્ય ઉજવણી કરી હતી. જેના ભાગરૂપે માતૃભાષાનું મહત્ત્વ સમજાવતું એક નાટક પણ રજૂ કરવામાં આવ્યું હતું. ■

# હાઉસિંગ સોસાયટી ₹ ૨૫,૦૦૦ ટ્રાન્સફર ફીથી વધુ રકમ વસૂલી ન શકેઃ હાઈ કોર્ટ

### આ સિવાય વેલ્ફેર ફંડના નામે કરાતી વસૂલી પણ અયોગ્ય હોવાનું કહ્યું

મુંબઈઃ હાઉસિંગ સોસાયટીઓમાં સભ્ય નોંધણી બાબત એક કેસમાં હાઈ કોર્ટે તાજેતરમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો કે નવા સભ્યોની નોંધણી માટે હાઉસિંગ સોસાયટીઓ દ્વારા વસૂલવામાં આવતું વેલ્ફેર ફંડ અયોગ્ય છે. ઉપરાંત કલ્યાણ ભંડોળની ચુકવણી ન થવાને કારણે દુકાન માલિકોને સભ્યપદ ટ્રાન્સફર કરવાનો ઇનકાર કરનાર હાઉસિંગ સોસાયટીની અરજીને ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે ચુકાદો આપતી વખતે ટિપ્પણી કરી હતી કે આવા ભંડોળ વધારાના પૈસા પડાવવાનું એક ષડયંત્ર છે. ન્યાયાધીશ નિઝામુદ્દીન જમાદારની સિંગલ બેન્ચે ઉપરોક્ત આદેશ પસાર કરતી વખતે એ પણ સ્પષ્ટ કર્યું કે સોસાયટીને ૨૫,૦૦૦ રૂપિયાની સભ્યપદ ટ્રાન્સફર ફી સિવાય કોઈપણ રકમ વસૂલવા પર સ્પષ્ટ પ્રતિબંધ છે. ઉપરાંત મેસર્સ તીર્થંકર દર્શન કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને નવા દુકાન માલિકોને સભ્ય બનાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જુલાઈ ૨૦૧૯માં સુભાષ જૈન અને વિનય જૈને સોસાયટી પરિસરમાં આવેલી દુકાન રજિસ્ટર્ડ દસ્તાવેજ દ્વારા ખરીદી હતી. ત્યારબાદ તેમણે સોસાયટીમાં સભ્યપદ માટે અરજી કરી હતી. પરંતુ સોસાયટીએ મહારાષ્ટ્ર સહકારી સોસાયટી અધિનિયમ હેઠળ નિર્ધારિત ત્રણ મહિનાની અંદર તેમની અરજી પર કોઈ નિર્ણય લીધો નહોતા. ■

### મરાઠા અનામત આંદોલન

# દક્ષિણ મુંબઈનાં છ પોલીસ સ્ટેશનમાં નવ કેસ દાખલ કરાયા

મુંબઈઃ મરાઠા અનામત આંદોલનકારીઓ વિરુદ્ધ ગેરકાયદેસર રીતે એકઠા થવા અને પ્રતિબંધાત્મક આદેશનું ઉલ્લંઘન કરવા બદલ દક્ષિણ મુંબઈના છ પોલીસ સ્ટેશનમાં નવ કેસ દાખલ કરાયા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ત્રણ કેસ, મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં બે કેસ તથા ડોંગરી, માતા રમાબાઇ આંબેડકર માર્ગ, જે. જે માર્ગ અને કોલાબા પોલીસ સ્ટેશનમાં એક-એક કેસ દાખલ કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે મનોજ જરાંગેએ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં મરાઠા અનામતની માગણી સાથે ૨૯ ઑગસ્ટના રોજ આઝાદ મેદાનમાં આમરણ ઉપવાસ શરૂ કર્યા બાદ તેમના હજારો સમર્થકો દક્ષિણ મુંબઈમાં એકઠા થયા હતા.સમર્થકોએ આંદોલનના સ્થળની આજુબાજુની જગ્યાઓ પર કબજો જમાવી દીધો હતો અને અનેક રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. મરાઠા સમુદાયના લોકો દક્ષિણ મુંબઈના વિવિધ સ્થળે ફરતા જોવા મળ્યા હતા. તેમણે મંત્રાલય, બોમ્બે સ્ટોક એક્સચેન્જ સહિત જે. જે. માર્ગ, ડોંગરી અને કોલાબા જેવા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. મનોજ જરાંગેએ મંગળવારે પોતાનું આંદોલન પાછું ખેંચી લીધા બાદ તેમના સમર્થકો જતા રહ્યા હતા. દક્ષિણ મુંબઈમાં પાંચ દિવસ દરમિયાન આંદોલનકારીઓએ પોલીસ દ્વારા નક્કી કરાયેલી વિવિધ શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. (પીટીઆઇ) ■

# મરાઠા આંદોલનનો અંત આવ્યો, પણ નુકસાનની ભરપાઈ કોણ કરશે?: હાઈ કોર્ટનો સણસણતો સવાલ

મુંબઈઃ મરાઠા અનામતના આંદોલનકારી મનોજ જરાંગેએ બુધવારે બોમ્બે હાઈ કોર્ટમાં રજૂઆત કરી હતી કે અનામતના મુદ્દાનો ઉકેલ આવ્યા બાદ મરાઠા આરક્ષણ આંદોલન પાછું ખેંચી લેવામાં આવ્યું છે. કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે આ રજૂઆતનો સ્વીકાર કરી જણાવ્યું હતું કે મુંબઈમાં તેમના અને તેમના ટેકેદારો દ્વારા કરવામાં આવેલા પાંચ દિવસના વિરોધ પ્રદર્શન સામે કરવામાં આવેલી અરજીઓમાં ઉલ્લેખ કરવામાં આવેલા વિવિધ આક્ષેપોના જવાબમાં કાર્યકર્તાએ આંદોલનકારીએ સોગંદનામું દાખલ કરવું પડશે. કેટલાક મુદ્દા છે. જાહેર સંપત્તિને મોટા પાયે નુકસાન થયું હતું અને એની નુકસાન ભરપાઈ કોણ કરશે? એવો સવાલ ખંડપીઠે કર્યો છે. જરાંગે અને આંદોલનનું નેતૃત્વ કરનારા સંગઠનો તરફથી હાજર રહેલા વકીલ સતીશ માનેશિંદે અને વી. એમ. થોરાટે દલીલ કરી હતી કે સામાન્ય માણસને અગવડ પડી એ સિવાય કોઈ નુકસાન નથી થયું. ખંડપીઠે કહ્યું હતું કે જરાંગે અને સંગઠનોએ પોતાનું વલણ સ્પષ્ટ કરતું સોગંદનામું દાખલ કરવું જોઈએ. અદાલતે એમ પણ જણાવ્યું હતું કે 'તેઓ (જરાંગે અને તેમની ટીમ) દ્વારા કોઈ ઉશ્કેરણી નહોતી કરવામાં આવી એવી સ્પષ્ટતા સોગંદનામામાં કરવી પડશે. આની પાછળ તેમનો હાથ ન હોવાનું નિવેદન આપવું પડશે. અરજીઓમાં કેટલાક ગંભીર આરોપ કરવામાં આવ્યા છે. (પીટીઆઈ) ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે નવી મુંબઈમાં

થાણેઃ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે નવી મુંબઈ આવી રહ્યા છે. વહીવટીતંત્ર અને ભાજપના કાર્યકરોએ તેમના સ્વાગત માટે તૈયારીઓ શરૂ કરી છે. કેન્દ્ર સરકારના બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા જેએન પોર્ટ પીએસએ મુંબઈ ટર્મિનલના બીજા તબક્કાનો ઉદ્ઘાટન સમારોહ ૪ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. આ ઉદ્ઘાટન દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગ હાજર રહેશે. કેન્દ્રીય પ્રધાન સોનોવાલ, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, કેન્દ્રીય રાજ્ય પ્રધાન શાંતનુ ઠાકુર, સાંસદ અપ્પા બાર્ને અને ઉરણ વિધાનસભાના વિધાનસભ્ય મહેશ બાલ્દી પણ હાજર રહેશે.

આ દરમિયાન ભાજપના પદાધિકારીઓએ પણ મોદીના સ્વાગત માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ■



**'સિંદૂર'ની ગાથાઃ** પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે 'ઑપરેશન સિંદૂર' હાથ ધર્યું હતું. એ થીમ પર જેકબ સર્કલ શાંતિનગરના બાલગોપાલ ગણેશ મંડળ દ્વારા ગણેશોત્સવમાં ડેકોરેશન કરવામાં આવ્યું છે.

# મુંબઈ અને વિજયદુર્ગ વચ્ચે ટૂંક સમયમાં રો-રો સેવા

સાવંતવાડીઃ સિંધુદુર્ગ જિલ્લામાં ટૂંક સમયમાં મુંબઈથી વિજયદુર્ગ સુધીની દરિયાઈ રો-રો સેવા શરૂ કરવામાં આવશે. આ સેવા માટે ઉપયોગમાં લેવાતી પેસેન્જર બોટ 'એમટુએમ પ્રિન્સેસ'નું બુધવારે સવારે વિજયદુર્ગ પોર્ટ પર સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણમાં વિજયદુર્ગ પોર્ટ પર નવી બનેલી જેટી પરથી ફોર વ્હીલર વાહનોને બોટ પર લોડ કરવામાં આવ્યા હતા. આ કારણે આ જળ પરિવહન સેવા ટૂંક સમયમાં પૂર્ણ ક્ષમતાથી શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે. આ પ્રોજેક્ટ રાજ્યના મત્સ્યઉદ્યોગ અને બંદર વિકાસ પ્રધાન નિતેશ રાણેની પહેલ અને ખ્યાલ હેઠળ અમલમાં મુકવામાં આવી રહ્યો છે. ૩૮ વર્ષ પછી આ રો-રો બોટ સેવા ફરી શરૂ થઈ રહી છે. ■

# અરુણ ગવળી ૧૭ વર્ષ પછી જેલની બહાર

### સુપ્રીમ કોર્ટે જામીન આપતાં બુધવારે નાગપુર જેલમાંથી ગવળીનો છુટકારો

મુંબઈઃ ગૅન્ગસ્ટરમાંથી રાજકારણી બનેલો અરુણ ગવળી આખરે ૧૭ વર્ષ પછી જેલમાંથી બહાર આવ્યો હતો. ઘાટકોપરમાં ૨૦૦૭માં થયેલી શિવસેનાના નગરસેવક કમલાકર જામસાંડેકરની હત્યાના કેસમાં સુપ્રીમ કોર્ટે જામીન મંજૂર કર્યા બાદ બુધવારે ગવળીને નાગપુર સેન્ટ્રલ જેલમાંથી છોડવામાં આવ્યો હતો.નગરસેવક જામસાંડેકરની હત્યાના કેસમાં અરુણ ગવળીને જનમટીપની સજા ફટકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૭૬ વર્ષના ગવળીને જામીન આપ્યા હતા. જસ્ટિસ એમ. એમ સુંદરેશ અને એન. કોટિસ્વર સિંહે નોંધ્યું હતું કે ગવળી ૧૭ વર્ષથી વધુ સમયથી જેલમાં છે અને તેની અપીલ અમારી સામે પેન્ડિંગ હતી.કોર્ટના આદેશ પછી જેલ વિભાગ દ્વારા બધી કાનૂની ઔપચારિકતા પૂરી કરીને ગવળીને છોડવામાં આવ્યો હતો. બુધવારની બપોરે ૧૨.૩૦ વાગ્યે ગવળી જેલની બહાર આવ્યો હતો. પરિવારના સભ્યો, વકીલ અને સમર્થકોએ તેનું સ્વાગત કર્યું હતું.ગવળી વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ)ની જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે લાગુ પાડેલી શરતો અને નિયમોને આધીન સુપ્રીમ કોર્ટે તેને જામીન આપ્યા હતા. (પીટીઆઈ) ■

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ઇ-વાહનો માટે આઠ ચાર્જિંગ સ્ટેશનો ઊભા કરાશે

પુણેઃ રાજ્ય સરકારની ઇલેક્ટ્રિક વાહન (ઈલેક્ટ્રિક વ્હીકલ) નીતિ મુજબ પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે પર આઠ 'ઇવી ચાર્જિંગ' સ્ટેશનો બનાવવામાં આવશે. ચાર્જિંગ સ્ટેશનો ક્યાં બનાવવા તે નક્કી કરવા માટે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) હાઇવે પર એક સર્વે કરશે. આનાથી હવે એક્સપ્રેસ-વે પર ઇલેક્ટ્રિક વાહનો માટે મુસાફરી કરવાનું સરળ બનશે. રાજ્ય સરકારે સ્વચ્છ, પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન આપવા અને કાર્બન-તટસ્થ હાઇવે વિકસાવવાના હેતુથી ૨૩ મેના રોજ ઇલેક્ટ્રિક વાહન નીતિની જાહેરાત કરી છે. આ નીતિમાં સ્ટેટ અને નેશનલ હાઇવે પર ૨૫-૨૫ કિમીના અંતરે ઇલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સુવિધાઓ સ્થાપિત કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે પર ૫૦ થી ૨૫૦ કિલોવોટ પાવર કેટેગરીમાં ફોર વ્હીલર ઇલેક્ટ્રિક ખાનગી વાહનો માટે ૧૫ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ■

# જૈન મરણ

હાલ બોરીવલી, બિપીનચંદ્ર કુંવરજી શાહ (ઉં.વ. ૮૬) તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ છે. તે સ્નેહલતાબેનના પતિ. ચિરાગ, ચિનાર, સ્વ. પૂર્વીના પિતા. રૂપા, દીપ્તિ અને વિજયકુમારના સસરા. સ્વ. કેઈન્દ્ર, સ્વ. હસુમતીબેન જસવંતભાઈ, સ્વ. મંજુલાબેન હસમુખલાલ, સ્વ. ભારતીબેન હર્ષદભાઈના ભાઈ. નીલ, ઋષભના દાદા. રીનુ, મોહિત, કિંજલના કાકા. લૌકિક વ્યવહાર બંધ, પ્રાર્થના રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ, રામચંદ દેવચંદ શાહના સુપુત્ર વૃજલાલ શાહ (ઉં.વ.૮૭) મંગળવાર, તા.૨-૯-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. તારામતીબેનના પતિ. સ્વ. હેમંત, ધર્મિષ્ઠા હરેશકુમાર શાહ, નિખિલના પિતા. રશ્મિના સસરા. સ્વ. ભોગીભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. ધીરુભાઈ, બળવંતરાય, સ્વ. લીલાવતીબેન મગનલાલ સંઘવી, સ્વ. જયાલક્ષ્મી અમૃતલાલ પારેખ, કાંતાબેન શાંતિલાલ શાહના ભાઈ. મૈત્રી, ધ્રુવીના દાદા. ફુલચંદ ઝવેરચંદ મહેતા (જેસર-રાજપરાવાળા)ના જમાઈ. બન્ને પક્ષની સાદડી તા. ૪-૯-૨૫, ગુરુવારના ૩.૦૦થી ૫.૦૦. આઈ/૧૦૨, વર્ધમાન નગર, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ માટુંગા, ગં.સ્વ. તારામતિ નટવરલાલ કોઠારી (ઉં.વ. ૯૭) તે સ્વ. નટવરલાલ ન્યાલચંદ કોઠારીના પત્ની. તે સ્વ. નંદલાલ દેવચંદ શાહના પુત્રી, હર્ષદ-કલ્પના, દિલીપ-સ્વ. છાયા તથા બીના-અજયના માતુશ્રી. તે જય-રચના, ક્રિષ્મા-હર્ષીલ, શ્રેયા-અતીતના દાદી. ભક્તિ-મિહીર અને દેવાંશ-આશીતાના નાની. તા. ૨-૯-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના પોપટભાઇ હંસરાજ શાહ (બોયડ) (ઉં.વ. ૮૦) તા. ૩૧-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. રતનબાઇ હંસરાજ લાલજીના પુત્ર. તારાબેનના પતિ. જતીન, જીનલના પિતાજી. પ્રેમજી, નેમજી, જયાબેનના ભાઇ. નાગલપુરના રતનબાઇ દામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. તારાબેન શાહ/બોયડ, શિવશક્તિ ટાઉનશીપ, એચ વિંગ, ફ્લેટ નં. ૧૦૨, ઉદવાડા-બગવાડા રોડ. ૩૯૬૧૧૫.

બારોઇના મણીલાલ જાદવજી કાનજી શીવજી કેનીયા (ઉં.વ. ૯૧) તા. ૧-૯-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન જાદવજી કાનજીના સુપુત્ર. નલિનીબેન (પન્નાબેન)ના પતિ. ડો. અંજુના પિતાશ્રી. કાંતિલાલભાઈ, ચંદ્રકાંતભાઈ, કુલિનકાંતભાઈ, મહેન્દ્રકુમારના ભાઈ. મેરાઉના માતુશ્રી ચંપાબેન મોરારજી ભોજરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ડો. અંજુ કે. કોલારે : ૨૭૫, જાદવજી કાનજી હાઉસ, તેલંગ રોડ, માટુંગા (ઈસ્ટ).

રામાણીયાના સાકરબેન સ્વ. દામજી કુંવરજી રાંભીયા (ઉં.વ. ૯૬) તા. ૨-૯-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. દામજી કુંવરજીના ધર્મપત્ની. સ્વ. લધીબાઇ કુંવરજીના પુત્રવધૂ. જયા, હેમા, કૈલાસ, નીતીન, અનિલા, હીનાના માતુશ્રી. મોટા આસંબીયાના સ્વ. ગોવિંદજી જેનશીના સુપુત્રી. સ્વ. રતીલાલ, વિસનજી, ચુનીલાલ, પાનબાઇના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : કૈલાસ શાહ, હમલોગ સોસાયટી, ફ્લેટ- ૧/૨, ગ્રાઉન્ડ ફ્લોર, શંકર ગલી, કાંદીવલી (વેસ્ટ).

દેશલપરના કસ્તુરબેન ઝવેરચંદ નરશી છેડાના સુપુત્રી મીના વિજય ભાયાણી (ઉં.વ. ૬૪) તા. ૨-૯-૨૫ના અવસાન પામેલ છે. લાઠીના નિર્મળાબેન રમણીકલાલ ભાયાણીના પુત્રવધૂ. આનંદ, સાગરના માતા. સાભરાઇના નીતા પ્રદીપ ભવાનજી, ગુંદાલના નયના લલીત દેઢીયાના બહેન. પ્રાર્થના : હોટલ ટીપટોપ પ્લાઝા, કશીષ પાર્ક, થાણા. ટાઇમ ૪ થી ૬.

નુ. ત્રંબૌના રીટાબેન શાહ (ઉં.વ. ૫૩) ૧-૯-૨૫ના અવસાન પામેલ છે. વિજ્યાબેન ખીમજી પેથા શાહના પુત્રવધૂ. જીતેશના ધર્મપત્ની. આદિત્ય, નિરાલીના માતુશ્રી. સ્વ. કેસરબેન, સ્વ. મણીબેન પ્રેમજી કરમણ ગાલાના દિકરી. યોગેશ, હેમલ, નયના, મીના, હીના, ભક્તિ, ભુમીકાના બહેન. પુષ્પાના નણંદ. પ્રાર્થના : ૪-૯-૨૫, યોગી સભા ગૃહ, દાદર (સે.રે.) ટા. ૩ થી ૪.૩૦.

તલવાણાના યજ્ઞેશ હેમચંદ દેઢિયા (ઉં.વ. ૪૩) તા. ૧-૯-૨૫ના અવસાન પામેલ છે. ભારતી હેમચંદના પુત્ર. અંકિતાના પતિ. સ્વ. નિલેશના ભાઈ. વિઢના વાસંતીબેન ગોવિંદજી કલ્યાણજી ગોસરના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. કરશન લધુ હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

હાથસણી નિવાસી હાલ બોરીવલી, સ્વ. શિવકુંવરબેન પ્રેમચંદ મગીયાના સુપુત્ર અશોકભાઈ (ઉં.વ. ૭૩) તે નયનાબેનના પતિ. નમ્રતા મેહુલ, ધ્રુવી હર્નિશ ઝાટકીઆના પિતાશ્રી. સ્વ. અજવાળીબેન ગીરધરલાલ શેઠના જમાઈ. સ્વ. લક્ષ્મીચંદભાઈ, સ્વ. જશવંતભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. ઉપેન્દ્રભાઈ, પ્રતાપભાઈ, સરોજબેન પ્રાણલાલ શાહ, ભારતીબેન કિશોરકુમાર દોઢીવાલાના બનેવી. તા. ૧/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪/૯/૨૫ના ૧૦ થી ૧૨. સર્વોદય હોલ, ડાયમંડ ટેકીસની સામે, એલ.ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી હાલ મુલુંડ, સ્વ. રમણીકલાલ મણિલાલ ભાયાણીના સુપુત્ર ચિ. વિજયના ધર્મપત્ની મીનાબેન તા. ૨-૯-૨૫ને મંગળવાર અરિહંતશરણ પામ્યા છે. કૌશિક રમણીકલાલ, હંસા કૌશિક, આનંદ વિજય, રિધ્ધિ આનંદ, સાગર વિજય, નિધિ સાગર, પોત્રિ હાના તથા જેનીક્ષ. પ્રાર્થનાસભા ૪-૯-૨૫ને ગુરુવાર ૪ થી ૬. ટીપટોપ પલાઝા. ડાયમંડ હોલ ૪થા માળે, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી, હાલ વિલેપાર્લે, અરવિંદભાઈ શેઠ (ઉં.વ.૯૦) તે સ્વ. લીલાવતી છબિલદાસ શેઠના પુત્ર. સ્વ. રમાબેન શેઠના પતિ. સ્વ. અનંતરાય, સ્વ. શાંતિભાઈ, મધુબેન રજનીકાંત ગાંધી, અને સ્વ. પ્રમોદભાઈના ભાઈ. ભરત અને ફાલ્ગુનીના પીતા. પ્રીતિ અને રાજેશભાઈ કેરડિયાના સસરા. સ્વ. પ્રેમચંદભાઈ જીવણભાઈ શાહ (મહુવાવાળા) ના જમાઈ. તા. ૧.૯.૨૦૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૫.૯.૨૫ શુક્રવારના ૧૦:૩૦ થી ૧૨:૩૦. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલે પાર્લે પશ્ચિમ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ સાયન સ્વ. ચન્દ્રકાન્ત ઝવેરીલાલ મહેતા (બીલખીયા) તા. ૨-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કૌમુદી મહેતાના પતિ. વિશાખા પ્રણય દેસાઈ, નેહા તથા પરાગના પિતા. નિકિતાના સસરા. તનયના નાના. નાયસાના દાદા.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી, હાલ સાંતાક્રુઝ ધર્મેશ દલાલનાં ધર્મપત્ની અ.સૌ.નીપા (ઉં.વ.૫૬) મંગળવાર તા. ૨/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પ્રફુલભાઈ કાંતિલાલ અને મીનાબેન(મંજુબેન)નાં પુત્રવધૂ. ચિ. કુશલનાં માતુશ્રી. ચિ. લૂમાનીનાં સાસુ. પ્રિયેશભાઈનાં ભાભી. દિગસર નિવાસી સ્વ.પ્રભાબેન અને સ્વ.ચંપકલાલ કેશવલાલ બોરડીયાનાં સુપુત્રી. કુમુદબેન, કિર્તીભાઇ અને રાજેશભાઈનાં બેન. પ્રાર્થનાસભા તા. ૭/૯/૨૫ રવિવારે ૪. થી ૫.૩૦. જલારામ હોલ, રોડ નં ૬, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પાર્લે- વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

વિદ્યૂતભાઈ દોશી (મહુવાવાળા) (ઉં.વ,૬૧) મંગળવાર ૦૨-૦૯-૨૫, સ્વર્ગવાસ પામ્યા છે. સ્વ. સવીતાબેન વૃજલાલભાઈ દોશીના પુત્ર. શીતલબેનના પતિ. હસ્તી ત્રુશેન મણિયર (ડીંકી) ના પિતા. હરેશભાઈ (ભાણા), હર્ષાબેન જયપ્રકાશભાઈ વાસા, રીટાબેન હર્ષદભાઈ દોશી, હેતલબેન ઉમેશભાઈ મહેતાના ભાઈ. સ્વ. શ્રીમતી દમયંતિબેન અનંતરાય જસાણીના જમાઈ. સ્વ. અમરતલાલ તારાચંદ શાહ (જેસરવાળા)ના ભાણેજ. નેત્ર તથા ત્વચાદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ નૂતનત્રંબૌના રીટાબેન જીતેશ ખીમજી શાહ (ઉં.વ.૫૩) ૧.૯.૨૫ સોમવારના અવસાન પામેલ છે. વિજ્યાબેન ખીમજીના પુત્રવધુ. જીતેશના ધર્મપત્ની. આદિત્ય, નિરાલીના માતુશ્રી. ગુંજન, અભિષેકના સાસુ. અરહાંશના દાદી. સ્વ. મણીબેન પ્રેમજી કરમણ ગાલાના દીકરી. પ્રાર્થના સભા ગુરુવાર ૪.૯.૨૫ બપોરે ૩ થી ૪.૩૦ સ્થળ.યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર. નિવાસઃ ૨૪૧, પાટીલ નિવાસ, ૧ લે માળે, વાલકેશ્વર, મુંબઈ-૦૬,

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના શાંતિલાલ હેમરાજ કારીયા (ઉં.વ. ૭૭) સોમવાર ૧.૯.૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઉર્મિલાબેન રામજીના સુપુત્ર.જયશ્રીબેનના પતિ. તુષાર,ભાવેશ, યતીન, દર્શનના પિતા. રશ્મી, ગીતા, કલ્પનાના સસરા. સ્વ. નાંગલબેન રામજી રણમલ નિસરના જમાઈ. પ્રાર્થના સભા તા. ગુરુવાર ૪.૯.૨૫ના સવારે ૧૦ થી ૧૧ સ્થળ.વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લા-વેસ્ટ, ઠે.૧૧, દર્પણ બિલ્ડીંગ, ભગતસિંગ રોડ, વિલેપાર્લે-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ શિવલખાના સ્વ.વેજીબેન ભચુ રતનશી છેડા (ઉં.વ ૮૬) મંગળવાર તા. ૨.૯.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રાણીબેન રતનશીના પુત્રવધુ. ભચુભાઈના પત્ની. સ્વ. હસમુખ, હેમચંદ, રમીલા, રક્ષાના માતુશ્રી. ગં.સ્વ. અરુણા, નીતા, મગન, દિલીપના સાસુ. રિદ્ધિ, ભૂમિના દાદીસાસુ. ચાંપુબેન આસપર કરમણ ગડાના પુત્રી. પ્રાર્થના સભા ગુરુવાર તા. ૪.૯.૨૫ સમય સાંજે ૪ થી ૫ સ્થળ. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર, ઠે.નં.૧, ગંગાવાડી, એલ.બી.એસ.માર્ગ, ઘાટકોપર-વેસ્ટ.

# હિન્દુ મરણ

**ઘોઘારી દશા દિશાવળ વણિક જ્ઞાતિ**

સ્વ. જીતેન્દ્ર દામોદરદાસ શાહ (ઉં.વ.૭૮) બોરીવલી નિવાસી મૂળ વતન ભાવનગર, તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રતિમાબેનના પતિ. તેજસ તથા અમીના પિતા. નિકિતા અને હર્ષના સસરા. સ્વ. શર્મિષ્ઠા પ્રવિણચંદ્ર શાહના ભાઈ. ઉરણ નિવાસી સ્વ. અમુલખરાય અમૃતલાલ પારેખના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૯-૨૫, ગુરુવારના રોજ ૫થી ૭. શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હોલ, શ્રી વિશ્વકર્મા ચૌક, કાર્ટર રોડ નં. ૩, અંબામાતા મંદિરની બાજુમાં, બોરીવલી (ઈસ્ટ).

**ભરૂચ એકડો વિશા ખડાતાના**

ગં.સ્વ. નલિનીબેન શાહ (ઉં.વ. ૮૪) હાલ વસઈ, તે સ્વ. સુરેન્દ્રભાઈના પત્ની. મિતેષ-ધાત્રી-મમતાના માતા. લીના-જગત-સ્નેહલના સાસુ. યશ-ઈશાના દાદી. વિદુર-રૂદ્રના નાની. તા. ૩-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. એ-૨૦૧, સુંદરમ એપાર્ટમેન્ટ, સ્વીમીંગ પુલની પાછળ, અંબાડી રોડ, વસઈ રોડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ભદ્રેશ્વર, હાલે મુંબઈ સ્થિત કમલાકાંત રામજી ઠક્કર (ઉં.વ. ૮૭) તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઝવેરબેન રામજી મુલજી તેલવાળા દીકરા. સ્વ. વસનજીભાઈ, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. સુશીબેન, સ્વ. હેમલત્તાબેનના નાનાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

સિહોરવાળા, હાલ (મુંબઈ), સ્વ. ક્રિષ્ણાબેન અને સ્વ. મંગળદાસ મોહનલાલ સંઘવીના પુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૬) તે છાયાબેનના પતિ. દર્શના પિતા. ભારતી અભય ગોરડિયાના ભાઈ. ભાનુભાઈ જમનાદાસ ગાંધીના જમાઈ. તા. ૨-૯-૨૫ને મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશામોઢ અડાલજા વણિક**

શ્રી ભાસ્કર શાહ (ઉં.વ.૮૦) હાલ મુંબઈ તે સ્વ. ઉષાબેનના પતિ. સ્વ. ચંપાબેન બાપુલાલ શાહના સુપુત્ર. સ્વ. જનક તથા અરુણા જીતેન્દ્ર શાહના ભાઈ. આશિષ, શીતલના પિતાશ્રી. સુચેતા, અમિષના સસરા. સ્વ. જસવંતિબેન કિસનલાલ દામાનીના જમાઈ તા. ૧-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા સેવા સદન મલબારી હોલ, ૧ માળો, ૩૦/૩૧ પંડિતા રમાબાઈ રોડ, ગામદેવી પોલીસ સ્ટેશનની બાજુમાં, ગ્રાન્ટરોડ (વેસ્ટ). ગુરુવાર, તા. ૪-૯-૨૫, ૪.૩૦થી ૬.૩૦ લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

મૂળ ગામ ડુંગર, હાલ મીરા રોડ, શ્રી દિનેશ ચંપકલાલ મહેતા (ઉં.વ. ૮૩) મંગળવાર, તા. ૨ સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓ કિરણબેનના પતિ. નિખિલ અને શીતલના પિતા. ઉર્મિલાબેનના સસરા. જિયાનના દાદા. તેમ જ સ્વ. નટવરલાલ, સ્વ. શરદભાઈ અને સ્વ. રમેશભાઈ, સ્વ. કોકિલાબેન, ભાનુબેન, પુષ્પાબેન, કુસુંબેન અને ચેતનાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લોઠપુરવાળા હાલ નાલાસોપારા, સ્વ. નરશીદાસ ગીરધરલાલ મહેતાના પુત્ર મહેન્દ્ર મહેતા તે હંસાબેનના પતિ. રાહુલ મહેન્દ્ર મહેતા તથા અ.સૌ. પ્રિયા મહાવીર ગવારેના પિતા. ગં.સ્વ. ભારતીબેન સુરેશભાઈ, ગં.સ્વ. નયનાબેન ચીમનભાઈ, ગં.સ્વ. ઈલાબેન મનસુખલાલ, અ.સૌ. વિમલબેન ઘનશ્યામભાઈ, ગં.સ્વ. ચંદ્રીકાબેન મોહનલાલ, સ્વ. પુષ્પાબેન પ્રતાપરાય, સ્વ. પ્રવિણાબેન સુરેશકુમાર, સ્વ. અનસુયાબેન હરકિશનદાસ, અ.સૌ. રસીલાબેન કનૈયાલાલ, સ્વ. ભારતીબેન રસિકલાલના ભાઈ. ભરૂચવાળા બાબુભાઈ ખોડિયારભાઈ મિસ્ત્રીના જમાઈ. મંગળવાર, તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ શેરડી, હાલે વડોદરા, હેમલતાબેન પાતાર (ઉં.વ. ૧૦૩) તે સ્વ. ભગવાનજી ઉમરશી પાતારના પત્ની. રમેશભાઈ ભગવાનજી પાતાર, મહેશભાઈ ભગવાનજી પાતાર, તારાબેન મામતોરા, દમયંતીબેન ટાટારિયા, કુંજલતાબેન લીયાના માતાજી. કમળાબેન તથા મંજુલાબેનના સાસુ. દેવાંગ, ધવલ, હર્ષિલ અને ઉમેશના દાદી. મનીષા, ધ્રૂતિ, કોમલ અને તન્વીના દાદી સાસુ. પીહૂ તથા હેતાર્થના પરદાદી તા. ૨-૯-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૯-૨૫ના ૪.૦૦થી ૬.૦૦. પાંજીવાડી, કાંજુરમાર્ગ (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા અંજારિયા**

હરેન્દ્ર કલ્યાણજી સંપટ (ઉં.વ. ૭૭) જે હર્ષા (ચંદ્રલેખા)ના પતિ. સ્વ. કુસુમલતા કલ્યાણજી સંપટના પુત્ર. સ્વ. શાંતિબેન ધરમસિંહ શ્રોફના જમાઈ. જિજ્ઞેશ અને ભાવેશના પિતા તથા વૈશાલી અને રચનાના સસરા. વંદના, વિનોદ, જયશ્રી અને દક્ષાના ભાઈ, તા. ૨-૯-૨૫ મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૯-૨૫ના ગુરુવારે ૫ થી ૬.૩૦. સ્વામીનારાયણ મંદિર હોલ, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગીનગર બોરીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ બ્રાહ્મણ**

ગામ કુકડીઆ હાલ માટુંગા, બાલકૃષ્ણ કરૂણાશંકર ત્રિવેદી (ઉં.વ. ૮૧) તા. ૨/૯/૨૫ને મંગળવારે દેવલોક પામ્યા છે. તે સ્વ. ઉષાબેનના પતિ. હિરેન અને વૈશાલીના પિતાશ્રી. મેહુલ બકુલ વૈધના સસરા. હેત્વીના નાના. સ્વ. પ્રવિણભાઈ, ભારતીબેન જયંતીલાલ આચાર્ય, મીનાબેન હરેશકુમાર ઠાકર, સુરેખાબેન દિપકકુમાર તલરેજાના ભાઈ. બ્રહ્મપુરી નિવાસી સ્વ. પાર્વતીબેન મનસુખરામ જેઠારામ યાજ્ઞિકના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૪/૯/૨૫ને ગુરુવારે ૫.૦૦ થી ૭.૦૦. શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૮- તેલંગ રોડ, કલ્યાણ જ્વેલર્સની બાજુમાં, માટુંગા (સે.રે.). શ્વસુરપક્ષની પ્રાર્થનાસભા સાથે જ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

વિજય સંપટ (ઉં.વ. ૯૦) તે સ્વ. મણીભાઈ જીવણદાસ સંપટના પુત્ર. શોભનાના પતિ. સ્વ. નિશીત, અ.સૌ. કાજલ મનીષ બોહરાના પિતા. સ્વ. કલ્યાણજી ત્રિકમદાસ મોરપરિયાના જમાઈ. સ્વ. જ્યોત્સના દેવિદાસ નેગાન્ધી, દિપક અને રાજના ભાઈ, મંગળવાર તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫-૯-૨૫, ૫ થી ૭. ઈન્ડિયા બુલ્સ બ્લુ, વરલી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ પોરબંદર હાલ ભિવંડી, સ્વ. ઇલાબેન તથા જયંતીભાઈ (જનુભાઈ) કાલિદાસ કાપડિયાના સુપુત્રી બીનાબેન (ઉં.વ. ૬૧) તા. ૨/૯/૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે ચેતના કિશોરકુમાર પંચમતીયા તથા રાકેશની બેન. રોનક તથા વિનાયકના માસી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

મૂળ લીંબડી હાલ મુંબઈ, સ્વ. ચંદ્રકાન્ત કરસનદાસ વીંછીના ધર્મપત્ની ગં. સ્વ. જનકબેન, તે રમેશભાઈ, સ્વ. મધુબેન દુબલ, જયાબેન કપુર, જ્યોત્સ્નાબેન વલેરાના ભાભી. લત્તાબેનના જેઠાણી. દિપેશ, મોહિત, ચૈતાલીના ભાભુ. પડધરીવાલા સ્વ. અમૃતલાલ ઉકાભાઇ પડિયાની દીકરી, તા. ૧/૯/૨૫ સોમવારના અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા ૪/૯/૨૫ ગુરુવાર ૪ થી ૬. શ્રી મુંબઈ ઉપનગર, પરજીયા સહકાર સોસાયટી, સોનીવાડી, સિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. હસુમતીબેન પરમાનંદભાઈ પરમારના સુપુત્ર નવીનભાઈ (ઉં.વ. ૬૨) તે હેમાબેનના પતિ. નીધી ભાવેશકુમાર ચૌહાણ અને સાગરના પિતાશ્રી. ગૌતમ અને રાજેશના ભાઈ. અરવિંદભાઈ ધનજીભાઈ વઢવાણાના જમાઈ, રવિવાર, ૩૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવારે તા. ૪/૯/૨૫ના ૫ થી ૭. શ્રી લુહાર સુતાર જ્ઞાતિની વાડી, વિશ્વકર્મા ચોક, અંબાજી મંદિરની બાજુમાં, દત્તપાડા મેઈન રોડ, કાર્ટર રોડ નં- ૩, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સાંતાક્રુઝ નિવાસી, હાલ કાંદિવલી, ચુનીલાલભાઈ બેચરદાસ ઠક્કર (ઉં.વ. ૮૫), તા. ૨/૯/૨૫ના મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણીબેન તથા સ્વ. બેચરદાસ પ્રેમજી ઠક્કર (ચોલેરા)ના સુપુત્ર. ગં. સ્વ. ઇન્દુમતીબેન અને સ્વ. જ્યોત્સ્નાબેનના પતિ. સ્વ. મંજુલાબેન ભાણજીભાઇ, સ્વ. રેખાબેન (તારાબેન) મનસુખલાલ, સ્વ. પ્રભાબેન મનોજકુમાર, ગં.સ્વ. રંજનબેન ધીરજલાલના ભાઈ. વંદનાબેન મહેશભાઈ, અનિતાબેન ચંદ્રેશભાઇ, મનીષાબેન યોગેશકુમાર હિંડોચા, બીનાબેન વિરેનભાઈ સંઘાણીના પિતાશ્રી. નરેન્દ્રભાઈ (ભીખુભાઇ) ગોરધનદાસ જોબનપુત્રા, અમરસીભાઇ મુલજીભાઈ નથવાણીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૪/૯/૨૫ના ગુરુવાર ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ મહુવાવાળા, બોરીવલી, સ્વ. બાબુલાલ ખીમજીભાઈ પરમારના પત્ની, ગં. સ્વ. ત્રિવેણીબેન (ઉં.વ. ૭૭) સુધીર, દિપક, પારૂલબેન સંજયકુમાર પરમાર, હર્ષદાબેન તુષારકુમાર રાણાના માતા. હર્ષા તથા રીટાના સાસુ. ધીરુભાઈ કાંતિભાઈ, ગુણવંતરાયના ભાભી. સ્વ. કાનજીભાઈ કરસનભાઈ મકવાણાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૫/૯/૨૫ના ૫ થી ૭. લુહારસુથાર વાડી, કાર્ટર રોડ નં - ૩, અંબાજી માતા મંદિરની પાસે, બોરીવલી ઈસ્ટ.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ ધારગણી હાલ કાંદિવલી, સ્વ. લાભુબેન નાનજીભાઈ વાળા (ઉં.વ. ૯૦) તે ડાયાભાઈ, જેરામભાઈ, અરજણભાઈ, હરીબેન ગોરધનભાઈ, અંબાબેન શામજીભાઈ, નર્મદાબેન ગોવિંદભાઈના ભાભી. બગસરાવાળા ભગવાનભાઈ જીવરાજભાઈ, શાંતિભાઈ, મનસુખભાઈ, દિનેશભાઈના બહેન. સ્વ. નરેન્દ્રભાઈ નાનજીભાઈ, મનસુખભાઈ બાલુભાઈ, સુરેન્દ્રભાઈ નાનજીભાઈના સાસુ. મનસુખભાઈ, હિમતભાઈ, હિતેશભાઈ, સંજયભાઈ, કિશોરભાઈના ભાભુકાકી, શોભનાબેન, અનિતાબેન, ભાવનાબેનના માતા. તા. ૧-૯-૨૫ના શ્રી રામચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૦૫-૦૯-૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી (પૂર્વ).

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

# મહિલાની ભાગીદારીને કઈ કઈ રીતે આવકારવી...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



તાજેતરમાં ૨૫ ઓગસ્ટના 'સ્ત્રી સમાનતા દિવસ' ની ઉજવણી કરવામાં આવી. આ દિવસ સ્ત્રીઓને સમાન અધિકારો અને તક મળવા માટેના સંઘર્ષને યાદ કરાવે છે, જેમ કે અમેરિકામાં ૧૯મી સુધારા હેઠળ મતદાનનો અધિકાર મેળવવાની ઘટના. જોકે, આજના વૈશ્વિક સંદર્ભમાં, આ દિવસ માત્ર ઐતિહાસિક ઘટના જ નથી, પરંતુ સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાને દૂર કરવાની પ્રેરણા છે. આ સંદર્ભમાં, પુરુષોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પુરુષોએ મહિલાઓની ભાગીદારીને માત્ર સ્વીકારવી જ નહીં, પરંતુ એમને પ્રોત્સાહિત અને આવકારવી જોઈએ.

આપણે માનીએ છીએ કે આ દિશામાં ઘણું કામ થઈ ગયું છે. જોકે વાસ્તવિકતા હજુ ઘણી કપરી છે, કારણ કે પુરુષોના મનમાં હજુ ય અનેક ક્ષેત્રે ભાગીદારીને લઈને ખ્યાલ જૂના છે એટલે પુરુષોએ પોતાની માનસિકતામાં પરિવર્તન લાવવું જરૂરી છે. સમાનતા એ માત્ર કાયદાકીય અધિકારોની વાત નથી, પરંતુ દૈનિક વર્તનમાં પ્રતિબિંબિત થવી જોઈએ.

ઉદાહરણ તરીકે, પુરુષે પરંપરાગત જાતિ-આધારિત ભૂમિકાઓને પડકારવી જોઈએ. ઘરમાં, જ્યાં મહિલાને પરંપરાગત રીતે રસોઈ, સફાઈ અને બાળકોની સંભાળની જવાબદારી સોંપવામાં આવે છે ત્યાં પુરુષે પણ સ્વયંભૂ આ કાર્યોમાં ભાગીદારી કરવી જોઈએ. આ નાના પગલાંથી મહિલાને એની કારકિર્દી અથવા વ્યક્તિગત વિકાસ માટે વધુ સમય મળે. ઉદાહરણ તરીકે, જો એક પુરુષ પત્નીની સાથે ઘરનાં કામ વહેંચે તો એ મહિલાને એની ક્ષમતાઓને વિસ્તારવા માટે પ્રોત્સાહિત કરે છે. આવી ભાગીદારીથી સંબંધો મજબૂત થાય છે અને સમાનતાનું વાતાવરણ બને છે. બીજું, વ્યાવસાયિક ક્ષેત્રમાં પુરુષોએ મહિલાઓની ભાગીદારીને આવકારવા માટે સક્રિય પગલાં લેવા જોઈએ. કાર્યસ્થળે, જ્યાં મહિલાને હજુ પણ પગારમાં અસમાનતા, પદોન્નતિમાં અવરોધ અને જાતિવાદી વર્તનનો સામનો કરવો પડે છે ત્યાં પુરુષ સાથીઓએ એમના અધિકારોનું સમર્થન કરવું જોઈએ,જેમકે મીટિંગમાં જ્યારે મહિલા કોઈ વિચાર કરે તો પુરુષે તેને માન આપીને સ્વીકારવો જોઈએ અને જરૂર પડે તો તેને વધુ પ્રોત્સાહિત કરવો. વધુમાં, પુરુષ મેનેજરે મહિલાઓ માટે મેન્ટરશિપ પ્રોગ્રામ્સ શરૂ કરવા જોઈએ, જેથી એ નેતૃત્વની જવાબદારીઓમાં વધુ ભાગીદાર બની શકે. આવા પગલાંથી કંપનીઓમાં વિવિધતા વધે છે, જે વ્યવસાયને વધુ નવીન અને સફળ બનાવે છે. અભ્યાસો દર્શાવે છે કે જ્યાં મહિલાઓની ભાગીદારી વધુ હોય છે, ત્યાં કર્મચારીઓનું મનોબળ અને ઉત્પાદકતા વધે છે.


સામાજિક સ્તરે પણ પુરુષે મહિલાઓની ભાગીદારીને આવકારવા માટે જાગૃતિ ફેલાવવી જોઈએ. સમાજમાં હજુ પણ મહિલાઓને નબળી અથવા મર્યાદિત માનવામાં આવે છે, જેમ કે રમતગમત, રાજકારણ અથવા વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં. પુરુષોએ આ સ્ટિરિયોટાઇપ્સને તોડવા માટે પોતાના મિત્રો, કુટુંબ અને સમુદાયમાં વાતચીત કરવી જોઈએ.

ઉદાહરણ તરીકે, જો કોઈ પુરુષ પુત્રને શીખવે કે છોકરીઓ પણ ફૂટબોલ રમી શકે છે અને એમને પ્રોત્સાહિત કરે, તો તે આગામી પેઢીમાં સમાનતાના મૂલ્યોનું એ રોપણ કરે છે. વધુમાં, પુરુષોએ મહિલાઓ વિરુદ્ધના હિંસા અથવા ભેદભાવ વિરુદ્ધ અવાજ ઉઠાવવો જોઈએ, જેમ કે, સોશિયલ મીડિયા પર મહિલાઓની સફળતાને શેર કરીને અથવા જાતિવાદી જોક્સને વિરોધ કરીને. આવી ક્રિયાઓથી સમાજમાં પરિવર્તન આવે છે અને મહિલાઓને વધુ આત્મવિશ્વાસ મળે છે.

બીજા શબ્દોમાં. શિક્ષણ અને જ્ઞાનના ક્ષેત્રમાં પુરુષે મહિલાની ભાગીદારીને પ્રોત્સાહિત કરવી જોઈએ. ઘણા વિસ્તારોમાં મહિલાઓને શિક્ષણમાં અવરોધોનો સામનો કરવો પડે છે, પરંતુ પુરુષ એમને સપોર્ટ કરીને આને બદલી શકે છે ,જેમકે પિતા તરીકે પુરુષે એની પુત્રીઓને વિજ્ઞાન, ટેક્નોલોજી અથવા એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં પ્રવેશ કરવા માટે પ્રેરિત કરવી જોઈએ. વધુમાં, શિક્ષક તરીકે પુરુષોએ વર્ગમાં મહિલા વિદ્યાર્થીઓને સમાન તકો આપવી જોઈએ અને એમના વિચારોને વધાવવા જોઈએ.

આ ઉપરાંત રાજકીય અને નીતિગત સ્તરે પણ પુરુષ સમાજે મહિલાઓની ભાગીદારીને આવકારવા માટે પ્રયત્નો કરવા જોઈએ. રાજકારણમાં મહિલાઓની સંખ્યા હજુ ઓછી છે, પરંતુ પુરુષ નેતાઓએ એમને પાર્ટીમાં અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ.

ઉદાહરણ તરીકે, મહિલા અનામત બિલને સમર્થન આપીને અથવા મહિલા-કેન્દ્રિત નીતિઓને અમલમાં મૂકીને. આવા પગલાંથી સમાજમાં સમાનતા વધે છે અને વિવિધ મુદ્દાઓ પર વધુ વ્યાપક દૃષ્ટિકોણ મળે છે. સ્ત્રી સમાનતા દિવસના આ સંદર્ભમાં, પુરુષોએ યાદ રાખવું જોઈએ કે સમાનતા એ માત્ર મહિલાઓનો મુદ્દો નથી, પરંતુ સમગ્ર સમાજનો. જ્યારે પુરુષો મહિલાઓની ભાગીદારીને આવકારે છે, ત્યારે તેમને પણ વધુ સ્વતંત્રતા મળે છે અને સમાજ વધુ સમૃદ્ધ બને છે. આવા પ્રયત્નોથી આપણે એક એવા વિશ્વનું નિર્માણ કરી શકીએ જ્યાં જેન્ડર એ કોઈ અવરોધ ના રહે. ■



## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# પિરિયડ્સની શરમ શેની?

ડિયર હની,
એક પોડકાસ્ટમાં સિનિયર વાસ્ક્યુયલર સર્જને એક કિસ્સો શેર કર્યો. ૧૮ વર્ષની એક યુવતી એની
પાસે આવે છે. એની હાલત બહુ ખરાબ હોય છે. એ કેટલીક સહેલીઓ સાથે આવી હોય છે. સર્જન
કહે છે : 'દાખલ થવું પડશે' . યુવતી એના પિતાને ફોન કરે છે તો પિતા કહે છે બીજા દિવસે સવારે
જઈશું. યુવતી ઘેર પાછી જાય છે. પણ એની તબિયત એટલી બધી બગડે છે કે મોડી રાત્રે હોસ્પિટલે
જવું પડે છે. ડોક્ટર જુએ છે કે, હાલત ખરાબ છે. ધબકારા માપવા ગયા તો ખબર પડી કે, શ્વાસ તો બંધ
થઇ ગયા છે. ડોક્ટરને અફસોસ થાય છે કે, યુવતીનો જીવ બચાવી ના શક્યા. જો એ પહેલીવાર આવી
હોત ત્યારે દાખલ થઇ ગઈ હોત તો કદાચ બચી જાત....
તને થશે કે, આ કિસ્સો તને કેમ કહું છું? કારણ એ છે કે, આ યુવતીની હાલત એટલે બગડી હતી કે
એણે કેટલીક હોર્મોનલ ગોળીઓ લીધી હતી. અને એ ગોળીઓ કેમ લીધી હતી? માસિક ધર્મ ટાળવા...
કારણ કે, એના ઘેર ધાર્મિક વિધિ હતી અને પૂજામાં એને બેસવું હતું. પિરિયડસ હોય તો પૂજામાં ના બેસી
શકાય એવો આપણો રિવાજ છે. આજે ય, અત્યાધુનિક દુનિયામાં આવી ઘટના બને છે એનું દુઃખ થાય
જ. સદીઓથી આપણે ત્યાં મહિલાઓના માસિક ધર્મ અંગે જે રિવાજો છે એ ખોટા છે અને એ હજુ
ય દૂર થયા નથી. માસિક ધર્મ (પિરિયડ્સ) વિશે સમાજમાં અનેક ખોટા ખ્યાલો અને અંધશ્રદ્ધાઓ ચાલી
આવી છે. ખાસ કરીને, ભારત અને દક્ષિણ એશિયાઈ દેશોમાં.
મને એક બીજો કિસ્સો યાદ આવે છે. ત્યારે મારા તારા લગ્ન થયા નહોતા. પણ આપણા એક મોટી
ઉંમરના સગા ઘેર આવ્યા અને ખબર પડી કે, ઘરની કોઈ મહિલા માસિક ધર્મમાં છે તો એ ઘરમાં અંદર
ના આવ્યા. બહારથી વાત કરીને ચાલી ગયા.
આ માસિક ધર્મ અંગે કેવીકેવી માન્યતા આપણે ધરાવીએ છીએ, જેમ કે, પિરિયડ દરમિયાન સ્ત્રી
અશુદ્ધ હોય છે. પણ એવું નથી. પિરિયડ એક સ્વાભાવિક બાયોલોજિકલ પ્રક્રિયા છે. સ્ત્રીના શરીરમાં
યૂટેરસ (ગર્ભાશય )ની અંદર જામેલા લીંગ પેશી (uterine lining)નું બહાર નીકળવું એ નિયમિત
હોર્મોનલ ચક્રનો ભાગ છે. તેમાં કોઈ પણ જાતની અશુદ્ધિ નથી. આ કહેવું કે સ્ત્રી અશુદ્ધ છે એ એનું
શારીરિક અને માનસિક શોષણ સમાન છે.
આવા સમયમાં ધાર્મિક વિધિમાં મહિલા બેસી ના શકે. આવી પણ માન્યતા મજબૂત છે, પણ આપણે
કેમ સમજતા નથી કે, આ ખ્યાલ પ્રાચીન છે, જ્યારે સ્ત્રી માટે આરામ જરૂરી હતો અને સાફસફાઈનાં
સાધનો ઉપલબ્ધ નહોતાં. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે સેનેટરી પેડ્સ અને અન્ય હાઈજીન
પ્રોડક્ટ્સને લીધે આરામદાયક પરિસ્થિતિ છે. ધાર્મિક વિધિ, પૂજા કે મંદિરમાં પ્રવેશની મનાઈ ક્યારેય
વૈજ્ઞાનિક નથી રહી તે માત્ર સાંસ્કૃતિક માન્યતાઓ છે.
એમ પણ મનાય છે કે, પિરિયડમાં હોય એ સ્ત્રી રસોઈ ન બનાવી શકે. પિરિયડ દરમિયાન રસોડામાં
જવાનું કોઈ નુકસાન નથી. સ્ત્રીના હાથ અશુદ્ધ થઈ જાય છે એ વાતનો પણ વૈજ્ઞાનિક આધાર નથી.
આ સમયમાં છુઆછૂત રાખવી કે એવી સ્ત્રી ખૂણો પાળે એવા ખોટા રિવાજ સ્ત્રીના માનસિક સ્વાસ્થ્ય
માટે પણ હાનિકારક છે. ખૂણો પાળવો એ એના માટે ત્રાસદાયક બની શકે છે. તેના બદલે એને
સહાનુભૂતિ અને સહકાર આપવો જોઈએ.
સાચી વાત તો એ છે કે, પ્રત્યેક સ્ત્રી માટે આ એક સ્વાભાવિક-કુદરતી પ્રક્રિયા છે. દરેક સ્ત્રી માટે પણ
પિરિયડ્સ એ કોઈ શરમની કે સંકોચની વાત નથી. એ સ્ત્રીના જીવનની તાકાત છે આ સમયે એની
સંભાળ રાખવી જોઈએ . એને કોઈ ખૂણામાં ગોંધી રાખવી એ યોગ્ય નથી.
ફિલ્મ અભિનેત્રી તાપસી પન્નુએ બહુ સાચી વાત કરી છે કે, આ વિશે ખુલીને વાત થવી જોઈએ અને
એ કુદરતી પ્રક્રિયા છે એ સમજવું જોઈએ. તાપસીએ તો આ માટે એક એપ બનાવી છે: 'પિરિયડ પાલ'
,એમાં પિરિયડ વિશે વાત થાય છે. એનાં લક્ષણો શું છે અને આ સમયમાં શું કરવું જોઈએ એની સલાહ
અપાય છે. એશ્વર્યા રાયથી માંડી આલિયા ભટ્ટ સુધીની અભિનેત્રીઓ આ વિશે ખુલ્લા દિલે વાત કરે છે.
ન્યારા બેનર્જીએ તો એમ કહ્યું છે કે પિરિયડસને 'પાવર ઓફ ક્રિએશન'નું પ્રતીક માનવું જોઈએ.
અક્ષયકુમારની ફિલ્મ 'પેડમેન' આવેલી અને એ બહુ સફળ થઇ હતી. એમાં સેનેટરી પેડની વાત હતી.
ઘણી સંસ્થાઓ આ પેડ વિનામૂલ્યે વિતરણ કરે છે, પણ હજુ ય ગ્રામીણ વિસ્તાર જ નહિ પણ શહેરી
વિસ્તારમાં ઘણી મહિલાઓ માસિક ધર્મ વેળા સાદા ઘરેલું કપડાથી ચલાવે છે અને એના કારણે એ
બીમાર પડે છે. ઇન્ફેકશન થઇ શકે છે. સાવ સાદી વાત કેમ
આપણને સમજાતી નથી. અને આ માત્ર પુરુષોને જ નહિ પણ
ઘરની અન્ય મહિલાઓને પણ લાગુ પડે છે. આજે ય મોટી ઉંમરની
મહિલાઓ માને છે કે, માસિક ધર્મમાં આમ જ કરાય અને આમ
ના જ કરાય. આપણે બાળકો નાનાં હોય ત્યારે એમને સમજાવવું
પડશે કે, પિરિયડ એક નૈસર્ગિક પ્રક્રિયા છે. મહિલાઓની ભાવના
સમજવી પડશે. એમને હાયજેનિક પ્રોડક્ટ વાપરવા કહેવું પડશે
અને આ જવાબદારી મહિલાઓની છે એનાથી ક્યાંય વધુ પુરુષોની
છે, જેથી કોઈ યુવતી ધાર્મિક વિધિમાં બેસવા માસિક ધર્મ ટાળવા
કોઈ દવા ના લે.
તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# 'મ'ને લગાડો કાનો (મા) પછી ઈશ્વર પણ લાગશે નાનો!

'મા એટલે મા, બીજા વગડાના વા'.

માનો કોઈ પર્યાય હોઈ જ ન શકે. સંતાનો માતાને ગમે એટલું દુઃખ આપે, અપમાન કરે, ઝઘડા કરે પણ માતા હંમેશાં માફ કરી દે. સંતાને મા સાથે ગમે એટલું ખોટું કર્યું હોય પણ પોતાના જણ્યાને જો જરૂર પડી હોય તો બધું ભૂલી જઈને મા પોતાના દીકરા- દીકરીની મદદે દોડી જ જશે.

પુષ્પાબહેન પતિ પરેશભાઈ અને દીકરા રવિ સાથે આનંદથી પોતાનું જીવન વ્યતીત કરી રહ્યાં હતાં . રવિ કૉલેજમાં ભણતો હતો અને પરેશભાઈ નોકરી કરતા હતા. એવાં કાંઈ શ્રીમંત ન હતા પણ પુષ્પાબહેન કરકસરથી સારી રીતે ઘર ચલાવતાં . એમને હરવાફરવા કે ખાવા-પીવાના કોઈ ચટાકા ન હતા, તેથી પતિ પાસે એમની કોઈ ડિમાન્ડ પણ ન રહેતી. સાદું જીવન જીવતાં હતાં. થોડી બચત કરી હતી. દીકરો એન્જિનિયરિંગનું ભણતો હતો. પતિ-પત્નીએ બચાવેલા પૈસામાંથી દીકરાનો ભણતરનો ખર્ચ નીકળી જતો હતો. દીકરો એન્જિનિયર થયો. સારી નોકરી પણ મળી ગઈ. સારો પગાર હતો એટલે પરિવાર ધીમે ધીમે સમૃદ્ધ થવા માંડ્યો. કમાતો-ધમાતો-દેખાવડો એકનો એક દીકરો હોવાને કારણે રવિ માટે સારા શ્રીમંત પરિવારની કન્યાઓ માટે કહેણ આવવા માંડ્યા.

શ્રીમંત પરિવારની રિયા સાથે રવિનું મન મળ્યું. રિયાને પણ રવિ ગમ્યો. રંગેચંગે લગ્ન થયા. સરસ મજાની રૂમઝુમ કરતી વહુ ઘરમાં આવી. બધું બરાબર ચાલતું હતું. પણ સુખ કોઈનું લાંબું ટકતું નથી. સુખ પછી લાઈનમાં દુઃખ ઊભું જ હોય છે. પરેશભાઈ માંદા પડ્યા. ડોક્ટરે ટેસ્ટ કરાવ્યા. અને કમનસીબે પરેશભાઈને કેન્સર ડિટેક્ટ થયું. ઘણી સારવાર છતાં પરેશભાઈને બચાવી ન શકાયા.

પુષ્પાબહેનને બહુ દુઃખ થયું. પતિથી ક્યારેય છૂટા પડ્યાં ન હતાં. પિયર પણ એ પરેશભાઈને મૂકીને ભાગ્યે જ ગયા હશે. પુષ્પાબહેન સૂનમૂન થઈ ગયા. એમાં પરેશભાઈના જતા વહુને છૂટો દોર મળી ગયો. રવિ આખો દિવસ કામ પર જતો રહેતો. બે વર્ષની પુત્રી રિન્કીને પુષ્પાબહેન પાસે મૂકીને રિયા પાર્ટી, પિકનિક, નાટક, સિનેમા, હરવા-ફરવામાં વ્યસ્ત થઈ ગઈ. પુષ્પાબેહન રસોઈ પણ કરે અને રિન્કીને પણ સાચવે. પણ આ બધું કરવું ગમતું ન હતું , પણ પરાણે ખેંચતા હતાં. આટલું બધું કરવા છતાં પુષ્પાબહેનને વહુ રિયા કાંઈ ને કાંઈ સંભળાવ્યા કરતી. તેમના કામમાં ખોડખાંપણ કાઢ્યાં કરતી હતી. દીકરો પણ પત્નીની વાત સાંભળીને પુષ્પાબહેનને કહેતો, 'મમ્મી, તમે થોડું કામ કરતા હો તો તમારો સમય પસાર થાય અને એક્ટિવિટી રહે. આખો દિવસ બેઠા રહો છો એના કરતાં હરતાફરતા રહો તો શરીર સારું ચાલે.'

'અરે બેટા., હું જ તો ઘરનું બધું કામ કરું છું. રિયા તો આખો દિવસ બહાર જતી રહે છે.'



'જો મમ્મી, મને રિયાની વિરુદ્ધ ચઢાવવાની કોશિશ ન કરતા. રિયા તમને પોતાની માની માફક સાચવે છે પણ તમને કદર નથી.'

રવિ પત્નીની બોલી બોલતો હતો. ધીરે ધીરે રિયાની જોહુકમી વધતી ચાલી. ઝઘડા કરવા લાગી. રવિ પણ પત્નીનો પક્ષ લેતો. એક દિવસ રવિ પોતાના માને વૃદ્ધાશ્રમ મૂકી આવ્યો.

પુષ્પાબહેન તો વૃદ્ધાશ્રમમાં શાંતિથી રહેતાં હતાં. ઘરમાં દીકરા-વહુના ટપલાં ખાવા કરતાં અહીં સારું હતું. સરખેસરખી ઉંમરના લોકોની કંપની હતી. પ્રભુભજન કરવા સમય મળતો હતો. પુષ્પાબહેનને દીકરા વહુની તો યાદ આવતી ન હતી, પણ રિન્કીની યાદ આવતી હતી. કહે છે ને કે ' રૂપિયા કરતાં વ્યાજ વધારે વહાલું હોય.' એકાદ બે વાર પુષ્પાબહેન રિન્કીને મળવા ગયા પણ દીકરા-વહુ બેમાંથી એકેય મોં-મન આપ્યું નહીં પછી પુષ્પાબહેને મન વાળી લીધું અને દીકરાને ત્યાં જવાનું બંધ કરી દીધું અને બધી મોહ-માયા સંકેલ લઈ પ્રભુભજનમાં ચિત્ત પરોવ્યું.

એક દિવસ અચાનક દીકરાનો ફોન આવ્યો, 'મમ્મી, જલદી ઘરે આવી જાઓ. રિયાનો એક્સિડન્ટ થઈ ગયો છે.' પુષ્પાબહેન તો હાંફળાંફાંફળાં ઘરે પહોંચ્યાં. રિયાને હોસ્પિટલ લઈ ગયા હતા.. થોડીવારમાં ખબર આવ્યા રિયાને બચાવી શકાઈ નથી. રિયાની અંતિમક્રિયા થઈ. રવિનો વલોપાત પુષ્પાબહેનથી જોવાતો ન હતો. રિયાના ક્રિયા કરમ થઈ ગયા પછી પુષ્પાબહેને જવાની તૈયારી કરી. એ જોઈને રિન્કી બોલી, 'દાદી, તમે ક્યાં જાવ છો? મને એકલી મૂકીને નહીં જતા. મને બહુ ડર લાગે છે.'

'બેટા, મારે તો જવું જ પડે ને? મને તો તારો ડેડી વૃદ્ધાશ્રમમાં મૂકી ગયો છે, હું અહીં કેવી રીતે રહું?' રવિ આ સાંભળતો હતો. દોડીને મા પાસે આવ્યો અને માના ખોળામાં માથું મૂકીને રડી પડ્યો :

'મમ્મી, મને માફ કરી દો. મને અને રિયાને અમારાં કર્મોની સજા મળી ચૂકી છે. અમે તમારી સાથે બહુ ખરાબ વર્તન કર્યું છે. હવે મને અને રિન્કીને તમારી જરૂર છે. અમે બાપ-દીકરી તમારી વગર નહીં જીવી શકીએ. રિન્કીની જવાબદારી હું એકલા હાથે ઉપાડી નહીં શકું. મમ્મી, હવે તમે અહીં જ રહો પ્લીઝ.'

દીકરાની દશા જોઈને માનું હૃદય પીગળી ગયું. પુષ્પાબહેને ઘર, રવિ અને રિન્કીને સંભાળી લીધા. રવિએ રાહતનો શ્વાસ લીધો. રિન્કી દાદીના પ્રેમ અને હૂંફથી સચવાઈ ગઈ.

માને ગમે તેટલો અન્યાય કર્યો હોય તોય સંતાનને જરૂર પડે ત્યારે મા હાજર થઈ જ જાય છે. તેથી જ કહે છે -

'મ'ને લગાડો કાનો (મા)
પછી ઈશ્વર પણ લાગશે નાનો. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



# મારું બાળપણ સંઘર્ષ ને અભાવથી ભરેલું હતું

(ભાગ: ૩)

**નામ: ગીતા બાલી**
**સમય: ૧૮ જાન્યુઆરી, ૧૯૬૫**
**સ્થળ: મુંબઈ**
**ઉંમર: ૩૪ વર્ષ**

હું જે સમયની વાત કરું છું એ સમયે હિન્દી સિનેમા એક જુદા જ પ્રવાહમાંથી પસાર થઈ રહ્યું હતું. હંસા વાડકર, નરગિસ, લીલા દેસાઈ જેવી સરળ અને સુંદર અભિનેત્રીઓ હતી તો બીજી તરફ, માથા ફરેલી અને તુંડ મિજાજી અભિનેત્રીઓ પણ હતી. કેટલાક નિર્માતાઓની જિંદગી આવી અભિનેત્રીઓને કારણે પણ બરબાદ થઈ કારણ કે, અડધી ફિલ્મમાં ઝઘડો કરીને ફિલ્મને રખડાવવામાં આવી હીરોઈનોએ પ્રોડ્યુસરના લાખો રૂપિયા બરબાદ કરી નાખ્યા. જે લોકો સિનેમાની સાથે જોડાય છે એમણે એવું સમજી લેવું પડે કે આ એક ટીમવર્ક છે. ટીમમાં સારા અને ખરાબ બંને પ્રકારના માણસો હોઈ જ શકે, પરંતુ સારી ટીમ બનાવવા માટે માણસ કેવો છે એના કરતાં એ કેટલો ટેલેન્ટેડ છે-ફિલ્મ માટે કેટલો જરૂરી છે એ સમજવું વધુ મહત્ત્વનું છે. હું બહુ ઝડપથી સમજી ગઈ હતી કે, આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટકવું હોય તો છેક પાયાના કર્મચારી, સ્પોટ બોયથી શરૂ કરીને દિગ્દર્શક, નિર્માતા અને ફાયનાન્સર સુધી સૌની સાથે સારી રીતે વર્તવુ જરૂરી છે. મારું બાળપણ સંઘર્ષ અને અભાવથી ભરેલું હતું એટલે મને નાનામાં નાના માણસની તકલીફ સમજાતી... હું સહુ સાથે હળી મળીને કામ કરી શકતી એટલે પણ મને વધારે ફિલ્મો મળતી.

એક વાર 'ઘાયલ'ના આઉટડોર શુટિંગ વખતે હું ટીમના કેટલાક સભ્યો સાથે ગિલ્લીદંડા રમવા લાગી. એ ફિલ્મમાં બે હીરો હતા. શેખ મુખ્તાર અને જવાહર કૌલ. હું તો ગિલ્લીદંડાની ચેમ્પિયન હતી. મેં જેવો દાવ લીધો ને ગિલ્લી ફટકારી એવી સીધી ગિલ્લી શેખ મુખ્તારના કપાળ પર લાગી. તરત ફર્સ્ટ એઈડ બોક્સ મંગાવવામાં આવ્યું અને શેખ મુખ્તારની પાટાપિંડી કરવામાં આવી, પરંતુ ચાલુ શુટિંગમાં કપાળે પાટા સાથે શુટિંગ કેવી રીતે કરવું? એ વખતે અમારી ફિલ્મ 'ઘાયલ' એક ગુજરાતી લેખક વિઠ્ઠલ પંડ્યા લખી રહ્યા હતા. એમણે કેટલાક જબરદસ્ત સજેશન કર્યા અને સ્માર્ટ્લી એ સીન પૂરો થયો, પરંતુ એ દિવસ પછી મેં ગાંઠ વાળી, 'ચાલુ સેટ પર કોઈ સાહસ કરવાં નહીં.'

મારા લગ્નનું સાહસ ચાલુ સેટનું નહોતું... એ તો સિનેમામાં ભજવાય એવું એક દ્રશ્ય મારા જીવનમાં ભજવાયું હતું... લિપસ્ટિકથી માંગ ભરીને શમ્મી (શમશેર) અને હું પરણ્યાં, પરંતુ હવે ઘેર આ વિશે કઈ રીતે કહેવું અને પાપાજી (પૃથ્વીરાજ કપૂર) આ વિશે શું કરશે એ અમારા બંને માટે ચિંતાજનક પ્રશ્ન હતો. એમ શમશેર (શમ્મી) હિંમતવાળા હતા. દિલના સાફ અને જુઠ્ઠું બોલવાથી એમને ખૂબ નફરત હતી. સવારનો ઉજાસ થયો અને પાપાજીની પૂજા પતી કે તરત એમણે ઘેર જઈને અમારાં લગ્નની જાહેરાત કરી. પાપાજીએ ચોખ્ખી ભાષામાં કહી દીધું, 'અગર તુમને શાદી કર લી હૈ તો હમ બડે આદર સે ઉસે અપને ઘર લે આયેંગે લેકિન, અબ ફિલ્મોમેં કામ નહીં કર સકતી. હમારે પરિવાર કે ઉસુલ ઓર આદર્શ બહુ કો સિનેમા મેં નહીં દેખ સકતે.'

એ વખતે તો ઘરમાં દાખલ થવા માટે ઝાઝી ચર્ચા કર્યા વગર શમ્મીએ 'હા' પાડી દીધી, પરંતુ એ મને લેવા આવ્યા ત્યારે મેં એને કહ્યું, 'પાપાજી કો ગલતફહમી કા શિકાર બનાકર મેં ઉસ ઘર મેં નહીં આ સકતી. આજ નહીં તો કલ મુઝે ઉનસે બાત કરની પડેગી ઔર તબ ઉનકા મુજસે વિશ્વાસ ઉઠ જાયેગા. મેં એક બહુ કે તોર પર સન્માન ચાહતી હૂં...' શમ્મી મારી સામે જોઈ રહ્યા. પિતા અને પત્ની વચ્ચે એવા ફસાયા હતા કે એમને સમજાતું નહોતું, શું કરવું જોઈએ!

પાપાજી એ વખતે મોગલ-એ-આઝમનું શુટિંગ કરી રહ્યા હતા. રાજ કપૂર 'ચોરી ચોરી' બનાવી રહ્યા હતા. એમની એક ફિલ્મ 'શ્રી ૪૨૦'નો પ્રીમિયર આવતે અઠવાડિયે હતો... એ એની તૈયારીમાં વ્યસ્ત હતા. શમ્મીએ ઘેર જવાની વાત કરી ત્યારે મારી ધડકન તેજ થઈ ગઈ. પાપાજી પૃથ્વીરાજ કપૂરથી શરૂ કરીને રાજ અને શમ્મી બધા સ્ટાર હતા. રાજ કપૂર અને નરગિસના પ્રણય સંબંધની ચર્ચા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ગાજી રહી હતી. કૃષ્ણા કપૂર એકવાર તો બાળકોને લઈને ઘર છોડવા તૈયાર થઈ ગયાં હતાં, એ મેં પણ અખબારમાં વાંચેલું. આ બધા પછી પાપાજીએ નરગિસજીને ઘરની પુત્રવધૂ તરીકે સ્વીકારવાની અને કૃષ્ણા સાથે ડિવોર્સ લેવાની પરવાનગી આપી નહોતી બલ્કે, એમ કહ્યું હતું કે, જો રાજજી આવું કંઈ પણ વિચારશે તો એમને ઘર અને પરિવાર છોડવો પડશે! આવા આદર્શ ધરાવતા પરિવારમાં મને કઈ રીતે સ્વીકાર મળશે! મને સમજાતું નહોતું કે હું ત્યાં જઈને કઈ રીતે વર્તું-એ લોકો મારી સાથે કંઈ રીતે વર્તશે!

હું સરસ તૈયાર થઈને સાડી પહેરીને એમની સાથે એમના ઘેર પહોંચી. પૃથ્વીરાજ કપૂર એ સમયે જુહુ બીચ નજીક આવેલા પૃથ્વી કોટેજમાં રહેતા હતા. (આજનું પૃથ્વી થિયેટર-પછીથી એ જ ઘરને શશી કપૂરે ખરીદીને ત્યાં પૃથ્વી થિયેટર બનાવ્યું.) શમ્મીની કન્વર્ટેબલ બ્યૂક ગાડીમાં અમે ત્યાં પહોંચ્યાં. પાપાજી ધોતી અને ઝભ્ભો પહેરીને મારી પ્રતીક્ષા કરી રહ્યા હતા. મારા સાસુ રામસરણીદેવી પણ હાથમાં આરતી સાથે ઉપસ્થિત હતાં. ભાઈ રાજ કપૂર, કૃષ્ણાભાભી અને રીતુ, રણધીર, ત્રણ વર્ષનો નાનકડો રિશી પણ મારા સ્વાગત માટે હાજર હતા. પાપાજીએ વહાલથી મને આશીર્વાદ આપ્યા. મારો ગૃહપ્રવેશ તો બહુ સરસ રીતે થયો. મારો ઉછેર બહુ ઘરેલુ હતો એટલે પાપાજીને આશ્ચર્ય થાય એટલી ઝડપથી અને એટલી સારી રીતે હું કપૂર પરિવારમાં ગોઠવાઈ ગઈ. કૃષ્ણાભાભી સમગ્ર ઘરનો વહીવટ સંભાળતાં. મારા સાસુ એટલે કે રામસરણીદેવી હવે પૂજાપાઠમાં વધુ રસ લેતાં. હું પણ પરિવારના વહીવટમાં અને રોજિંદા જીવનમાં ઝડપથી ભળી ગઈ... જૂની ફિલ્મોના શુટિંગ જે બાકી હતા એનું કામ પૂરું કરવાની મને પરિવાર તરફથી પરવાનગી હતી, પરંતુ નવી ફિલ્મોની જે ઓફર્સ આવી રહી હતી એનું શું કરવું એ મને સમજાતું નહોતું. એક દિવસ મેં પાપાજી સાથે વાત કરવાનું નક્કી કરી લીધું.

એક રાત્રે ડિનર પછી પાપાજી ઘરના નાનકડા બગીચામાં ખુરશી નાખીને બેઠા હતા ત્યારે હું એમની પાસે ગઈ. એ બહુ વહાલસોયા હતા. વહુઓનો આદર કરતા અને સહુ સાથે સન્માનથી વર્તતા, પરંતુ એમને કંઈ પણ સીધું કહેવાની ઘરમાં કોઈની હિંમત નહોતી. પાપાજી પાસે પરમિશન લેવી હોય તો માજી સાથે વાત કરવી પડે. હું આવી રીતે સીધી બગીચામાં પહોંચી એ જોઈને એમને નવાઈ લાગી હશે. હું ત્યાં જઈને ઊભી રહી. એ કશું બોલ્યા નહીં... મારી સામે જોઈ રહ્યા. થોડી વાર પછી એમણે કહ્યું, 'બૈઠો!'

કદાચ કપૂર ખાનદાનની પહેલી પુત્રવધૂ એના સસરાની સામે ખુરશી પર બેઠી હશે... એમની સામે બેસીને મેં ધીમેથી કહ્યું, 'મારો પરિવાર મારી જવાબદારી છે. મારો ભાઈ ડીગી કમાતો ન થાય ત્યાં સુધીમાં તો મા-બાપનું ધ્યાન રાખવું એ મારી ફરજ છે...' મારી આંખો આપોઆપ છલકાઈ પડી, 'હું ભણેલી નથી. મને અભિનય સિવાય બીજું કંઈ આવડતું નથી અને શમ્મીના પૈસા સ્વીકારવાનું મારા માતા-પિતા માટે અત્યંત અપમાનભર્યું બનશે.' એ સમજી જ ગયા હતા તેમ છતાં મારા કહેવાની રાહ જોતા રહ્યા. મેં કહ્યું, 'તમે રજા આપો તો હું થોડો સમય માટે ફિલ્મોમાં કામ કરવા માગું છું.' એ જવાબ આપ્યા વિના ઊભા થઈ ગયા. હું ત્યાં જ બગીચામાં એકલી બેસી રહી. મેં જે સાહસ કર્યું હતું એ વિશે ઘરના લોકોની શું પ્રતિક્રિયા હશે એ વિચારમાત્ર મને ડરાવી રહ્યો હતો. પાપાજી શમ્મીને શું કહેશે, રાજ ભૈયા શું રિએક્ટ કરશે એ બધા વિચારે મને આખી રાત ઊંઘ ન આવી.

સવારે પૂજા પછી પાપાજીએ સહુને ઘરના ડાઈનિંગ ટેબલ પર એકઠા થવાની સૂચના આપી. સહુના એકઠા થયા પછી પાપાજીએ કહ્યું, 'ગીતા એના પરિવારનો દીકરો છે અને આપણા પરિવારની પુત્રવધૂ... અહીં એ મારી વહુ છે, પણ એના મા-બાપ માટે એણે જે કરવું પડે તે ગીતા કરશે. એને મારા આશીર્વાદ છે.'

ગઈકાલથી એકઠું કરી રાખેલું રૂદન અચાનક જ છુટી ગયું. હું ઉભી થઈને રડતી રડતી પાપાજીને પગે લાગી. એમણે બે હાથ પહોળા કરીને મને એમના ખભાની નજીક લઈ આશીર્વાદ આપ્યા, 'જીતી રહો. ભગવાન તુમ્હારે જૈસી બેટી હર બાપ કો દે...'

(ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# લીવ ઇન કે લીવ આઉટ?



'આ લીવ ઇન એટલે શું?' એમ ગંગાબાએ પૂછ્યું. એના જવાબમાં રમીલાએ હુરટી ભાષામાં લંબાણપૂર્વક હમજાવ્યું કે, 'બા, લીવ ઇન એટલે એક છોકરો અને એક છોકરી (કોઈપણ ઉંમરનાં) પોતાની મરજીથી કોઈ ઘરમાં સાથે રહેવા માંડે, એને લીવ ઇન કહેવાય.'

'તે રમલી, એ લોકો સાત ફેરા ફરે કે પછી કોરટમાં લગન કરીને રહે?'

'ગંગાબા, કોઈ ફેરા નહીં. મા-બાપ પણ નહીં. બસ, છોકરો અને છોકરી જાતે જ નક્કી કરે અને સાથે રહેતાં થઈ જાય, એને લીવ ઇન કહેવાય.'

'ભગવાન! ભગવાન! આ આજકાલના છોકરા- છોકરીઓનું શું થવા બેઠું છે!'

રમલીએ બાનો આક્રોશ શાંત પાડતાં કહ્યું, :

'ગંગાબા, લીવ ઇનમાં રહેવાના ફાયદા ઘણા છે. એક તો કરિયાવર બચી જાય. જાનને જમાડવાનો ખર્ચો બચી જાય અને લાકડે માકડું એની જાતે જ જોડાઈ જાય. એટલે મા - બાપને હારું ઘર, વર, ખાનદાન વગેરે શોધવાની કોઈ ખટપટ જ નહીં.'

'તો રમલી, એક કામ કર. તારી ચાર ભટકેલ ઈના, મીના, ડીકા, રીનાને પણ કહી દે કે જાઓ, છોકરો શોધી (પૈસાવાળો) લીવ ઇનમાં રહેવા માંડો. આમ પણ તું રોજ 'બલા ગળે પડી છે' એમ કહીને બરાડા નાખે છે, એમાં તને થોડી રાહત થશે અને તારી બલાએ જો હારો બકરો પકડી લીધો, તો તારે તો ઘી-કેળાં જ થઈ જહે. હમજી?'

'પણ બા, આ લીવ ઇન સાવ તકલાદી હોય છે. આ લીવ ઇન વાળા જેટલા જલદી ઇન થાય, એટલા જલદી આઉટ પણ થઈ જાય!'

'એટલે?'

'એટલે એમ કે એ લોકો બે - ચાર દિવસમાં લડે અને નહીં ફાવે તો પોતપોતાની બેગ લઈને પાછા પોતપોતાનાં પિયર ભેગાં થઈ જાય છે.'

'બરાબર હમજાવને અલી.'

'તો હાંભળો. હામેવાળી હેમા અમેરિકા ફરવા ગઈ છે, એમ એની બાએ કીધું હતું. ખરું ને? પણ પછી એ બેગ લઈને એક જ મહિનામાં ધોયલાં મોઢે પાછી આવી. એટલે કે એ અમેરિકા નહીં, પણ હુરતમાં એક છોકરા હારે લીવ ઇનમાં રહેવા ગઈ હતી. પણ એની બાને અમેરિકા જવાનું અને નોકરી કરવાનું બહાનું બતાવેલું. પણ પેલા છોકરા સાથે રહેવામાં બંનેએ પોતપોતાનું પોત કેવું છે, એ બતાવી દીધું. એટલે બંને પોતપોતાનાં ઘરે પરત આવી ગયાં.'

'હવે એ બંનેનું હું થહે?'

'બા, એ બંને ફરી પોતપોતાની પસંદગીનો પાર્ટનર, એટલે કે મિત્ર શોધીને સાથે રહેશે લીવ ઇનમાં. અને નહીં ફાવે તો ત્રીજી વાર, ચોથી વાર પણ આવા પ્રયોગ આ છોકરા- છોકરી હવે કરે છે અને એને લીવ ઇન કહેવાય છે. બા, આપણી છોકરીઓને આવી છૂટ થોડી અપાય?'

'તે રમલી, આ હિસાબે અમે લોકો કેટલાં કમનસીબ!'

'એ કેવી રીતે બા?'

'જો રમલી, મેં તો તારા હહરાને લગનના મંડપમાં જ પહેલી વાર જોયલા. ફેરા ફરતી વખતે ખબર પડી કે અભરાઈ ઉપરના ડબ્બા ઉતારવા અને ઘરની છત ઉપરનાં જાળાં પડાવવા માટે આ માણસ હારો કામમાં આવહે. (જોકે નસીબની કોયલી, તે એમાં હો એ તો કામ ની લાયગા.) પણ રમલી, માટલાં પાંહે ઊભા રહીને પાણી માંગે, તે વળી ડબ્બા ઉતારવાનું કે જાળાં પાડવાનું કામ થોડું કરે? રમલી, ત્યારે જો લીવ ઇન જેવું હોત તો ડબ્બાવાળું કામ જો તારા હહરા ની કરતે, તો આપણે હો પિયર ભેગાં થઈ જતે. અને પછી પાછા બીજો કે ત્રીજો ચાન્સ આપણે હો મારતે.'

'તે બા, તમે બાપુજી હારે આખી જિંદગી ખેંચી કાઢી. તો હવે નિરાંત ને? જ્યારે આ લીવ ઇનવાળાને કારણે તો હવે કોઈ પરણતું જ નથી. એનું હું? આપણી ઈના, મીના, ડીકા, રીના વરણાગીમાં ના ના કરતાં રહ્યાં અને હવે કે' છે કે અમારે હવે કોઈ બંધન જોઈતું નથી. અમે મસ્તીથી જીવાય એટલું કમાઈ લઈએ છીએ. એટલે એ સાદી જેલમાં અમારે જવું નથી. તમે જ કહો બા, આ સાત ફેરા હતા, તો સંયુક્ત કુટુંબો જીવી ગયાં. બાકી તો હવે તો છૂટાછેડા, લીવ ઇન ના નાટક, નથી પરણવુંની ફેશન... મુક્ત જીવન જીવવાની લ્હાયમાં સગપણ, સંબંધો અને કુટુંબ વ્યવસ્થા ભાંગી ગઈ છે.'

'તે રમલી, તેં વિચાર્યું છે કે આવું કેમ બને છે? કારણ કે આ નવી પેઢીએ અમારી સાદી જેલની ગૂંગળામણ જોઈ છે. જોહુકમીઓ પણ જોઈ છે. એટલે હવે સ્પ્રિંગ ઊછળી છે. હવે બધા જેમ શ્રીખંડ ચાખીને જ લે કે ખાટો નથી ને? વાસી તો નથી ને? બસ એમ જ, છોકરા છોકરી એકબીજાને પારખી લે, એમાં ખોટું શું છે?'

'બા, તમારી વિચારસરણી તો સાવ મોર્ડન, નવા જમાનાની થઈ ગઈ કે શું?'

'તે રમલી, આ લીવ ઇન સિવાય હો મેં તો કંઈ નવું જ હાંભળ્યું છે. તે હાચું કે?'

'હેની વાત કરો છો બા?'

'આ છોકરી છોકરી હારે અને છોકરા છોકરા હારે રેવા માંડ્યાં છે. તે એવા ચેનચાળાને હું કેવાય?'

'બા, હવે તમારે આ ઉંમરે આ નવા નવા ગતકડાં વિશે જાણીને હું કરવું છે? તમે તમારે હવે માળા લઈને ફેરવો ને ટી.વી. ઉપરના ભક્તિરસના કાર્યક્રમ જોયા કરો ને.'

'રમલી, તેં મને દુનિયાભરની નવાજૂનીની વાત કરી. પણ હું તો તારા કરતાં હો વધારે જાણું છું. આ આખે આખા છાપાં વાંચું છું અને ટી.વી. પર હો રાતે એક બે વાગ્યા હુધી જાતજાતનું જોઉં છું. એટલે આ આજની નવી દુનિયાના બધા રંગો મેં જોયા છે. આ છોકરા છોકરા ને છોકરી છોકરી હાથે રહે છે, એને 'ગે' કહેવાય ગાંડી! આ એકદમ લેટેસ્ટ હમાચાર તને કહું છું. તને એમ કે આ ડોહીને નવી દુનિયા વિશે કંઈ ખબર નથી. પણ તું ભીંત ભૂલે છે! આપણા દૂરના કાકા છે ને, એનો છોકરો 'ગે' છે. એટલે હવે પરણતો નથી. હમજી?'

'તે બા, તમારા સમયમાં કેવો સરસ સમાજ હતો. લોકો કેટલા સારા હતા! હવે તો નથી છાપાં વંચાતાં, નથી ટી.વી. જોવાતું. જ્યાં નજર કરો ત્યાં બધે જાતજાતની ગંદકી અને જાતજાતનાં વ્યભિચારો! તમે તો બા, સારામાં જીવી ગયાં!'

'રમલી, એક વાત હાંભળી લે. દેખાય તે બધું હોનું નથી હોતું. અમારા હમાજમાં હો કાગડા તો કાળા જ હુતા... આજે છે ખુલ્લમ ખુલ્લાં થાય છે, તે ત્યારે અંધારી રાતે પાછળની કાળી કોટડીઓમાં થતું હતું. ત્યારે પણ લીવ ઇન ખેતરો ને કોતરોમાં થતાં અને તૂટી હો જતાં. એની હું વાત કરે.... જૂનાં પુરાણોમાં હો ડોકિયાં કરજે... રાહડા તો ત્યારે હો લેવાતા... આપણે તો ખાલી આંખ જ ખુલ્લી રાખવાની અને મ્હોં બંધ રાખવાનું. હમજી?!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# નિર્દય પ્રામાણિકતાથી પ્રામાણિકભર્યાં પાણી

વેદા શર્મા. સ્કૂલમાં એ પોતાની 'brutly honest' એટલેકે, ક્રૂરતાભરી પ્રામાણિકતા માટે જાણીતી હતી. મનમાં આવે એ બધું કોઈ પણ પ્રકારના ફિલ્ટર વગર બહાર ઓકાતું રહેતું. સત્તર વર્ષની એ તરવરાટભરી ટીન ગર્લ આવી નિર્દયતાથી છલકાતી જાતને પોતાની આગવી લાક્ષણિકતા માનતી. એ માનતી કે પોતાની પાસે છે એવી પ્રામાણિકતા બહુ ઓછા લોકોમાં હોય અને માટે જ એ કિંમતી છે એવું સજ્જડપણે એના મગજમાં ઠસી ગયેલું લોકો એને બોલ્ડ- મુફફટ્- આખાબોલી જેવા શબ્દ વડે નવાજતા. વેદા માટે તો એ બધા ઉપનામો કોમ્પ્લિમેન્ટ સમાન હતા. એ ક્યારેય સમજી ના શકતી કે શા માટે લોકો હંમેશાં સુગર કોટેડ શબ્દોમાં એકબીજાનાં ખોટાં વખાણ કરતાં ફરે છે. 'વિચ' જેવી લાગતી પ્રિશાને શા માટે 'પરી' કહેવાની. જેને જોઈને રાત્રે ડરી જવાય એવી જેનિષાને શા માટે 'આઈ ડ્રીમ ઓફ જીની' જેવી ફિલિંગ આપવાની? કોઈની સાવ ભંગાર પેઈન્ટિંગ પર 'વાઉ' બોલતાં, કોઈનાં જોડકણાંઓની વાહવાહી કરતાં લોકો વેદાની સમજ બહાર હતા.

એની બેસ્ટ ફ્રેન્ડ મહેર, અનેકોવાર એને પ્રેમથી ચેતવતી :

'વેદા, લોકોને સાચું કહેવાની એક રીત હોય. સામેવાળાની લાગણીઓ હર્ટ ના થાય એ રીતે એને સત્યનો આયનો બતાવવો જોઈએ. દરેક વખતે મન ફાવે એવા શબ્દો ના બોલી નખાય, પણ વેદા જેનું નામ. એ સામે કટાક્ષભર્યું સ્મિત કરી કહેતી, ' દંભી અને જૂઠ્ઠા લોકો આ જ રીતે વર્તે, મહેર. હું રિયલ છું - એકદમ સાચી. એ વાત પર મને ગર્વ છે. લોકોએ મારી પ્રામાણિકતાને સહી જતાં શીખવું પડશે.

બસ, આમ વેદા પોતાની ઈમેજ પર કાયમ રહી. ક્રૂરતાભરી પ્રામાણિક- ઈરાદાપૂર્વકની કઠોર. માત્ર શબ્દોથી અંતરને વાઢી નાખતી એક છોકરી.

જોકે, એક દિવસ સ્કૂલમાં અણધારી ઘટના બની. સોમવારની સવાર, વેદા વીકએન્ડની મજા પછી એકદમ એનર્જેટિક. ક્લાસમાં એની નજર રિયા પર પડી. એના લાંબા, સિલ્કી વાળ એકદમ નાના બોબકટમાં ફેરવાઈ ચૂકેલા.



'ઓય, રિયા તું તો એકદમ મશરૂમ જેવી લાગે છે.' સાંભળી ક્લાસ આખો ખીખીયાટા કરવાં લાગ્યો. રિયા ચૂપચાપ પોતાની જગ્યા પર બેસી ગઈ. મહેરે એને ટપારી. 'શું જરૂર હતી આવું કહેવાની?' 'અરે, હું ખોટું નથી બોલતી. સાચું તો કહ્યું.' મહેર મોં બગાડતાં બોલી, 'પણ તે વિચાર્યું નહીં કે, તારા આ સાચાં- ખોટાંની અસર રિયા પર કેવી પડશે?

વેદાએ ખભ્ભા ઉલાળતાં કહ્યું, 'લોકોએ હિંમતવાળા થતા શીખવું પડે. સાચું સાંભળવાની તૈયારી રાખવી પડે. સમજી?'

આમને આમ પ્રસંગો બનતા ગયાં અને વેદાબેન પ્રામાણિકતાના ઝંડા ફરકાવતાં રહ્યાં. અન્યો મોં બગાડી બેસી રહે કે સામે જીભાજોડી કરે. વેદાનો એક જ તકિયા કલામ રહેતો: 'સાચું છે એટલે કીધું.'

અંતે 'ભેંસ સામે શીંગડા ના ભરાવાય' એ કહેવત મુજબ લોકો વર્તવા લાગ્યા. જોકે ચબરાક એવી વેદાએ અમુક સમય બાદ તુરંત નોટિસ કર્યું કે, હમણાંથી મિત્રો,સહાધ્યાયીઓ, પડોશીઓ એનાથી દૂર રહેવા લાગ્યા છે. લંચબ્રેકમાં ચર્ચા હોય કે અસાઈન્મેન્ટમાં મદદ. ગ્રૂપ પ્રોજેક્ટનું સિલેક્શન હોય કે વોલેન્ટિયર્સની વરણી. વેદા સાથે ટીમઅપ કરવા કોઈ તૈયાર થતું નહી. એની સામે કોઈ ચર્ચા કે દલીલ કરતું નહી. એ જે બોલે એમાં હા એ હા કરી લોકો ચાલતી પકડતાં. બીજા તો ઠીક મહેરે પણ વેદાની આસપાસ ફરવાનું ઓછું કરી નાખેલું. હવે વેદાની વાતનો એ ભાગ્યે જ કોઈ વિરોધ કરતી. કારણ એ જાણતી હતી કે, સત્યના શોધક એવા વેદાબેનનો વિરોધ કરવો મતલબ પ્રમાણિકતા પર ભાષણ સાંભળવાની સંપૂર્ણ તૈયારી રાખવી.

આમને આમ તો કેટલા દિવસ ચાલશે... મનમાં મૂંઝાય મરવાનો સ્વભાવ તો વળી વેદાનો હતો નહીં એટલે એક દિવસ બપોરે પોતાની સાથે મહેરને ચૂપચાપ ચાલતી જોઈ વેદાએ હિંમત કરી.

'મહેર સાંભળ, કેમ બધાં મારી સાથે ઓછી વાત કરે છે. તું પણ કંઈ બોલતી નથી. મેં શું ખોટું કર્યું છે કે મારી સાથે આમ અછૂત જેવો વ્યવહાર કરવો પડે છે તમારે?'

જવાબમાં મહેરે એની આંખમાં આંખ પરોવી હળવેથી કહ્યું, 'તું સમજી નથી રહી, વેદા. લોકો તારી પ્રામાણિકતાથી થાકી ગયા છે. તે દિવસે મશરૂમ કીધા પછી રિયા કલાકો સુધી વોશરૂમમાં બેસી રડી. પ્રિયાએ પોતાનો વીડિયો ડિલિટ કરી નાખ્યો કે જેમાં ગાયેલા ગીતને તેં મરશિયાં કીધેલા. અર્જુને દોરેલી ગાયને ગધેડો કહ્યો ત્યારથી એણે પીંછી ઉપાડી નથી. તને એવું લાગે છે કે તું સાચી છે. સત્ય બોલે છે, પણ તારું સત્ય અન્યોને દુ:ખી કરે છે એ તને નથી દેખાતું.

વેદાએ જાતને ડિફેન્સ કરવાની કોશીશ કરી :

'યાર, મારો મતલબ એવો થોડો હોય છે?'

'એ જ તો પ્રોબ્લેમ છે, વેદા. પ્રમાણિકતાની આડ પાછળ છૂપાયેલો આખાબોલો સ્વભાવ તને નથી દેખાતો.તારુંને તારું સત્ય તને ભેરવી રહ્યું છે.' કહી મહેર ત્યાંથી જતી રહી. પાછળ વેદા ક્યાંય સુધી એમ જ ઉભી હતી. પહેલી વખત પ્રામાણિકતાનાં પાણી એની આંખોને પલાળી રહ્યા. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ફેસ્ટિવ વેરમાં શું પહેરશો?





તહેવારોના દિવસો આવે અને સૌથી મોટો પ્રશ્ન જો મહિલાઓને મુંજવતો હોય તો એ છે કે, પહેરવું શું ? કોઈને કપડાં રિપીટ કરવા ગમતા નથી. કપડાં રિપીટ કરવાને બદલે જો આપણે એવા કપડાં વસાવીએ કે જે જરૂર પડે ત્યારે મિક્સ એન્ડ મેચ કરી શકાય. જેથી અચાનક ક્યાંક બહાર જવાનું આવે તો એમ ન લાગે કે શું પહેરશું? ચાલો જાણીયે આપણી પાસે જે પણ કપડાં છે તેની સાથે કઈ રીતે મિક્સ એન્ડ મેચ કરી તહેવારોમાં બેસ્ટ લાગી શકાય.

ગોલ્ડન બ્લાઉઝ - દરેક મહિલા પાસે ગોલ્ડન બ્લાઉઝ હોવું જ જોઈએ. તમે તમારા સ્કિન ટોનને આધારે ગોલ્ડન કલરની પસંદગી કરી શકો જેથી ગોલ્ડન કલર તમારી સ્કિન સાથે ભળી ન જાય.

ગોલ્ડન બ્લાઉઝ કોઈ પણ કલરની સાડી કે ઘાઘરા સાથે મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય. રેગ્યુલર બ્લાઉઝ ન પહેરતા જો ગોલ્ડન બ્લાઉઝ પહેરીયે તો એક ટ્રેન્ડી અને અલગ લુક આવશે.

જો તમારે સાડી ન પહેરવી હોય તો તમે ગોલ્ડન બ્લાઉઝ કોઈ પણ કલરના ઘાઘરા સાથે પહેરી શકો. અને જે કલરનો ઘાઘરો હોય તે જ કલરનો દુપટ્ટો પહેરી એક કમ્પ્લીટ લુક આપી શકાય.

જો તમારી પાસે એકે પ્લાઝો હોય તો પ્લાઝો સાથે ગોલ્ડન બ્લાઉઝ પહેરી તેની સાથે પ્લાઝોના જ કલરનું કે કોન્ટ્રાસ્ટ કલરનું ટ્રાન્સપેરન્ટ જેકેટ પહેરી એક સ્ટાઈલિશ લુક આપી શકાય. આ લુક યન્ગ યુવતીઓ પર વધારે સારો લાગે છે.

શ્રગ - શ્રગ એ કોઈપણ ગારમેન્ટ પર પહેરવામાં આવતું વસ્ત્ર છે. દરેક મહિલાઓ પાસે બે ટાઈપના શ્રગ હોવા જ જોઈએ. એક ટ્રાન્સપેરન્ટ અને બીજું જામેવાર કે બનારસી ફેબ્રિકમાં જેથી મિક્સ એન્ડ મેચ કરવામાં સારું પડે.

ફેસ્ટિવ વેર માટે હેવી ફેબ્રિકમાંથી બનાવેલું શ્રગ એક આગવી ઓળખ ઊભી કરશે. હેવી શ્રગ તમે પ્લેન સાડી પર પહેરી શકો. સાડી પર શ્રગ પહેરવા માટે એક ચોક્કસ પ્રકારની પર્સનાલિટીની જરૂર હોય છે. પ્લેન સાડી સાથે પ્રિન્ટેડ શ્રગ સારું લાગે અને પ્રિન્ટેડ સાડી પર પ્લેન કલરનું શ્રગ પહેરી શકાય. શ્રગની લેન્થ એન્કલ સુધી જ રાખવી જેથી કરી જે આઉટફિટ પર પહેરવા માગો છો તે બન્ને અલગ દેખાય અને સ્ટાઇલિંગ પણ ખબર પડે.

ખાસ ધ્યાન એ રાખવું કે જો તમે પ્રિન્ટેડ શ્રગ પહેરવાના હોવ તો પ્રિન્ટની ડિઝાઇન વર્ટિકલ પસંદ કરવી. જેથી જો તમારી હાઈટ ઓછી હશે તો વેર્ટિકલ પ્રિન્ટને લીધે હાઈટ વધારે લાગશે. એન્કલ લેન્થનું શ્રગ પ્લાઝો અને શોર્ટ ટોપ પર પણ સારું લાગશે. ઘાઘરા સાથે પણ એન્કલ લેન્થનું શ્રગ પહેરી શકાય.

ઘાઘરા સાથે શ્રગ એક રોયલ લુક આપે છે. ડિપેન્ડિંગ તમારો ઘાઘરો કેવો છે. ઘાઘરા સાથે લોન્ગ ચોલી પેહરી અને તેની પર પણ શ્રગ પહેરી શકાય. જો તમારું શરીર સુડોળ હોય તો તમે ઘાઘરા સાથે શોર્ટ ટોપ પહેરી તેની પર શ્રગ પહેરી શકાય . અને જો શરીર ભરેલું હોય તો ઘાઘરા સાથે લોન્ગ ચોળી પહેરી શ્રગ પહેરવું જેથી કરી જો પેટ અને કમરનો ભાગ વધારે હોય તો ખરાબ ન લાગે. તમે તમારા કમ્ફર્ટ મુજબ શ્રગમાં કમર પાસે બટન પણ લગાડી શકો છો.

બનારસી દુપટ્ટા - બનારસી દુપટ્ટા એ એક એવી વસ્તુ છે કે જે ક્યારેય આઉટ ઓફ ફેશન થતું નથી. દરેક મહિલાઓ પાસે બનારસી દુપટ્ટા હોવી જ જોઈએ. બનારસી દુપટ્ટા પહેર્યા પછી એક રોયલ લુક આપે છે. આ દુપટ્ટાને તમે કોઈ પણ આઉટફિટ સાથે પહેરી શકો જેમકે, પ્લેન કુર્તા અને ઘાઘરા સાથે. શર્ત માત્ર એટલી જ કે જે આઉટફિટ સાથે તમે બનારસી દુપટ્ટો પહેરવાનો છો તે આઉટફિટ એટલે કે કુર્તો કે ઘાઘરો સિલ્ક ફેબ્રિકમાંથી બનેલા હોવા જોઈએ.

પ્લેન ડ્રેસ સાથે બનારસી દુપટ્ટો આખો ઓપન કરી પહેરી શકાય જેથી કરી દુપટ્ટાની આખી પ્રિન્ટ દેખાય. બનારસી દુપટ્ટાનો પનો મોટો હોય છે જેથી કરી ઘાઘરા સાથે પણ પહેરી શકાય.

જો તમારી પાસે પિન્ક કલરનો દુપટ્ટો હોય તો આ દુપટ્ટો રોયલ બ્લુ ઘાઘરા સાથે પહેરી શકાય. બનારસી દુપટ્ટો પહેરવા માટે કોન્ટ્રાસ્ટ કલરનો આઉટફિટ સિલેક્ટ કરશો તો વધારે અટ્રેક્ટિવ લુક આવશે. બનારસી દુપટ્ટા સાથે મિનિમલ જ્વેલરી લુક અપનાવવો. બનારસી દુપટ્ટો જ તમારા આખા લુકને કમ્પ્લીટ કરવા માટે સમર્થ છે. ■

ફોકસ પ્લસ

નિધિ શુકલા
feedback.ladki@bombaysamachar.com

# સફેદ વાળ કાળા કરવા છે? આ છે સરળ ઘરેલું ઉપચાર...



**સફેદ વાળ કાળા કેવી રીતે કરવા:**

જો તમારા વાળ નાની ઉંમરે સફેદ થઈ ગયા હોય, તો કલર, મહેંદી અને વાળની ડાઇને બદલે આ ઘરેલું ઉપચારનો ઉપયોગ કરીને તેને કાળા બનાવો.

આજના સમયમાં નાની ઉંમરે પણ સફેદ વાળની સમસ્યા ઘણી જોવા મળે છે. એક સમય હતો જ્યારે વાળ સફેદ થવાને ઉંમર સાથે જોડવામાં આવતું હતું. પરંતુ આજે આપણી ખરાબ ખાવાની આદતો, પ્રદૂષણ અને ખરાબ જીવનશૈલીને કારણે વાળ સફેદ થવાની સમસ્યા જ જોવા મળતી નથી, પરંતુ શરીરમાં બીજી ઘણી સમસ્યાઓ પણ થઈ શકે છે.

સફેદ વાળની સમસ્યાથી છુટકારો મેળવવા માટે આપણામાંથી મોટાભાગના લોકો બજારમાંથી મોંઘા વાળના ઉત્પાદનો ખરીદે છે અને તેનો ઉપયોગ કરે છે, પરંતુ અમે તમને જણાવી દઈએ કે આ રાસાયણિક ઉત્પાદનોનો વધુ પડતો ઉપયોગ આપણા વાળને નુકસાન પહોંચાડી શકે છે.

જો તમે પણ તમારા વાળ કાળા કરવા માટે ઘરેલું ઉપાય શોધી રહ્યા છો, તો અમે તમારા માટે ખાસ ઉપાય લાવ્યા છીએ. આજે અમે તમને કેટલાક સરળ ઘરેલું ઉપાયો જણાવી રહ્યા છીએ, જે ફક્ત સફેદ વાળ કાળા કરવામાં જ મદદ કરી શકતા નથી, પરંતુ વાળને લાંબા અને જાડા બનાવવામાં પણ મદદ કરી શકે છે. તો ચાલો વિલંબ કર્યા વિના તે ઉકેલો જાણીએ.



## ડુંગળી

ઉનાળાની ઋતુમાં ડુંગળીનો ખૂબ ઉપયોગ થાય છે. કારણ કે તેમાં રહેલા ગુણધર્મો શરીરને હીટ સ્ટ્રોકથી બચાવવામાં મદદરૂપ થાય છે. જો તમે સફેદ વાળની સમસ્યાથી પરેશાન છો તો તમે ડુંગળીના રસનો ઉપયોગ કરી શકો છો.



## દહીં

દહીંને પોષણનો ખજાનો કહેવામાં આવે છે. જો તમે સફેદ વાળની સમસ્યાથી પરેશાન છો, તો તમે દહીંમાં હળદર મિક્સ કરીને તમારા વાળ પર લગાવી શકો છો. આ વાળ કાળા કરવામાં મદદ કરી શકે છે.



## આમળા

આમળા એક એવું સુપરફૂડ છે જે સ્વાસ્થ્ય અને સ્વાદ માટે જ સારું નથી પણ વાળ કાળા કરવામાં પણ મદદરૂપ છે. આમળા પાવડરનો ઉપયોગ કરીને તમે સફેદ વાળથી છુટકારો મેળવી શકો છો.




## ચાના પાન

દરેક ઘરમાં દરરોજ ચાના પાંદડાનો ઉપયોગ થાય છે. આપણામાંથી ઘણા લોકો સવારની શરૂઆત ચાથી કરે છે. પરંતુ શું તમે જાણો છો કે જે ચાનો સ્વાદ વધારવા માટે તમે ઉપયોગ કરો છો તે તમારા વાળ કાળા કરવામાં મદદરૂપ થાય છે. ચાના પાંદડામાં સેલરીનો ઉપયોગ સફેદ વાળને કાળા કરવામાં મદદ કરી શકે છે. ■

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# વિધવા પુનર્લગ્નને સમાજ ક્યારે સ્વીકારશે?





હજારો સ્ત્રીઓ અને પુરુષો દર વરસે વિધવા કે વિધુર થાય છે.

- સ્નેહભર્યું દાંપત્ય જીવનારાં સ્ત્રી અને પુરુષને આ આઘાત વસમો લાગે છે,

- પ્રેમાળ જીવનસાથી વિના જીવવું એ કંઈ જેવી તેવી મુસીબત નથી. એકાકી જીવન પોતાની સાથે કેટલીય સમસ્યાઓ લાવે છે.

- વિધવા-અવસ્થા સ્ત્રીઓ માટે આર્થિક સમસ્યાઓ ઊભી કરે છે. તો વિધુર પુરુષો માટે સ્વાસ્થ્યની સમસ્યાઓ ઊભી કરે છે.



- વિધુર કે વિધવા થયાનો પહેલો આઘાત સ્ત્રી કે પુરુષના લાગણીતંત્રને લાગે છે. જીવનસાથી જતાં જીવન જાણે તૂટીને ચૂરેચૂરા થઈ ગયાનો ભાસ થાય છે.

- પુરુષોના સ્વાસ્થ્ય પર તાત્કાલિક અસર એ થાય છે કે એમને શ્વાસ રૂંધાવો, હાર્ટ એટેક અને કોરોનરી થોમ્બોસીસ જેવી બીમારીઓ આવી પડે છે અને એમાંની કોઈક જીવલેણ પણ નીવડે છે.

- જેમનું લગ્નજીવન સુખી રહ્યું હોય,

- પતિ-પત્ની વેલની જેમ એકબીજાને વિંટળાઈને જીવ્યાં હોય એમનાથી આ આઘાત જીરવાતો નથી.

- આ દૃષ્ટિએ જોતાં વિધુરો કરતાં વિધવાઓ આ વિષમ પરિસ્થિતિનો સામનો સારી રીતે કરતી જણાઈ આવે છે. જીવનની આ કઠોર અને નઠોર વાસ્તવિકતાને ઠીકઠીક સ્વીકારતી દેખાય છે.

- આપણા ભારત દેશમાં જ્યાં જ્યાં સંયુક્ત કુટુંબો છે ત્યાં આ સમસ્યાઓ નથી હોતી એવું નથી, પણ એ એટલી બધી જટિલ હોતી નથી કે જેને ઉકેલી ના શકાય.

- હવે ભારતમાંય સંયુક્ત કુટુંબો તૂટવા માંડ્યાં છે અને સંયુક્ત કુટુંબો કરતાં વિભક્ત કુટુંબોની સંખ્યા વધવા માંડી છે ત્યાં પશ્ચિમના દેશોને કનડતી સમસ્યાઓ કનડવા માંડી છે,

- ધર્મનું આલંબન આ સમસ્યાને હળવી કરવામાં સહાયભૂત થઈ શકે એમ છે, પરંતુ એય એટલું સમર્થ અત્યારે રહ્યું નથી.

## સનાતન સત્ય

* લાગણીતંત્ર તૂટવા ઉપરાંત વિધુરો અને વિધવાઓને મૂંઝવતો સવાલ એમની નિરાધાર અવસ્થાનો છે.

* શરીરની પરાધીનતાનો છે.

* એમની દેખભાળ કોણ કરે એનો છે.

- પાશ્ચાત્ય દેશોએ સિનિયર સિટિઝન્સ હોમ અને હોરપાઈસ જેવી વ્યવસ્થા ઊભી કરીને આ સવાલ પોતાની રીતે ઉકેલ્યો છે જેને આ લેખિકાએ તાજેતરના તેના અમેરિકાના પ્રવાસ દરમિયાન નજરોનજર નિહાળી છે.

- આપણા આજાર વડીલો કે વૃદ્ધોની સારસંભાળ યોગ્ય રીતે રાખી શકાય એવી કોઈ કાયમી વ્યવસ્થા આપણે હજી સુધી ઊભી કરી શક્યા નથી.

- એ કરવા માટે આપણી પાસે નાણાં નથી એવું નથી.

- ધાર્મિક ઉત્સવો પછી તે કોઈ પણ જ્ઞાતિ કે સમાજ-જમાત-કોમના કેમ ના હોય! લખલૂટ ખર્ચો થાય છે, પણ

- સમાજને પજવતી આ સમસ્યાને તેના સાચા અર્થમાં ઉકેલવાની દિશામાં કોઈ ખાસ વિચારતું નથી અને એ માટેનો અભિગમેય આપણી પાસે નથી.

- એકાકી પુરુષ કે સ્ત્રી,

- વિધુર કે વિધવા માટે,

- એમની સમસ્યા માટે,

- પુનર્લગ્ન જેવો ઉત્તમ ઉકેલ એકેય નથી,

- પણ વિધુરના પુનર્લગ્ન જેટલું વિધવાના પુનર્લગ્નને આપણા સમાજે હજી સુધી જોઈએ તેટલું સ્વીકાર્યું નથી એટલે કોઈ વિધવા પુનર્લગ્ન માટે હિંમત કરતી નથી,

- એ મનથી ગમે એટલું ઈચ્છતી હોય તો પણ ભલે આજથી સો વરસ પહેલાં કવિ કલાપીએ ગાયું હોય કે,

*દેહ લગ્નની વિધવાને*
*પુનર્લગ્નસમું પુણ્ય નથી*
*અને સ્નેહલગ્નની વિધવાને*
*પુનર્લગ્ન સમું પણ પાપ નથી.* ■

# અમારા લાડકા બાપ્પા


જસ્મીન અતુલ શાહ – ઘાટકોપર – ઈસ્ટ


વિપુલ કનુભાઈ મોદી – ગોરેગાંવ-ઈસ્ટ


સાઉથ ઈંડિયન મહાજન સંગમ – ધારવી



નીલેશ દોશી – કાંદિવલી-વેસ્ટ


રાહુલ ઈન્કેલવ કૂપર હા.સો. – બોરીવલી


ધારા સમીર લહેરી – દહીંસર


લાકડાવાલા ફેમિલી – ગ્રાન્ટ રોડ


વિઘ્નેશ હિતેશ દીવેચા – કેનેડા



વિનય પ્રકાશ મવાણી – ગીરગાંવ-સી.પી.


અક્સર ચા રાજા – કાંદિવલી વેસ્ટ


ધનેશ મહેતા ફેમિલી – બોરીવલી-ઈસ્ટ


રીટા રાજેશ રાવલ – કાંદિવલી-ઈસ્ટ


રુચિતા પરાગ ભટ્ટ – વલસાડ


નરેન્દ્ર સંપટ – કાંદિવલી – વેસ્ટ


રમેશ પટેલ – મીરા રોડ


ઘેબર ફેમિલી શિવાલય – અંધેરી વેસ્ટ


ઘાટકોપર મંડલ – ઈસ્ટ


અમી સંઘવી પૂરવી – બોરીવલી વેસ્ટ


નંદની દિલીપ અમલાની – બોરીવલી-વેસ્ટ


એવરશાઈન એમ્બેસી – અંધેરી-વેસ્ટ


ગિરીશ એમ. પંડ્યા – દહીંસર-વેસ્ટ

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી – ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| छंद | ભાળ |
| छडा | ચંદરવો |
| छान | પજવણી |
| छळ | નાદ |
| छत | સરસ |

### ઓળખાણ પડી?



અનેક સંઘર્ષોનો સામનો કરી વિશિષ્ટ યોગદાન આપનારાં વનસ્પતિ શાસ્ત્રના પ્રથમ ભારતીય મહિલા વૈજ્ઞાનિકની ઓળખાણ પડી?

અ) દર્શના રંગનાથન બ) જાનકી અમ્માલ ક) રાજેશ્વરી ચેટરજી ડ) અદિતિ પંત

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | હ | ૨ જિ | ૩ ક | ■ | ૪ ઉ | ૫ પ | ૬ રો | ક્ત | ■ |
| ક | ■ | ૭ ક | રા | ૮ હ | ■ | ૯ ર | ગ | ■ | ૧૦ અ |
| ૧૧ ર | ૧૨ બ | ર | ■ | ૧૩ લ | ૧૪ ગા | મ | ■ | ■ | સં |
| ૧૫ પૂ | ર | ■ | ૧૬ સ | ન | મ | ■ | ૧૭ સુ | લ | ભ |
| ૧૮ ડા | ક | ણ | ■ | ૧૯ ચ | ડિ | ૨૦ યા | તું | ■ | વ |
| ■ | ત | ■ | ૨૧ જ | લ | યા | ત્રા | ■ | ૨૨ વ | ■ |
| ૨૩ વા | ■ | ૨૪ દ | મ | ન | ■ | ૨૫ ધા | ગ | ડિ | ૨૬ યો |
| ૨૭ ત | ૨૮ ર | ફે | ણ | ■ | ૨૯ ના | મ | ■ | ૩૦ લ | ગ |
| ■ | મ | ■ | ■ | ૩૧ શા | ન | ■ | ૩૨ હા | ■ | બ |
| ૩૩ પો | ટ ત | પો | તા | નું | ■ | ૩૪ ઘા | લ | મે | લ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ■ | ૮ | | ■ | ૯ | ■ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ | | ■ |
| ■ | | ■ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ | | ■ | |
| | ■ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ | |
| ૨૫ | ૨૬ | ■ | ૨૭ | | | ■ | ૨૮ | | |
| ૨૯ | | | | ■ | ૩૦ | ૩૧ | | ■ | ■ |
| ■ | | ■ | ■ | ૩૨ | ■ | | ■ | ૩૩ | ૩૪ |
| ૩૫ | | | | ■ | ૩૬ | | | | |

#### આડી ચાવી

૧. મોટા ઉદ્યોગધંધાનો માલિક (૫)
૪. મારી ભાષા (૪)
૮. સંપત્તિ (૨)
૧૦. શક્તિમાન (૩)
૧૧. નદીની રેતમાં --- નગર મળે ના મળે (૩)
૧૩. જાહોજલાલી, ઐશ્વર્ય, સંપત્તિ (૩)
૧૪. હોડ, કરાર, બોલી (૩)
૧૫. જિદ (૨)
૧૭. સગું (૩)
૧૯. ડહાપણ, કરાર, જ્ઞાન (૪)
૨૧. વૃદ્ધ (૨)
૨૩. ઘર, પરિવાર (૨)
૨૪. તાનસેને મલ્હાર --- (૨)
૨૫. સમાન વસ્તુઓનો સમૂહ (૨)
૨૭. અશ્લીલ, ભૂંડું (૩) (જો. છું.)
૨૮. મીઠાઈ (૩)
૨૯. વીમા કરાર, પૉલિસી (૪)
૩૦. વસ્ત્ર (૩)
૩૨. તમને કોઈ પ્રશ્ન છે? (૧)
૩૩. --- પરવાના ગઝલમાં આવે (૨)
૩૫. અકબરના નવરત્નોમાંનું એક (૪)
૩૬. હકીકત (૫)

#### ઊભી ચાવી

૧. બોલવું તે (૩)
૨. બધાને --- ના કરી શકાય (૩)
૩. સરનામું (૨)
૫. યશ (૨)
૬. સારું શાસન (૪)
૭. ઈશ્વરનું સ્થાનક (૨)
૯. ૭૫મી જયંતીનો ઉત્સવ (૩,૪)
૧૨. વિચારવાનું કામ કરે (૩)
૧૩. મને બહુ ગમ્યું (૩)
૧૬. કર્મને મોગ માનનાર (૪)
૧૭. સ્વપ્નો દેખનાર (૪)
૧૮. કોઈને --- નહીં (૨)
૨૦. 'જમવું'નું આજ્ઞાર્થ (૨)
૨૨. સિદ્ધ, પુરવાર (૩)
૨૪. ગાવું તે (૨)
૨૬. એક શાક (૪)
૨૮. શરીર (૨)
૩૧. બધું જ, સઘળું (૩)
૩૩. શંકા (૨)
૩૪. મા, બા, મોમ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીના સગા ફોઈના એકમાત્ર ભાભીના સસરાના એકમાત્ર જમાઈના પત્નીના પિતા સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) કાકાજી બ) દાદા ક) મામાજી ડ) જેઠ

### જાણવા જેવું

ફૂલ નામની મિશ્ર ધાતુ તાંબું અને કલાઈની મેળવણીથી થાય છે. આ ધાતુ ઉજળી અને સ્વચ્છ ચાંદીના રંગની હોય છે. તેમાં રાખવાથી દહીં અથવા ખાટી ચીજ બગડતી નથી. સારા ફૂલને બેધા કહે છે. સાધારણ ફૂલમાં ચાર ભાગ તાંબું અને એક ભાગ કલાઈ હોય છે, પણ બેધા ફૂલમાં ૧૦૦ ભાગ તાંબું અને ૨૭ ભાગ કલાઈ હોય છે.

### સુડોકુ-૯૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | | ૨ | | ૭ | ૫ | | |
| ૨ | ૫ | | | ૬ | | | | |
| ૭ | | | | ૫ | | | | ૨ |
| | ૯ | | | | | ૬ | | ૮ |
| | ૨ | | | | | | ૪ | |
| ૩ | | ૭ | | | | | ૯ | |
| ૧ | | | | ૩ | | | | ૯ |
| | | | | ૪ | | | ૭ | ૬ |
| | | ૬ | ૫ | | ૮ | | ૧ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૬ | ૨ | ૫ | ૧ | ૪ | ૭ | ૩ | ૮ | ૯ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ |
| ૭ | ૫ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ | ૬ | ૨ |
| ૨ | ૩ | ૬ | ૮ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૧ | ૯ | ૫ | ૬ | ૨ | ૮ | ૩ | ૭ |
| ૫ | ૮ | ૧ | ૨ | ૯ | ૬ | ૭ | ૪ | ૩ |
| ૯ | ૭ | ૪ | ૩ | ૫ | ૮ | ૬ | ૨ | ૧ |
| ૩ | ૬ | ૨ | ૭ | ૧ | ૪ | ૫ | ૯ | ૮ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં વૃદ્ધ વ્યક્તિની ઓળખ આપતો શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો.

અફીણનો કીડો સાકરમાં ન જીવે!

### નોંધી રાખો

ઉદાહરણ આપવું બહુ જ આસન હોય છે, પણ ઉદાહરણ બનવું અત્યંત મુશ્કેલ છે. ઉદાહરણ બનવામાં વધુ સાર છે.

### માઈન્ડ ગેમ

મુખ્યત્વે સાઉથ આફ્રિકામાં જોવા મળતા અને ઓરેન્જ તેમ જ બ્લુ રંગનો સમન્વય ધરાવતા અનોખા ફૂલની ઓળખાણ પડી?

અ) DAISY બ) PASSION FLOWER ક) LANTANA ડ) BIRD OF PARADISE

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| चंग | કમરપટ્ટો |
| चव | સ્વાદ |
| चिंच | આમલી |
| चिंब | ભીનું |
| चेंडू | દડો |

ગુજરાત મોરી મોરી રે: માતા

ઓળખાણ પડી? જ્યોતિ યારાજી

માઈન્ડ ગેમ: BELLADONNA LILY

ચતુર આપો જવાબ — માથું ખંજવાળો: રેવા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) નીતા દેસાઈ (૧૦) હર્ષા મહેતા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) પુષ્પા પટેલ (૧૬) મહેન્દ્ર લોઢાવિયા (૧૭) મીનલ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) નૂતન વિપીન શાહ (૨૧) વિપીન શાહ (૨૨) જીત શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) પ્રવીણ વોરા (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) શ્રદ્ધા આશર (૨૭) નિતીન જયંતિલાલ બજરિયા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) મહેશ દોશી (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) અલકા વાણી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ સંઘવી

# મુંબઈ, પુણે, નાગપુરમાં મેટ્રો, રેલવે, રોડ પ્રોજેક્ટ્સ સહિત ૧૪ મહત્ત્વના નિર્ણયોને રાજ્ય પ્રધાનમંડળની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટે બુધવારે મુંબઈ માટેના અત્યંત મહત્ત્વની વડાલા-સીએસએમટી-ગેટવે ઓફ ઈન્ડિયા મેટ્રો લાઇન સહિત અનેક મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અન્ય મહત્ત્વના પ્રોજેક્ટ્સમાં થાણેમાં રિંગ મેટ્રો, પુણે મેટ્રોની લાઇન-૨ અને લાઇન-૪નું એક્સટેન્શન અને નાગપુર મેટ્રો ફેઝ-૨નો સમાવેશ થાય છે. મુખ્ય પ્રધાનની કચેરીએ આપેલી માહિતી મુજબ રાજ્યે આકસ્મિક જવાબદારીઓ સ્વીકારીને આ પ્રોજેક્ટ્સ માટે લોન પણ મંજૂર કરી હતી.

### મુંબઈ માટે ૨૩૮ એર-કન્ડિશન્ડ લોકલ ટ્રેનો ખરીદવા માટે રૂ. ૪,૮૨૬ કરોડ

કેબિનેટની બેઠકમાં મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ ફેઝ-૩ અને ૩એ (એમયુટીપી-૩ અને ૩એ) પ્રોજેક્ટ હેઠળ ૨૩૮ એર-કન્ડિશન્ડ લોકલ ટ્રેનો ખરીદવા માટે રેલવે બોર્ડ અને રાજ્ય સરકાર તરફથી રૂ. ૪,૮૨૬ કરોડની જોગવાઈને મંજૂરી આપવામાં આવી છે. મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ હેઠળ ૨૩૮ લોકલ ટ્રેનો બાહ્ય લોન લેવાને બદલે સંપૂર્ણપણે રેલવે અને રાજ્ય સરકારના ભંડોળમાંથી ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારનો આમાં ૫૦ ટકા હિસ્સો એટલે કે રૂ. ૨,૪૧૩ કરોડ રહેશે.

## પુણે અને લોનાવલા વચ્ચે ત્રીજી, ચોથી ઉપનગરીય રેલવે લાઇન

કેબિનેટની બેઠકમાં પુણે અને લોનાવલા વચ્ચે ત્રીજી અને ચોથી ઉપનગરી રેલવે લાઇનના નિર્માણને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ મુંબઈ રેલવે વિકાસ નિગમ દ્વારા અમલમાં મૂકવામાં આવશે. લગભગ ૬૩.૮૭ કિમી. ૧૭ સ્ટેશનોવાળા પ્રોજેક્ટ પર લગભગ ૫,૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ પ્રોજેક્ટ પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બનાવવામાં આવશે.

પુણે-લોનાવાલા બ્રોડગેજ રેલવે લાઇન ૧૯૨૭ થી અસ્તિત્વમાં છે. આ રેલવે લાઇન ૧૯૬૦માં ડબલ-ટ્રેક બનાવવામાં આવી હતી. પુણેના ઉપનગરોના વિસ્તરણને કારણે, ૧૯૮૨માં ઉપનગરી રેલવે સેવાઓ શરૂ કરવામાં આવી હતી. પુણે-લોનાવાલા વચ્ચેની લાઇન વધારાના રેલ ટ્રાફિકને સંભાળવા માટે અપૂરતી છે. હાલમાં, આ વિભાગની ઉપયોગિતા ક્ષમતા ૧૧૯% છે. આગામી ૩૦ વર્ષમાં, આ લાઇન પર ૨૮૫ ટકા ભારણ અપેક્ષિત છે. આ માટે, પુણે અને લોનાવાલા વચ્ચે ત્રીજી અને ચોથી લાઇન પર કામ કરવું જરૂરી છે. હાલમાં કાર્યરત લાઇનોનો ઉપયોગ ફક્ત ઉપનગરી સેવાઓ માટે કરવામાં આવશે અને ત્રીજી અને ચોથી લાઇનનો ઉપયોગ લાંબા અંતરની પેસેન્જર અને માલવાહક ટ્રેનો માટે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે જરૂરી ભંડોળના ૩૦ ટકા રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૬૫ કરોડ પૂરા પાડવામાં આવશે. આ પ્રોજેક્ટનો લાભ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન, પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીને થશે. પુણે-લોનાવાલા વિસ્તારમાં મુંબઈથી પુણે એક્સપ્રેસ વેને કિનારે આવેલા લોનાવાલા અને તળેગાંવ મ્યુનિસિપલ કાઉન્સિલના વિસ્તારોને બાદ કરતાં, માવળ તાલુકાના ૭૭ ગામોના વિસ્તાર માટે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમને ખાસ આયોજન સત્તામંડળ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ માટે ભંડોળ એકત્ર કરવામાં મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમનું યોગદાન લેવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટને 'તાત્કાલિક જાહેર પ્રોજેક્ટ' અને 'એમ્બિયન્ટ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ' તરીકે જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ પ્રોજેક્ટ માટે, એમયુટીપી-૨ પ્રોજેક્ટના આધારે રેલવે ટિકિટ પર સરચાર્જ વસૂલવામાં આવશે. આ સરચાર્જમાંથી મળતી રકમ રાજ્ય સરકારના શહેરી પરિવહન ભંડોળ (યુટીએફ)માં જમા કરવામાં આવશે અને જરૂર પડ્યે કેન્દ્રને આપવામાં આવશે.

## થાણેથી નવી મુંબઈ એરપોર્ટ એલિવેટેડ રોડ

કેબિનેટની બેઠકમાં સિડકો દ્વારા થાણેથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એલિવેટેડ રોડના નિર્માણ અને રૂ. ૬,૩૬૩ કરોડના ખર્ચે પ્રોજેક્ટના અમલને મંજૂરી આપવામાં આવી છે. થાણેથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એલિવેટેડ રોડ પ્રોજેક્ટના અંદાજિત ખર્ચને આજે મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ સિડકો કોર્પોરેશન દ્વારા જાહેર-ખાનગી ભાગીદારીના ધોરણે અમલમાં મૂકવામાં આવશે. આ પ્રોજેક્ટ એક મહત્વાકાંક્ષી શહેરી વિકાસ પ્રોજેક્ટ હશે.

## મુંબઈ શહેરી પરિવહન પ્રોજેક્ટમાં ૧૩૬ કિમીના નવા ટ્રેકનું નિર્માણ

મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી-૩ઇ) હેઠળ મુંબઈ રેલવે વિકાસ નિગમ દ્વારા પ્રસ્તાવિત એમયુટીપી-૩ઇને કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. સરકાર ખર્ચના ૫૦ ટકા, એટલે કે રૂ. ૭,૪૫૩ કરોડ ખર્ચશે. પ્રોજેક્ટ હેઠળ, બદલાપુર-કર્જત (૩૨.૪૬ કિમી) વચ્ચે ત્રીજી અને ચોથી રેલવે લાઇન, આસનગાંવ કસારા (૩૪.૯૬૬ કિમી) વચ્ચે ચોથી રેલવે લાઇન અને પનવેલ અને વસઈ (૬૯.૨૨૬ કિમી) વચ્ચે નવા ઉપનગરી રેલવે કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપનગરી રેલવે પ્રોજેક્ટ મુંબઈ રેલવે વિકાસ નિગમ દ્વારા બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને 'તાત્કાલિક જાહેર પ્રોજેક્ટ' અને 'મહત્વાકાંક્ષી શહેરી પરિવહન પ્રોજેક્ટ' તરીકે જાહેર કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, બાંદ્રા (પૂર્વ) ખાતે રેલવેની જમીનના વિકાસમાંથી ઉપલબ્ધ ભંડોળના ૫૦ ટકા રાજ્ય સરકારના હિસ્સા તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવશે અને બાકીનું ભંડોળ શહેરી પરિવહન ભંડોળ (યુટીએફ)માં જમા કરવામાં આવશે. આ ઉપરાંત, એમયુટીપી-૨ જેવા આ પ્રોજેક્ટમાંથી રેલવે ટિકિટ પર સરચાર્જ વસૂલવા અને શક્ય હોય ત્યારે રાજ્ય સરકારના શહેરી પરિવહન ભંડોળમાં આ રકમ જમા કરવા માટે કેન્દ્રને વિનંતી કરવામાં આવશે.

## 'ન્યુ નાગપુર' હેઠળ ઇન્ટરનેશનલ બિઝનેસ એન્ડ ફાઇનાન્સ સેન્ટર વિકસાવાશે: ૬,૫૦૦ કરોડ રૂપિયાની લોન મંજૂર

'ન્યુ નાગપુર' હેઠળ ઇન્ટરનેશનલ બિઝનેસ એન્ડ ફાઇનાન્સ સેન્ટર આઈબીએફસી નાગપુર મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી હેઠળ હિંગણા તાલુકાના ગોધાણી અને લાડગાંવમાં લગભગ ૬૯૨.૦૬ હેક્ટર પર વિકસાવવામાં આવશે. કેબિનેટની બેઠકમાં આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન અને ખર્ચની જોગવાઈને મંજૂરી આપવામાં આવી છે. કુલ રૂ. ૬,૫૦૦ કરોડનો ખર્ચ થવાની ધારણા છે, જેમાં પ્રોજેક્ટના જમીન સંપાદન માટે રૂ. ૩,૦૦૦ કરોડ અને આ સ્થળ પર નવું નાગપુર વિકસાવવા માટે રૂ. ૩,૫૦૦ કરોડનો અંદાજ છે. આ પ્રોજેક્ટ માટે, હાઉસિંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (હુડકો)એ રૂ. ૬,૫૦૦ કરોડની લોન અને આ લોન માટે સરકારી ગેરંટી મંજૂર કરી છે.

## નાગપુરમાં આઉટર રિંગ રોડ, ચાર સ્થળોએ ટ્રક અને બસ ટર્મિનલ બનાવાશે

નાગપુર શહેરની આસપાસ આઉટર રિંગ રોડ અને તેની બાજુમાં ચાર ટ્રાફિક આઇલેન્ડ (ટ્રક અને બસ ટર્મિનલ) વિકસાવવાના પ્રોજેક્ટને નાગપુર મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. નાગપુર શહેર નાગપુર શહેરમાં પ્રવેશતા તમામ હાઇવે સાથે જોડાયેલ છે, જેમાં અમરાવતી નેશનલ હાઇવે, હિંગણા સ્ટેટ હાઇવે, સમૃદ્ધિ હાઇવે, હૈદરાબાદ નેશનલ હાઇવે, ઉમરેડ નેશનલ હાઇવે, ભંડારા નેશનલ હાઇવે, ભોપાલ નેશનલ હાઇવે, કાટોલ નેશનલ હાઇવે, જબલપુર નેશનલ હાઇવેનો સમાવેશ થાય છે, અને નાગપુર શહેર લગભગ ૧૪૮ કિમી લાંબો અને ૧૨૦ મીટર પહોળો છે. ચાર સ્થળોએ ૧૦૦-મીટર પહોળો આઉટર રિંગ રોડ અને ટ્રક અને બસ ટર્મિનલ વિકસાવવામાં આવશે. આનાથી શહેરમાં ઉદ્ભવતા ટ્રાફિક જામના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં મદદ મળશે. આઉટર રિંગ રોડ, ટ્રક અને બસ ટર્મિનલ પ્રોજેક્ટ માટેના કોન્ટ્રાક્ટ માટે સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. શક્યતા અહેવાલ પછી આ પ્રોજેક્ટ માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૧૩,૭૪૮ કરોડ મંજૂર કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટના કુલ ખર્ચમાંથી, જમીન સંપાદન માટે હુડકો દ્વારા રૂ. ૪,૮૦૦ કરોડની લોન એકત્ર કરવા અને આ લોન માટે રાજ્ય સરકાર પાસેથી ગેરંટી આપવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે. પ્રોજેક્ટ માટે જરૂરી બાકીની ૮,૯૪૮ કરોડ રૂપિયાની રકમ રાજ્ય સરકાર દ્વારા નાણાકીય સહાય તરીકે ઓથોરિટીને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## મુંબઈ હાઈ કોર્ટના નવા સંકુલના નિર્માણ માટે રૂ. ૩,૭૫૦ કરોડ

કેબિનેટની બેઠકમાં મુંબઈમાં બાંદ્રા-પૂર્વ ખાતે હાઈકોર્ટના નવા સંકુલના નિર્માણ માટે રૂ. ૩,૭૫૦ કરોડની જોગવાઈને મંજૂરી આપવામાં આવી.

હાઈકોર્ટનું નવું સંકુલ મુંબઈમાં બાંદ્રા (પૂર્વ) ખાતે એક સરકારી વસાહતમાં લગભગ ૩૦.૧૬ એકર જમીન પર બનાવવામાં આવશે. હાઈકોર્ટ રૂમ, ન્યાયાધીશોના ચેમ્બર અને અન્ય અધિકારીઓ અને સ્ટાફ અહીં સ્થિત હશે.

હોલ, ઓડિટોરિયમ, પુસ્તકાલય, ન્યાયાધીશોના રહેઠાણ ઉપરાંત, જગ્યા ધરાવતી પાર્કિંગ જગ્યાઓ અને ઘણી બધી આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

## મુંબઈમાં વડાલાથી ગેટવે ઓફ ઈન્ડિયા મેટ્રો લાઇન-૧૧ માટે રૂ. ૨૩,૪૮૭ કરોડની જોગવાઈ

કેબિનેટની બેઠકમાં મુંબઈના વડાલામાં આવેલા આણિક ડેપોથી કોલાબાના ગેટવે ઓફ ઈન્ડિયા સુધીની મેટ્રો લાઇન-૧૧ના પ્રોજેક્ટ અને તેના માટે રૂ. ૨૩,૪૮૭ કરોડ ૫૧ લાખના જરૂરી ખર્ચની જોગવાઈને મંજૂરી આપવામાં આવી હતી.

મુંબઈ મેટ્રો લાઇન-૧૧ એ મુંબઈ મેટ્રો લાઇન-૪ (વડાલા-થાણે-કાસારવડવલી)નું વિસ્તરણ છે. આ લાઇનનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ વતી બનાવવામાં આવશે. આ રૂટનો ૭૦ ટકા ભાગ ભૂગર્ભમાં છે. તેમાં ૧૩ ભૂગર્ભ અને ૧ ભૂમિ-સ્તરીય સ્ટેશન બનાવવામાં આવશે. આ ૧૭.૫૧ કિમી લાંબા પ્રોજેક્ટને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરની કેબિનેટ સબ-કમિટી દ્વારા પહેલેથી જ મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે, કેન્દ્ર સરકારને ૩,૧૩૭ કરોડ ૭૨ લાખ રૂપિયાની ઇક્વિટી અને ૯૧૬ કરોડ ૭૪ લાખ રૂપિયાની વ્યાજમુક્ત ગૌણ લોન સહાય માટે વિનંતી કરવામાં આવશે.

## થાણે સર્ક્યુલર મેટ્રો, પુણે મેટ્રો લાઈન-૨, લાઈન-૪, નાગપુર મેટ્રો ફેઝ-૨ લોન મંજૂર

કેબિનેટની બેઠકમાં થાણે શહેરમાં સર્ક્યુલર મેટ્રો પ્રોજેક્ટ, પુણે શહેરમાં પિંપરી-ચિંચવડથી નિગડી મેટ્રો રેલ કોરિડોર, સ્વારગેટથી કાત્રજ મેટ્રો રેલ કોરિડોર, વનાઝથી રામવાડી (લાઈન નં. ૨) વનાઝથી ચાંદની ચોક અને રામવાડીથી વાઘોલી (વિઠ્ઠલવાડી) સુધીના એક્સટેન્શન લાઇન અને પુણે મેટ્રો લાઈન-૪ (ખડકવાસલા સ્વારગેટ હડપસર-ખરાડી) અને વારજે-માનિકબાગ (સબ-લાઈન) અને નાગપુર મેટ્રો રેલ ફેઝ-૨ માટે જરૂરી લોન મંજૂર કરવામાં આવી. આ પ્રોજેક્ટ્સ મંજૂર મર્યાદામાં દ્વિપક્ષીય, બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓ અથવા અન્ય સંસ્થાઓ દ્વારા હળવા વ્યાજ દરે લોન મેળવી શકશે. તેમણે આ લોનના મુદ્દલ, વ્યાજ અને અન્ય ચાર્જ ચૂકવવા પડશે.

## પુણે મેટ્રો પર બે નવા સ્ટેશન બાલાજીનગર અને બિબવેવાડીને મંજૂરી

કેબિનેટની બેઠકમાં પુણે શહેરમાં સ્વારગેટથી કાત્રજ મેટ્રો લાઇન પર બે નવા સ્ટેશન બાલાજીનગર અને બિબવેવાડીના નિર્માણ અને કાત્રજ મેટ્રો સ્ટેશનને લગભગ ૪૨૧ મીટર દક્ષિણમાં ખસેડવા માટે ૬૮૩ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપવામાં આવી હતી. સ્વારગેટથી કાત્રજ મેટ્રો રૂટ પર બાલાજીનગર અને બિબવેવાડીમાં વધારાના સ્ટેશન બનાવવાની માંગ છે. આ સંદર્ભમાં જનપ્રતિનિધિઓ તરફથી રજૂઆતો મળી છે. ઉપરાંત, કાત્રજ મેટ્રો સ્ટેશનને પડોશી પીએમપીએમએલ બસ સ્ટેશન સાથે જોડવા માટે તેને દક્ષિણ તરફ લગભગ ૪૨૧ મીટર ખસેડવું પડશે. બે નવા મેટ્રો સ્ટેશનોના નિર્માણ અને ટનલની લંબાઈમાં લગભગ ૪૨૧ મીટરનો વધારો થવાને કારણે ૬૮૩ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. આમાંથી, મહામેટ્રોએ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનને ૨૨૭ કરોડ રૂપિયા ચૂકવવા પડશે.

## ૯મા અને ૧૦મા ધોરણના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ યોજના

સુવર્ણ જયંતિ આદિજાતિ પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ યોજનાને બદલે, રાજ્યમાં ૯મા અને ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકારની પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ યોજના હવે લાગુ કરવામાં આવશે. પ્રધાન મંડળની બેઠકમાં આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. રાજ્યમાં જિલ્લા પરિષદની શાળાઓમાં ધોરણ ૯ અને ૧૦ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સુવર્ણ જયંતિ આદિવાસી પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ યોજના લાગુ કરવામાં આવી રહી છે. આ યોજના અને કેન્દ્ર સરકારની પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ યોજનાની સરખામણી કરીએ તો, કેન્દ્રીય યોજનામાં શિષ્યવૃત્તિની રકમ રાજ્ય યોજના કરતા વધુ છે. તેથી, આ વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકારની પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ યોજના લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આમાં, કેન્દ્ર સરકારની યોજના હેઠળના લાભો પછી સરકારી છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી રકમને બાદ કરતાં બાકીની રકમ છાત્રાલય યોજનામાંથી આપવામાં આવશે.

## સંજય ગાંધી નિરાધાર, શ્રાવણબાળ યોજના હેઠળ નાણાકીય સહાયમાં રૂ. ૧,૦૦૦નો વધારો

સંજય ગાંધી નિરાધાર ગ્રાન્ટ યોજના અને શ્રાવણબાળ સેવા રાજ્ય પેન્શન યોજના હેઠળ અપંગ લાભાર્થીઓની આર્થિક સહાયમાં રૂ. ૧,૦૦૦નો વધારો મંજૂર કરવામાં આવ્યો હતો. આ લાભાર્થીઓને રૂ. ૧,૫૦૦ની નાણાકીય સહાય આપવામાં આવી રહી હતી. હવે તે રૂ. ૨,૫૦૦ થશે. હાલમાં, સંજય ગાંધી નિરાધાર ગ્રાન્ટ યોજના હેઠળ ૪ લાખ ૫૦ હજાર ૭૦૦ લાભાર્થીઓ અને શ્રાવણ બાળ યોજના હેઠળ ૨૪ હજાર ૩ અપંગ લાભાર્થીઓ છે.

## થર્મલ પાવર જનરેશન પ્લાન્ટમાં રાખના ઉપયોગ અંગેની નીતિને મંજૂરી

મહાનિર્મિતી કંપનીના થર્મલ પાવર જનરેશન પ્લાન્ટમાં ઉત્પન્ન થતી રાખના ઉપયોગ અંગેની નીતિને કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની સૂચના મુજબ, થર્મલ પાવર ઉત્પાદન પ્લાન્ટમાં ઉત્પન્ન થતી રાખના ઉપયોગ અંગેની નીતિ ૨૦૧૬માં નક્કી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારની સુધારેલી માર્ગદર્શિકા અનુસાર ઉપરોક્ત નીતિમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ■

# ગણેશવિસર્જન માટે મુંબઈ પાલિકા સજ્જ: ૧૦,૦૦૦ અધિકારી-કર્મચારી તહેનાત

### મુંબઈમાં ૭૦ નૈસર્ગિક અને ૨૯૦ કૃત્રિમ તળાવમાં થશે વિસર્જન



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાને શનિવારે અનંતચતુર્દશીના વિદાય આપવા માટે મુંબઈ શહેર સહિત ઉપનગરમાં આવેલા ૭૦ નૈસર્ગિક અને ૨૯૦ કૃત્રિમ વિસર્જન સ્થળ પર વ્યવસ્થા કરવામાં આવી છે. ગણેશભક્તોને છ ફૂટથી ઓછી ઊંચાઈની મૂર્તિઓને કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવાની અપીલ કરવાની સાથે જ મુંબઈ મહાનગરપાલિકા પોતાના ૧૦,૦૦૦થી વધુ અધિકારી અને કર્મચારીઓને વિસર્જન માટે તહેનાત કરવાની છે.

મુંબઈમાં મહત્ત્વના વિસર્જન સ્થળો પણ પાલિકા દ્વારા છેલ્લાં બે મહિનાથી તૈયારીઓ કરવામાં આવી રહી છે, જેમાં ગણેશમૂર્તિના વિસર્જન માટે આવનારા વાહનો ચોપાટીની માટીમાં ફસાઈ ના જાય તે માટે અને મૂર્તિનું વિસર્જન વિઘ્ન વગર પાર પડે તે માટે વિવિધ ઠેકાણે આવેલી ચોપાટીના કિનારા પર ૧,૧૭૫ સ્ટીલ પ્લેટ તેમ જ નાની ગણેશમૂર્તિના વિસર્જન માટે જુદા જુદા ૬૬ જર્મન તરાફાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ચોપાટીઓ પર સુરક્ષાની દૃષ્ટિએ ૨,૧૭૮ લાઈફગાર્ડ સહિત ૫૬ મોટરબોટ તહેનાત કરવામાં આવી છે. ફૂલ-હારના નિર્માલ્યને જમા કરવા માટે ૫૯૪ નિર્માલ્ય કશ સહિત ૩૦૭ નિર્માલ્ય વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના જુદા જુદા ખાતાના કર્મચારીઓમાં યોગ્ય સમન્વય સાધવા માટે મુખ્ય કંટ્રોલ રૂમ સહિત પ્રશાસકીય વોર્ડના સ્તર પર ૨૪૫ કંટ્રોલરૂમ આવેલા છે. તો સુરક્ષાની દૃષ્ટિએ ૧૨૧ ટાવર વોચ ઊભા કરવામાં આવ્યા છે. વિસર્જન સ્થળ પર ૪૨ ક્રેનની સાથે જ જુદા જુદા વિસર્જન ઠેકાણે ૨૮૭ સ્વાગત કક્ષ તૈયાર કરવામાં આવ્યા છે.

વિસર્જન સ્થળે આવનારા ભક્તો માટે પાલિકાના આરોગ્ય વિભાગ મારફત ૨૩૬ પ્રથમોપચાર કેન્દ્ર સહિત ૧૧૫ ઍમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે. વિસર્જન સ્થળે પ્રકાશ મળી તે માટે ૬,૧૮૮ ફ્લડલાઈટ અને ૧૩૮ સર્ચલાઈટ બેસાડવામાં આવી છે. નાગરિકોની સુવિધા માટે ૧૯૭ તાત્પૂરતા શૌચાલયો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

### કૃત્રિમ તળાવની માહિતી અહીં મળશે

પાલિકાની વેબસાઈટ પર તેમ જ ક્યૂઆર કોડ સ્કેન કરીને ગણેશભક્તો પોતાના ઘરની નજીક આવેલા કૃત્રિમ તળાવના સ્થળની વિગત મેળવી શકશે. મુંબઈમાં પર્યાવરણપૂરક ગણેશોત્સવ માટે પાલિકાએ ૨૯૦ કૃત્રિમ તળાવ તૈયાર કર્યા છે. પાલિકાની વેબસાઈટ પર https://www.mcgm.gov.in/irj/go/km/docs/documents/HomePage%20Data/Whats%20New/ganpati_art_ponds.pdf આ લિંક પર કૃત્રિમ તળાવની યાદી ઉપલબ્ધ છે. આ યાદીમાં સંબંધિત કૃત્રિમ તળાવની ગુગલ મૅપ લિંક પણ ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. તેમ જ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા પાલિકાને વૉટસઍપ ચૅટબૉટ ૮૯૯૯ -૨૨-૮૯૯૯ નંબર કૃત્રિમ તળાવ સંબંધિત માહિતી મેળવી શકાશે.

### નાગરિકોને પાલિકાની સૂચના

ઑગસ્ટથી ઑક્ટોબર દરમ્યાન મુંબઈના દરિયા કિનારા પર બ્લૂ બટન જેલીફિશ અને સ્ટિંગ રે પ્રજાતિની માછલીઓ આવતી હોય છે. તેથી વિસર્જન દરમ્યાન ભક્તોએ શક્ય હોય તો હોય તો દરિયા કિનારામાં વિસર્જન માટે અંદર ઉતરવું નહીં અને મત્સ્યદંશ થાય નહીં તે માટે કાળજી લેવી અને જો કોઈને પગ પર માછલીએ ડંખ માર્યો તો તેમની માટે વૈદ્યકીય કક્ષની સાથે જ ઍમ્બ્યુલન્સ સજ્જ રાખવામાં આવી છે. ભક્તોએ પાણીમાં બહુ ઊંડા જવું નહીં અને પાલિકા દ્વારા નીમવામાં આવેલા પ્રશિક્ષિત મનુષ્યબળાની મદદથી ગણેશમૂર્તિનું વિસર્જન કરવું. પાલિકા જે જગ્યાએ તરવા પર પ્રતિબંધ મૂક્યો છે ત્યાં તરવા માટે ઊતરવું નહીં. દરિયામાં અથવા તળાવમાં કોઈ ડૂબી રહ્યું હોવાનું જણાઈ ઓ તો તરત ફાયરબ્રિગેડ અને પોલીસને અથવા તો લાઈફગાર્ડને તેની જાણ કરવી. વિસર્જન દરમ્યાન કોઈ પણ અફવા પર ધ્યાન આપવું નહીં અને નાના બાળકોની ખાસ કાળજી રાખવી.

### વિસર્જનના દિવસે ભરતી અને ઓટનું ધ્યાન રાખવું

અનંત ચતુર્દશીના દિવસે શનિવારે દરિયામાં સવારના ૧૧.૦૯ વાગે ૪.૨૦ મીટરની ભરતી રહેશે. સાંજે ૫.૧૩ વાગે ઓટ હશે. તો રાતના ૧૧.૧૭ વાગે દરિયામાં ફરી ભરતી હશે અને એ સમયે દરિયામા ૩.૮૭ મીટર ઊંચા મોજા ઉછળશે. બીજા દિવસે રવિવારે સાત સપ્ટેમ્બરના સવારના ૫.૦૬ વાગે ઓટ હશે અને સવારના ૧૧.૪૦ વાગે દરિયામાં ભરતી સમયે ૪.૪૨ મીટર ઊંચા મોજાં ઉછળશે. તેથી ભરતી અને ઓટ દરમ્યાન ભક્તોને સાવધાની રાખવાની અપીલ કરવામાં આવી છે. ■

## ગણેશોત્સવ માટે પાલિકાની તિજોરીમાંથી ₹ ૨૪૭ કરોડનો ખર્ચ

મુંબઈ: ગણેશોત્સવને આ વર્ષે રાજ્ય સરકારે રાજ્ય મહોત્સવનો દરજ્જો આપ્યો હોઈ આ વર્ષે ઊજવણી વધુ જલ્લોષ સાથે થઈ રહી છે, ત્યારે દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ મહાનગરપાલિકાએ ગણેશોત્સવ દરમ્યાન જુદી જુદી સુવિધા ઉપલબ્ધ કરી આપી છે, તેની પાછળ જોકે કરોડો રૂપિયાનો ખર્ચ પાલિકા વર્ષોથી કરતી આવી છે.

ગયા વર્ષે આ સુવિધા ઉપલબ્ધ કરી આપવા માટે પાલિકાએ ૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. તો છેલ્લા ૧૮ વર્ષમાં એટલે કે ૨૦૦૭થી ઑગસ્ટ ૨૦૨૫ સુધીના સમયગાળામાં ગણેશોત્સવ દરમ્યાન જુદી જુદી સુવિધા માટે પાલિકાએ ૨૪૭ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. સૌથી વધુ ખર્ચ ૨૦૨૪-૨૫માં ૫૪.૪૭ કરોડ રૂપિયાનો કરવામાં આવ્યો છે. ૨૦૨૩-૨૪ની સાલમાં ૪૯.૧૦ કરોડ રૂપિયા, ૨૦૨૨-૨૩માં ૩૧.૧૨ કરોડ કર્યો હતો. તો ૨૦૧૮-૧૯માં ફક્ત ૧૦.૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. ત્યારબાદ ૨૦૨૦-૨૧માં આ ખર્ચ ૨૨.૮૮ કરોડ રૂપિયા થયો હતો. ■

## અંધેરીમાં પાણીના ધાંધિયા

મુંબઈ:ગણેશોત્સવ દરમ્યાન જ અંધેરીના ડી.એન.નગરમાં પાણી માટે બબાલ થઈ રહી છે. રસ્તાના કૉંક્રીટીકરણને કારણે પાણીની પાઈપલાઈન પર આવેલા દબાણને કારણે થઈ રહેલા ગળતરને કારણે રસ્તો ધસી પડવાનું સંકટ નિર્માણ થયું છે. તેથી છેલ્લાં થોડા દિવસથી આ પરિસરમાં આવેલી મ્હાડાની નવ બિલ્ડિંગનો પાણી પુરવઠો ખંડિત કરી દેવામાં આવ્યો છે. સ્થાનિકોના દાવા મુજબ છ મહિના પહેલા અહીં કૉંક્રિટીકરણના કામ દરમ્યાન રસ્તાની નીચેથી જતા યુટિલિટીઝ કેબલ તથા પાણીની પાઈપલાઈનના કામ બરોબર થયા નહોતા. તેથી મ્હાડાની પાણીની પાઈપલાઈન દબાઈ ગઈ હતી અને તેમાંથી ગળતર થવા માંડયું હતું. રસ્તાના નીચેથી થઈ રહેલા પાણીના ગળતરને કારણે રસ્તો ધસી પડવાનું જોખમ નિર્માણ થયું હતું. તેથી ગળતરને રોકવા માટે નવ બિલ્ડિંગનું પાણી બંધ કરવામાં આવ્યું છે. બરોબર ગણેશોત્સવમાં નવ બિલ્ડિંગમાં રહેતા ૩૬૦ પરિવારને પાણી માટે વલખા મારવાનો વખત આવ્યો છે.

પાલિકા દ્વારા રહેવાસીઓને ટેન્કર દ્વારા પાણી પુરવઠો કરવામાં આવી રહ્યો છે. છતાં તે પાણી પૂરતું ન હોવાનો દાવો સ્થાનિક રહેવાસીઓ દ્વારા કરવામાં આવ્યો છે. સોમવારે મ્હાડા અને પાલિકાના અધિકારીઓ અહીં નિરીક્ષણ કરી ગયા છે અને તાત્કાલિક ધોરણે કૉંક્રીટીકરણ કરેલા રસ્તાને ખોદીને હવે પાઈપલાઈનના ગળતરને શોધવું પડવાનું છે. ■

## અટલ સેતુ સહિતના ટોલનાકા પર ઈ-વાહનોને ટોલમાફી: જીઆર જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે ટોલ નાકા પર ટોલમાફી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો હતો. તે મુજબ ૨૧ ઑગસ્ટ, ૨૦૨૫થી અટલ સેતુ સહિત મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે તેમ જ સમૃદ્ધી હાઈવે પરના તમામ ટોલનાકા પર ઈલેક્ટ્રિક વાહનોને ટોલમાફી કરવાનો સરકારી આદેશ જાહેર કરવામાં આવ્યો છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે મોટર વાહન કર અધિનિયમ ૧૯૫૮ અંતર્ગત સરકારી આદેશ બહાર પાડીને તમામ પ્રકારના ઈલેક્ટ્રિક વાહનોને અમુક માર્ગ પર પ્રવાસ કરતા સમયે ટોલ નાકા પર છૂટ આપી છે. તે મુજબ ઈલેક્ટ્રિક ફોર વ્હીલરમાં (એમ-ટુ, એમ-૩ અને એમ-૬) શ્રેણીમાં આવતા વાહનો સહિત ઈલેક્ટ્રિક બસ, સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ તેમ જ ખાનગી ઈલેક્ટ્રિક બસમાં (એમ૩, એમ-૬)ને છૂટ આપવામાં આવી છે. આ છૂટ ૨૨ ઑગસ્ટ, ૨૦૨૫ની મધરાતથી લાગુ કરવામાં આવી છે. ■

## થાણેમાં ૧.૩૪ કરોડનો દારૂ જપ્ત: ડ્રાઈવરની ધરપકડ

થાણે: થાણેમાં એક્સાઇઝ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ ટેમ્પોમાંથી ૧.૩૪ કરોડ રૂપિયાનો દેશી બનાવટનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો અને તેનું ગેરકાયદે વહન કરવા બદલ ડ્રાઇવરની ધરપકડ કરી હતી.

એક્સાઇઝ ડિપાર્ટમેન્ટની ફ્લાઇંગ સ્કવોડ દ્વારા મંગળવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી, એમ સ્ટેટ એક્સાઇઝના સુપરિન્ટેન્ડેન્ટ પ્રવીણ તાંબેએ જણાવ્યું હતું. ફ્લાઇંગ સ્કવોડે મંગળવારે ખારીગાંવ વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું અને શંકાને આધારે ટેમ્પોને આંતર્યો હતો. ટેમ્પોની તલાશી લેવામાં આવતાં વિવિધ બ્રાન્ડના દારૂની બોટલો ભરેલા ૧,૪૦૦ બોક્સ મળી આવ્યાં હતાં. આ દારૂ ગોવામાં બનાવવામાં આવ્યો હતો અને મહારાષ્ટ્રમાં તેના વેચાણ પર પ્રતિબંધ છે. (પીટીઆઇ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અફડાતફડીમાંથી પસાર થયા બાદ સેન્સેક્સે અચાનક બાઉન્સ બેક સાથે ૪૧૦ પોઇન્ટનો ઉછાળો માર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિવિધ પરિબળોને કારણે સાવચેતીના માનસ વચ્ચે સત્ર દરમિયાન અનિયિમિત ચાલે અથડાયા બાદ અંતે મેટલ શેરોમાં તેજી અને જીએસટી કાઉન્સિલની બેઠક સંબંધિત આશાવાદને કારણે બુધવારે બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી નીચા મથાળેથી બાઉન્સબેક થઇને પોઝિટવિ ઝોનમાં બંધ થયા હતા. બજારના સાધનો અનુસાર બજારની આગામી ચાલનો આધાર જીએસટી કાઉન્સિલના નિર્ણયની જાહેરાત પર રહશે અને વપરાશલક્ષી સેક્ટર અને શેરોમાં વધુ હલચલ જોવા મળશે.



સેન્સેક્સ ૪૦૯.૮૩ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૮૦,૫૬૭.૭૧ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૬૬૬.૬૮ પોઈન્ટની વધઘટ સાથે ૮૦,૬૭૧.૨૮ પોઇન્ટની ઊંચી સપાટી અને ૮૦,૦૦૪.૬૦ પોઇન્ટની નીચી સપાટી વચ્ચે અથડાયો હતો. જ્યારે, એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૩૫.૪૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૨૪,૭૧૫.૦૫ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

ટાટા સ્ટીલ ૫.૯૦ ટકાના ઉછાળા સાથે ટોપ ગેઇનર બનવ્યો હતો. જ્યારે સેન્સેક્સના અન્ય શેરોમાં ટાઇટન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઇટીસી, એટર્નલ, સ્ટેટ બેન્ક અને ટ્રેન્ટનો સમાવેશ હતો. સૌથી વધુ ઘટનારા શેરોમાં ઇન્ફોસિસ, એનટીપીસી, હિંદુસ્તાન યુનિલીવર, ટી, અદાણી પોર્ટસ અને ભારતી એરટેલનો સમાવેશ હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ટાટા સ્ટીલ ૫.૦૯ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૧.૭૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૬૨ ટકા, આઈટીસી ૧.૧૯ ટકા, ઈટર્નલ ૧.૧૬ ટકા, ટાટા મોટર્સ ૧.૧૫ ટકા, ટ્રેન્ટ ૧.૧૪ ટકા, સ્ટેટ બેન્ક ૧.૦૨ અને એચડીએફસી બેન્ક ૧.૦૦ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૧૯ ટકા, એનટીપીસી ૦.૫૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૪૯ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૪૫ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૩૬ ટકા, ભારતી એરટેલ ૦.૨૭ ટકા, ટેક મહિન્દ્ર ૦.૧૩ ટકા અને એક્સિસ બેન્ક ૦.૧૨ ટકા ઘટ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં ગયા સપ્તાહમાં એકાદ ડઝન જેટલી કંપનીઓએ પ્રવેશ કર્યો હતો. આ સપ્તાહે મેઇનબોર્ડ અને એસએમઇ સેગમેન્ટમાં કુલ સાત આઇપીઓ આવી રહ્યાં છે. વિક્રાન એન્જિનિયરિંગ ત્રણ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો અને અંતે એક ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. એનલોન હેલ્થકેર તેના ઇશ્યૂભાવે જ લિસ્ટેડ થયો હતો. સેબીએ એક જ સપ્તાહમાં ૧૩ કંપનીઓના જાહેર ભરણાંના દસ્તાવેજો પર પરવાનગીનું મતુ માર્યુ છે.

અર્બન કંપનીનો રૂ. ૧,૯૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૫ સપ્ટેમ્બરના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૧૭ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૮થી રૂ. ૧૦૩ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૧૪૫ શેરની છે.

શ્રીંગાર હાઉસ ઓફ મંગલસૂત્રનો રૂ. ૪૦૦.૯૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૫ સપ્ટેમ્બરના રોજ અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ ૧૭ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૫૫થી રૂ. ૧૬૫ પ્રતિ શેર તથા અરજી માટે લોટ સાઇઝ ૯૦ શેરની છે.

બાંધકામ અને ખાણકામ ક્ષેત્રો માટે રેતી, એકત્રીકરણ અને સ્પેરપાર્ટ્સ પર ફોકસ ધરાવતી, એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કંપની ટૌરિયન એમપીએસ લિમિટેડ ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રૂ. ૪૨.૫૩ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૬૨થી રૂ. ૧૭૧ પ્રતિ શેર અને લોટ સાઇઝ ૮૦૦ ઇક્વિટી શેર છે.

આ સપ્તાહે ૧૦૦ કંપનીમાં કોર્પોરેટ એક્શન જોવા મળશે, જેમાં ડિવિડંડ, સ્ટોક સ્પ્લીટ અને બોનસ શેર માટેની રેકોર્ડ ડેટ અને કોર્પોરેટ રિઝલ્ટનો સમાવેશ રહેશે. આ કંપનીઓમાં ત્રિવેણી ટ્રીબ્યુન, ત્રીવેણી એન્જિનિયરિંગ, ગીપક ફર્ટિલાઇઝર, જીએનએફસી, કોન્કોર્ડ બાયોટેક, પતાંજલિ ફૂડ્સ, પ્રેસ્ટીજ, ક્લીન સાયન્સ, ગુજરાત ગેસ, કલ્યાણ જ્વેલર્સ, એનટીપીસી, ઓઇલ ઇન્ડિયા, ઓએનજીસી અને શિપિંગ કોર્પોરેશનનો સમાવેશ છે.

લ્યુપીનને શીઝોફ્રેનિયાની સારવારમાં વપરાતી રિસપેરિડોનના જેનેરિક વર્ઝન માટે યુએસએફડીએની મંજૂરી મળી છે. ક્યુએમએસ મેડિકલ અલાઇડ સર્વિસ ભારતમાં પેશન્ટ સર્વિસ પ્રોગ્રામ (પીએસપી)ને નવો ઓપ આપી રહી છે અને આ માટે કંપની આ ક્ષેત્રની ઉભરતી કંપની સારથી હેલ્થકેર હસ્તગત કરી રહી છે. કંપનીએ ગયા વર્ષે જુલાઈમાં સારથીનો ૫૧ ટકા હિસ્સો લીધો હતો, જ્યારે હવે વધુ ૨૫ ટકા હિસ્સો આ વર્ષે અને બાકીનો ૨૫ ટકા હિસ્સો આવતા વર્ષે હસ્તગત કરશે. કંપની ૧૦૦ શહેરમાં હાજરી નોંધાવી છે અને ટોચની ૫૦ કંપની સહિત ૧૩૦ સંસ્થાકીય ક્લાયન્ટ ધરાવે છે. ભારતમાં ફાર્મા માર્કેટ બે લાખ કરોડની છે.

મારુતિ સુઝુકીએ નવા મોડલ સાથે એસયુવી સેગમેન્ટમાં વિસ્તરણ કર્યું છે. ક્યુપિડ લિમિટેડે જાહેરાત કરી છે કે તેની વર્તમાન બીટુબી નિકાસ ઓર્ડર બુક ૧૧.૫૦ મિલિયન યુએસ ડોલર છે, જે તેના ત્રણ મુખ્ય ઉત્પાદન, મેલ કોન્ડોમ, ફીમેલી કોન્ડોમ અને લુબ્રિકન્ટ્સ માટે રૂ. ૧૦૦ કરોડથી વધુની સમકક્ષ છે. આ ઓર્ડર નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં અમલમાં મૂકવાના છે.

ઇન્ડિયન હોટલ્સે દ્વારકામાં૧૫૮ હોટલની યોજના બનાવી છે. ઓર્ગેનિક અને બાસમતી ચોખાની ઉત્પાદક સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડે ચોખાના સંગ્રહ, જાળવણી અને તૈયારી માટે નેક્સ્ટ જેન સોલ્યુશન અર્થે એક જર્મન ટેકનોલોજી કંપની સાથે વ્યૂહાત્મક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કંપનીએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્ષમતા અને હાજરીનું વિસ્તરણ ચાલુ રાખ્યું છે.

અમેરિકાની ટેરિફ પચાસ ટકા થઇ ગયા પછી તેના સારા અને નરસા પરિણામોની સારી એવી ચર્ચા થઇ હોવા સાથે હવે જીએસટીના સૂચિત ફેરફારો પર બજારનું ધ્યાન કેન્દ્રિત થયું છે. જીએસટી કાઉન્સિલની બેઠક પર ગ્લોબલ ઇન્વેસ્ટર્સની પણ ચાંપતી નજર છે. વૈશ્વિક સ્તરે, સંભવિત દર ઘટાડા અંગે યુએસ ફેડરલ રિઝર્વની કોઈપણ ટિપ્પણી બજારના સેન્ટિમેન્ટ પર નોંધપાત્ર અસર કરી શકે છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે પ્રથમ ક્વાર્ટરના જીડીપી ડેટા ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ દર્શાવે છે, જે વૈશ્વિક અસ્થિરતા સામે બફર ઝોન પૂરું પાડે છે. રોકાણકારો આગામી સ્થાનિક અને યુએસ મેક્રોઇકોનોમિક સૂચકાંકો પર પણ નજર રાખશે, જેમાં પીએમઆઇ ડેટા, બેરોજગારીના દાવાઓ, પગારપત્રકના આંકડા અને બેરોજગારીના આંકડાનો સમાવેશ થાય છે.

વિદેશી ફંડોની પાછલા છ મહિનામાં ઓગસ્ટમાં સૌથી મોટી વેચવાલી નોંધાઇ છે. ઓગસ્ટમાં વિદેશી રોકાણકારોએ શેરબજારમાંથી રૂ. ૩૫,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. ઓગસ્ટ ૨૦૨૫માં, એફપીઆઈએ ભારતીય ઇક્વિટી બજારમાંથી અંદાજે રૂ. ૩૪,૯૯૩ કરોડ પાછા ખેંચી લીધા છે, જે પાછલા છ મહિનામાં સૌથી મોટી વેચવાલી હતી. આ વેચવાલીનું કારણ અમેરિકા દ્વારા ભારતીય નિકાસ પર લાદવામાં આવેલા ભારે ટેરિફ અને સ્થાનિક બજારના ઊંચા મૂલ્યાંકનને આભારી છે. આ સાથે, ૨૦૨૫માં અત્યાર સુધી વિદેશી રોકાણકારોનો કુલ ઇક્વિટી ઉપાડ ૧.૩ લાખ કરોડને પાર કરી ગયો છે.

દરમિયાન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે આશા વ્યક્ત કરી હતી કે ભારત આ વર્ષના પાનખર કે નવેમ્બર સુધીમાં અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ કરશે. તેમણે કહ્યું કે, બંને દેશો વચ્ચેના કરાર માટેની વાટાઘાટોમાં વેપાર બાબતોમાં થોડા ભૂરાજકીય મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ભારતે અમેરિકાએ તાંબા પર લાદેલી પચાસ ટકાની જકાત સામે વાંધો ઊઠાવ્યો છે અને તે અંગે અમેરિકા સાથે ડબલ્યુટીઓમાં ચર્ચા કરવાની માગણી કરી છે. ભારતે અમેરિકા દ્વારા ચોક્કસ તાંબાના ઉત્પાદનો પર ૫૦ ટકા ડ્યુટી લાદવા અંગે વિશ્વ વેપાર સંગઠન (ડબલ્યુટીઓ)ના સેફગાર્ડ કરાર હેઠળ અમેરિકા સાથે પરામર્શ કરવાની માગ કરી છે. આ વર્ષે ૩૦ જુલાઈના રોજ, અમેરિકાએ ચોક્કસ તાંબાના ઉત્પાદનોની તમામ આયાત પર ૫૦ ટકા ડ્યુટીના રૂપમાં એક પગલું અપનાવ્યું હતું. ■

# વૈશ્વિક સોનાએ નવી ઐતિહાસિક ઊંચી સપાટી દર્શાવી
# સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૧૫૯૭ વધીને ૧.૦૬ લાખની પાર, ચાંદીમાં ₹ ૩૮૭નો ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બની રહ્યો હોવાથી ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજર સોનાએ એક તબક્કે ઔંસદીઠ ૩૫૪૬.૯૯ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટી દાખવ્યા બાદ ભાવમાં સાધારણ ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના તથા ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯૦થી ૧૫૯૭ની તેજી આવી હતી, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧.૦૬ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૮૭નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સોનામાં ઝડપી તેજી આગળ ધપતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯૦ વધીને રૂ. ૧,૦૫,૫૯૬ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫૯૭ વધીને રૂ. ૧,૦૬,૦૨૧ના મથાળે રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનામાં આગઝરતી તેજી ફૂંકાઈ ગઈ હોવાથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ તળિયે બેસી ગઈ છે. વધુમાં આજે ચાંદીમાં ખાસ કરીને વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૮૭ના સાધારણ સુધારા સાથે રૂ. ૧,૨૩,૨૨૦ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૫૩૪.૨૮ ડૉલર આસપાસ અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૩૬૦૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી અપીલ કોર્ટે ગત સપ્તાહે ટૅરિફ અંગેના નિર્ણય ગેરકાયદેસરના ગણાવ્યા બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ જણાવ્યું હતું કે તેઓ સુપ્રીમ કોર્ટને તેનો ચુકાદો વહેલો જાહેર કરવા વિનંતી કરશે. એકંદરે સુપ્રીમ કોર્ટનાં ટૅરિફ અંગેના અને ફેડરલ રિઝર્વનાં ગવર્નર લિસા કૂકને પદભ્રષ્ટ કરવાના નિર્ણયમાં જો અપેક્ષિત ચુકાદો ન આવે તો બજારમાં વધુ અનિશ્ચિતતાનો માહોલ ઊભો થવાની ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું ટેસ્ટીલિવના ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવિકે જણાવ્યું હતું.

ગયા મહિને ફેડરલના ગવર્નર લિસા કૂકને સત્તામાંથી દૂર કરવામાં આવતા ફેડરલ રિઝર્વની સ્વતંત્રતા સામે પ્રશ્નાર્થ ઊભો થવાની સાથે હવે કાયદેસરની લડતમાં ટ્રમ્પની પરીક્ષા થનાર છે, જ્યારે બીજી તરફ ટ્રમ્પ ફેડરલ રિઝર્વ પર વ્યાજદરમાં કપાત માટે દબાણ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૨ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હોવાથી સોનાની તેજીને પ્રેરકબળ મળી રહ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે વિશ્વમાં સોનાના સૌથી મોટા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટનું સોનાનું હોલ્ડિંગ ૧.૩૨ ટકા વધીને ઑગસ્ટ, ૨૦૨૨ પછીની સૌથી ઊંચી ૯૯૦.૫૬ ટનની સપાટીએ પહોંચ્યું હતું. વધુમાં હવે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાત માટે મહત્ત્વની ભૂમિકા ભજવનાર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા વધીને ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસાના સુધારા સાથે ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફરીને ૮૮.૦૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ભારત-અમેરિકા વચ્ચે ટૅરિફની ચિંતા અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.



આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૧૫ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૮.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નવી ઐતિહાસિક ૮૮.૧૯ની સપાટી નોંધાવ્યા બાદ ઉપરમાં ૮૭.૯૮ સુધી મજબૂત થઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસા વધીને ૮૮.૦૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા તૂટીને ૮૮.૧૫ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાની સાથે ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકાની ટૅરિફની ચિંતા અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૫૯.૪૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને ૯૮.૧૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૦૯.૮૩ પૉઈન્ટનો અને ૧૩૫.૪૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ વધુમાં ગત ઑગસ્ટ મહિનામાં સર્વિસીસ ક્ષેત્રે ૧૫ વર્ષની સૌથી ઝડપી વૃદ્ધિ જોવા મળતાં સર્વિસીસ પીએમઆઈ આંક આગલા જુલાઈ મહિનાના ૬૦.૫ પૉઈન્ટ સામે વધીને ૬૨.૯ની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખાંડમાં પાંખાં કામકાજે પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૫થી ૩૯૨૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં પાંખાં કામકાજો વચ્ચે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૧૬નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી શુષ્ક રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

તેમ જ મર્યાદિત કામકાજ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬ અને ઉપલા મથાળેથી રૂ. આઠ ઘટીને રૂ. ૪૦૨૬થી ૪૦૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૮૨થી ૪૧૭૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૩૯૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૯૦થી ૪૦૩૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઝિન્ક, કોપર અને બ્રાસ શીટ કટિંગ્સમાં નીચા મથાળેથી સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૫નો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦નો અને નિરસ માગે નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવાયની અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે કોપર વાયરબારમાં ઘટયા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫ના બાઉન્સબૅક સાથે રૂ. ૯૫૨ના મથાળે રહ્યા હતા, જ્યારે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૮૫૨ અને રૂ. ૭૭૪, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૬૩ અને રૂ. ૬૨૦ અને કોપર આર્મિચર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૭ અને રૂ. ૨૭૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી આક્રમક રહેવાની સાથે માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૧૫૩ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૩૫૬ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.

આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૬૫, રૂ. ૨૧૫ અને રૂ. ૨૬૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# આરબીડી પામોલિનમાં આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયા તેલના વાયદામાં ગઈકાલે ૫૦ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૫ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો હતા. આમ આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે આરબીડી પામોલિનમાં કામકાજો રહેતાં ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મથકોના પ્રોત્સાહક અહેવાલે સિંગતેલમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન તાજેતરમાં બ્લુમબર્ગ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં મલયેશિયાનો પામતેલનો સ્ટોક આગલા જુલાઈ મહિનાની સરખામણીમાં ૨.૮ ટકા વધીને ૨૧.૭ લાખ ટન આસપાસ રહ્યો હોવાથી આગામી દિવસોમાં ભાવ દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

આજે સ્થાનિક ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોલ્ડન એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૨ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૨, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આરબીડી પામોલિનમાં છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. વધુમાં આજે ગોલ્ડન એગ્રોની સોયા રિફાઈન્ડમાં ડિસેમ્બર કોન્ટ્રાક્ટમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૨૫માં અને જાન્યુઆરીથી માર્ચ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૨૩૫ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હતી.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧૩૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ ૧૦૦૦થી ૧૧૦૦ના મથાળે ટકેલા ધોરણે રહ્યા હતા.

વધુમાં આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૮૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૫૯૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં થયા હતા. ■

# રાપરના રાજબાઇના મંદિરે યોજાયેલા વાર્ષિક મેળામાં યુવકની સરાજાહેર તીક્ષ્ણ હથિયાર વડે હત્યાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વીતેલા પખવાડિયામાં કરપીણ હત્યાનો ત્રીજો બનાવ બહાર આવ્યો છે જેમાં સીમાવર્તી રાપરમાં મેળામાં મહાલી રહેલા એક યુવકની ધારદાર હથિયારના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દેવાતાં પંથકમાં ભારે ચકચાર પ્રસરી હતી.

આ અંગે રાપર પોલીસ મથકના પી.આઈ જે.બી.બુબડિયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આજે રાપર તાલુકાના કારુડા ગામે રાજબાઇના મંદિરે યોજાયેલા વાર્ષિક મેળામાં ફરી રહેલા ૧૯ વર્ષીય નરેશ સામા કોલી નામના રાપરના મોમાંય વાંઢ વિસ્તારમાં રહેતા યુવકને આડાસંબંધની આશંકાએ એક યુવતીના કાકાએ ધારદાર હથિયારના સેંકડો ઘા મારીને તેની હત્યા કરી નાખી હતી. ફરાર આરોપીને પકડવા માટે કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હોવાનું તેઓએ ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ત્રણ-ચાર દિવસ અગાઉ ભચાઉના નંદગામ નજીક એક શ્રમિકે અન્ય શ્રમિકના માથા પર પથ્થર વડે ઘા મારીને તેનું ઢીમ ઢાળી દીધું હતું, ગત ગુરુવારે ભુજની સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજ પાસે એક તરફી પ્રેમીએ કોલેજમાં અભ્યાસ કરતી યુવતીનું છરી વડે ગળું કાપીને જાહેરમાં હત્યા કરી નાખી હતી. કચ્છ જેવા સરહદી વિસ્તારમાં ટૂંકા ગાળામાં ત્રણ-ત્રણ હત્યાઓથી ચકચાર પ્રસરી છે.■



ભાદરવા સુદ અગિયારસના દિવસે જળ જીલણી એકાદશી તરીકે ઉજવવામાં આવે છે. જુનાગઢમાં એક મંદિરમાં ઠાકોરજીને નૌકા વિહાર કરાવવામાં આવ્યો હતો અને નવા નીરથી ઠાકોરજીને અભિષેક કરાયો હતો... (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# પાવરપટ્ટીના નિરોણા પંથકના ઝુરા ગામમાં નાના-મોટાં પશુઓના શિકાર કરનારા ખૂનખાર દીપડાને સત્વરે પાંજરે પૂરવા માલધારીઓની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સચરાચર વરસાદ બાદ કચ્છના માલધારીઓ પોતાના પશુધનને ચરાવવા માટે લીલાછમ બનેલા સીમાડાઓ તરફ વળ્યા છે એ વચ્ચે સરહદી કચ્છના પાવરપટ્ટી વિસ્તારના નિરોણા પંથકના ઝુરા ગામની ડુંગરોની કોતરોમાં પાછલા કેટલાક દિવસોથી હિંસક પશુ દીપડા દ્વારા પશુઓનું મારણ કરાતું હોવાથી ભયભીત માલધારીઓ દ્વારા આ લોહી તરસ્યા રાની પશુને પીંજરે પૂરવાની માગ કરાઇ રહી છે. અંદાજિત ત્રણથી પાંચ દીપડાઓના આતંકથી ડુંગર વિસ્તારમાં ચરિયાણ કરાવતા પશુપાલકોમાં ભય ફેલાયો છે.

અત્યારસુધી અહીં વિચારનારા દીપડાઓએ એક સપ્તાહ દરમ્યાન ૩૦થી વધારે નાના-મોટા પશુઓનું મારણ કર્યું છે. ઝુરા ગામથી ત્રણેક કિલોમીટરના અંતરે આવેલી અને ડુંગરોથી ઘેરાયેલી સોઢા વસાહતના રહેવાસીઓ મુખ્યત્વે માલધારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, જેમાં ઘેટાં-બકરાં જેવા પશુઓની સંખ્યા પણ વધુ છે. ગામ અને તેની આસપાસ આ નાનાં પશુઓના અનેક વાડા આવેલા છે.

છેલ્લા એકાદ સપ્તાહ દરમ્યાન આ દીપડાએ હુમલો કરી સાતેક બકરીઓનો શિકાર કર્યો છે. સુરલાઈ તરાવી અને ગઢી વાળી તળાવની આસપાસ દિપડાઓનો પરિવાર રહે છે, જેમાં મુખ્યત્વે બે મોટા દિપડા વધારે હિંસક હોતાં પશુપાલકોમાં ભયનો માહોલ છે.

વન વિભાગ દ્વારા મોટા દિપડાને પાંજરામાં પૂરી અને યોગ્ય જગ્યાએ મુકવામાં આવે તેમ નખત્રાણાની રેંજ ફોરેસ્ટ ઓફિસ સમક્ષ રજૂઆત કરાઈ છે. થોડા સમય પહેલાં અબડાસાના રાયધણજર ગામની સીમમાં પણ દીપડો દેખાયો હતો. આ દીપડાએ પણ પશુઓનું મારણ કર્યું હતું. ■

# ઓપરેશન સિંદૂર ટાંકણે પાકિસ્તાન માટે જાસૂસી કરતા કચ્છના નારાયણ સરોવરથી ઝડપાયેલા યુવકની જામીન અરજી ફગાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને ડામવા માટે ભારતીય શસ્ત્ર દળ દ્વારા ગત મે મહિનામાં શરૂ કરવામાં આવેલાં ઓપરેશન સિંદૂર વખતે ગુજરાતના ત્રાસવાદ વિરોધી દળના હાથે નારાયણ સરોવરમાંથી પકડાયેલા દયાપરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા પાકિસ્તાની જાસૂસ એવા સહદેવસિંહ દીપુભા ગોહિલ દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીને અત્રેની નામદાર અદાલતના ન્યાયાધીશ તુષાર ખંધડીયાએ ફગાવી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. પાકિસ્તાની ખુફિયા એજન્સી આઈએસઆઈની મહિલા ઈન્ટેલિજન્સ ઓફિસર અદિતિ ભારદ્વાજએ પાથરેલી પ્રેમજાળમાં સહદેવને ફસાવવામાં આવ્યો હતો અને તેણીના કહેવાથી ગોહિલે ભારતીય નૌસેના અને સરહદી સલામતી દળ વિશેની સંખ્યાબંધ સંવેદનશીલ માહિતી વરચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક થકી પાકિસ્તાન મોકલી હતી જેને બદલે તેને રૂપિયા ૪૦૦૦૦નું મહેનતાણું પણ અપાયું હતું.

દેશના ગદ્દાર સહદેવે ગત જાન્યુઆરી ૨૦૨૫માં જીયોનું સીમકાર્ડ ખરીદ્યું હતું અને ફેબ્રુઆરી-૨૫માં તેણે પોતાના વ્હોટ્સએપનો ઓ.ટી.પી( વન ટાઈમ પાસવર્ડ) પાકિસ્તાની એજન્ટને આપ્યો હતો જેથી આ પાકિસ્તાની મહિલા જાસૂસ પણ વોટ્સએપમાં ભારતની સંવેદનશીલ માહિતીઓને જોઈ શકે. સહદેવ ગોહિલના મોબાઈલ ફોનની ફોરેન્સિક એનાલિસિસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી મોકલાતા આ ફોનથી પાકિસ્તાન સાથે સંખ્યાબંધ માહિતી અને ડેટાની આપ-લે કરવામાં આવી હોવાનું સુરક્ષા એજન્સીઓને જાણવા મળ્યા બાદ એટીએસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પાકિસ્તાની જાસૂસને જે-તે વખતે નલિયાની અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો જ્યાં ૧૧ દિવસના રિમાન્ડ મંજુર કરાયા હતા.મહત્ત્વની બાબત એ છે કે, જાસૂસીના આ કામ માટે લખપતના દયાપરમાં રોકડા રૂપિયા ૪૦,૦૦૦ રૂપિયા સહદેવને કોણ આપી ગયું તે હજુ સુધી તપાસ એજન્સી દ્વારા જાહેર કરાયું નથી. ■

# ભુજની યુવતીના હત્યા કેસમાં સહ આરોપી યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરના એરપોર્ટ રિંગરોડ પર આવેલી સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજમાં બીસીએના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતી ભાનુશાલી સમાજની ૧૯ વર્ષીય સાક્ષી જેઠાલાલ ખાનિયાનું ગળું કાપીને સરાજાહેર હત્યા કરાયાના સમગ્ર શિક્ષણ જગતના અરેરાટી સર્જી જનાર ઘટનામાં મુખ્ય આરોપી એવા મોહિત મુળજી સિદ્ધેશ્વરા સાથે મોટરસાઇકલ પર આવેલા મેઘપર બોરીચીના સહ આરોપી જયેશ જયંતીજી ઠાકોરની ભુજ આ-ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી. ગત ગુરુવારે સાંજે સંસ્કાર કોલેજની બહાર આ બનાવ બન્યો હતો જેમાં આરોપી મોહિતે તેના ફોન નંબરને બ્લોક કરી દેવાના મામલે ઉગ્ર બોલાચાલી કર્યા બાદ, યુવકે તેણીનું ગળું કાપી, સરાજાહેર કરપીણ હત્યા કરી હતી.સારવાર દરમ્યાન આ હતભાગી યુવતીનું મોત થતાં શુક્રવારે આ બનાવ હત્યાની ઘટનામાં પલટાયો હતો. હત્યારા સાથે આવેલા જયેશ જેયંતીજી ઠાકોરને પણ પીઠના ભાગે છરી વાગતા ઈજાગ્રસ્ત થયો હતો. બનાવ બાદ સાક્ષી અને સહ આરોપીને સારવાર માટે લઇ જવામાં આવ્યા હતા. ગુરુવારથી હોસ્પિટલના બિછાને રહેલા સહ આરોપીની સારવાર પૂર્ણ થયે પોલીસે તેની ધરપકડ કરી હતી. અગાઉ મુખ્ય આરોપી મોહિતની અટકાયત બાદ ચાર દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. ■

# અંજારના વીરામાં ટ્રકનું પૈડું ફાટ્યા બાદ તેની ડીશ ઊડીને લાગતાં શ્રમજીવી માતાનું મોત, પુત્રી ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અંજાર તાલુકાના વીરા ગામમાં ઇંટ ખાલી કરવા આવેલી ટ્રકનું પૈડું ધડાકાભેર ફાટ્યા બાદ તેની મિસાઈલ જેમ ઉડેલી ડીશ ઊડીને લાગતાં શાંતિબેન બબાભાઇ ભીલ (ઉ.વ. ૪૦)નું મોત થયું હતું, જ્યારે તેમની પુત્રીને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભચાઉના જૂનાવાડા મોરીવારામાં રહેતા શાંતિબેન તથા તેમની ૨૦ વર્ષીય પુત્રી વર્ષા તથા અન્ય શ્રમિકો મંગળવાર સાંજના અરસામાં પ્રહલાદસિંઘ ત્રિલોકસિંઘ રાવત સાથે ટ્રકમાં વીરા ખાતે ઇંટો ખાલી કરવા આવ્યા હતા. અહીં મજૂરો વાહનમાંથી ઊતરી તેની નજીકમાં બેઠા હતા એ વેળાએ ટ્રકને રિવર્સ લેતાં આગળનું પૈડું ધડાકાભેર ફાટતાં તેમાંથી ઊછળીને નીકળેલી ભારેખમ ડીશ શાંતિબેન અને વર્ષાને લાગી હતી. ગંભીર રીતે ઘાયલ માતા-પુત્રીને સારવાર અર્થે આદિપુર લઇ જવાયા હતાં. શાંતિબેનનું પગની નસો તથા હાડકું તૂટી જવાને કારણે મોત થયું હતું,જ્યારે તેમની દીકરીને વધુ સારવાર અર્થે ભુજ લઇ જવાઇ હતી. ટ્રકચાલક વિરુદ્ધ બબાભાઇ હરજી ભીલે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગર સિવિલના રેસિડેન્ટ ડૉક્ટરે આત્મહત્યાનો પ્રયાસ કરતાં ચકચાર

અમદાવાદઃ ભાવનગર સિવિલના રેસિડેન્ટ ડોક્ટરે પાલિતાણાની એક હોટેલમાં ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ હતી. તબીબને સ્ટુડન્ટને ગંભીર હાલતમાં ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, તેની પાસેથી માતા-પિતાને સંબોધીને લખેલી ચિઠ્ઠી મળી આવી હતી. ઘટના અંગે મહારાષ્ટ્રમાં રહેતા તેના માતા-પિતાને જાણ કરી દેવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, ભાવનગર સરકારી મેડિલ કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મંગળવારે ઓપીડી પૂર્ણ કરી નીકળ્યો હતો. પાલિતાણાની હોટેલમાં રોકાયેલા તબીબી સ્ટુડન્ટનો હોટેલમાંથી ચેકઆઉટનો સમય થતા હોટેલ સ્ટાફ રૂમમાં ગયો ત્યારે સ્ટુડન્ટના મોઢામાં ફીણ નીકળતા હોવાનું માલૂમ પડતા ૧૦૮ બોલાવી તેને તાત્કાલિક ભાવનગર સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, તેની સ્થિતિ ગંભીર છે અને તેની પાસેથી એક ચિઠ્ઠી મળી હતી, જેમાં તેણે લખ્યું, મમ્મી-પપ્પા હું તમને ખૂબ પ્રેમ કરું છું. તમે મને ડોક્ટર બનાવવા ખૂબ મહેનત કરી. તમે મારી સાથે છો હું તમારી સાથે છું. આઈ લવ યુ મમ્મી-પપ્પા. ■



રાજકોટમાં ગોંડલ રોડ પર આવેલા રાજ પાઉંભાજી પાસે જાહેરમાં આતંક મચાવનાર આરોપીઓને ઘટના સ્થળ પર લઈ જઈને પોલીસ દ્વારા રીકન્ટ્રક્શન કરાયું હતું.. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાજકોટમાં હેલ્મેટ કાયદો ફરજિયાત ન કરવા પૂર્વ પ્રધાને મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેર પોલીસ દ્વારા ૮ સપ્ટેમ્બરથી શહેરમાં હેલ્મેટ ડ્રાઇવ શરૂ કરવામાં આવશે. ભાજપના પૂર્વ ધારાસભ્ય અને રાજ્ય સરકારના પૂર્વ પ્રધાન ગોવિંદભાઇ પટેલે મુખ્ય પ્રધાન અને ગૃહપ્રધાનને પત્ર લખી હેલ્મેટ કાયદો શહેરી વિસ્તારમાં લાગુ કરવામાં ન આવે અને શહેર બહાર હાઇ-વે રોડ પર ફરજિયાત કરવામાં આવે તે માટે રજૂઆત કરી હતી.

રાજકોટ દક્ષિણ વિભાગના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે મુખ્ય પ્રધાન અને ગૃહપ્રધાનને પત્ર લખી લેખિતમાં રજૂઆત કરતા જણાવ્યું કે, ઓનરેબલ જજ ગુજરાત હાઈ કોર્ટ મારફતે હેલ્મેટના કાયદાને અસરકારક બનાવવા માટે તા. ૦૮.૦૯.૨૦૨૫થી અમલ કરવાનું સરકારને ફરમાન છે. જે મહામૂલી માનવ જિંદગીને કમોતે મરતા અને હેમરેજથી મુત્યુને ભેટતા ટૂ-વ્હિલર ચાલકોના હિતમાં નિર્ણય આપ્યો છે, જે આવકારદાયક છે પરંતુ, આપ સાહેબને નમ્ર અરજ કે જેના અમલમાં કેટલીક મુશ્કેલીઓ પણ છે જે આપના ધ્યાને મુકવા માંગુ છું. જે આપ સાહેબ હાઈ કોર્ટમાં તે અંગે કેટલીક રાહત માગો તો તેનો ન્યાયિક ઉકેલ આવી શકે.

તેમણે રજૂઆત કરતા જણાવ્યું કે, આ કાયદાનો ખાસ કરીને શહેરી વિસ્તાર પૂરતો અમલ ન થાય કારણ કે, શહેરી વિસ્તારમાં વાહન ૧૫થી ૨૦ કિ.મીની ઝડપથી વધારે ચલાવવું ટ્રાફિકને કારણે શક્ય નથી. તેથી માનવ જીંદગી જોખમાય એવા અકસ્માત સંભવ નથી. આ ઉપરાંત પતિ-પત્ની અને એક કે બે બાળકને લઈને બજારમાં ખરીદી કરવા માટે જાય ત્યારે તે હેલ્મેટની સમસ્યા વધી જાય છે.

ટૂ-વ્હિલર પાર્ક કરીને ૫૦થી ૩૦૦ મીટર બજારમાં ચાલીને જવાનું હોય ત્યારે બાળકને સાચવવા, હેલ્મેટને સાચવવુ કે શોપિંગ કરવું ખૂબ જ અઘરું બની જાય છે તેમજ ૧૫થી ૨૦ની સ્પીડથી ચાલતા વાહન અકસ્માતમાં હેમરેજ થાય એવી શક્યતા પણ નહિવત છે.

શહેરી વિસ્તાર પૂરતા કોર્ટમાં રીક્વેસ્ટ કરીને મુક્તિ અપાવવી જોઈએ તેમ મારું અંગત માનવું છે. જયારે શહેરની બહાર હાઇ-વે ઉપર તેનો અમલ થાય તે આવશ્યક છે તેમ પણ હું માનું છું. આપ આ અંગે લીગલી શું કરી શકાય તે બાબતે ઘટતું કરશો એવી વિનંતી છે. ■

# કાલાવાડના રણુજામાં લોકડાયરામાં પૂનમ માડમ પર ડોલર અને સોના-ચાંદીનો વરસાદ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લામાં કાલાવડના જૂના રણુજામાં ભવ્ય લોકડાયરો અને મેળાનું આયોજન થયું હતું, જેમાં લાખો ભક્તો ઊમટી પડ્યા હતા. લોકડાયરામાં સાંસદ પૂનમ માડમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમના પર ડોલર અને રૂપિયાનો વરસાદ કરવામાં આવ્યો હતો.

લોકડાયરામાં હાજર રહેલા ભરવાડ સમાજના રામધણી ગ્રૂપના સભ્યોએ પાઘડી પહેરાવની પૂનમ માડમનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત ભક્તિભાવપૂર્વક પૂનમ માડમ પર ડોલર, સોના-ચાંદી અને રૂપિયા ૫૦૦ની ચલણી નોટોનો વરસાદ કર્યો હતો. રણુજામાં આવેલા રામદેવપીરના સાનિધ્યમાં યોજાયેલા લોકડાયરા દરમિયાન કલાકારોએ રામદેવપીરનાં ભજનોની રમઝટ બોલાવી હતી. ભજન દરમિયાન મોબાઈલની ફ્લેશલાઈટથી રામદેવપીરની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારે ઉપસ્થિત સાંસદ પૂનમબેન માડમે પણ ફ્લેશલાઈટથી આરતીમાં ભાગ લીધો હતો.

પાંચ દાયકાથી વધુ સમયથી રણુજામાં યોજાતો આ પરંપરાગત મેળો સમાજની એકતા અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. શ્રદ્ધાળુઓએ દર્શન કરી પ્રસાદ લીધો અને મેળાનો આનંદ માણ્યો હતો. ■

# શ્રાવણ મહિનામાં વિશ્વના ૫૦થી વધુ દેશોના ૧૮.૩૨ કરોડ ભકતોએ સોમનાથ મહાદેવના ઓનલાઇન દર્શન કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્રાવણ મહિનામાં દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ સોમનાથ મહાદેવના દર્શને મોટી સંખ્યામાં શ્રદ્ધાળો ઉમટ્યા હતા. ૫૦થી વધુ દેશોના ૧૮.૩૨ કરોડ ભક્તોએ સોમનાથ દાદાના ઓનલાઇન દર્શન કર્યા હતા. શ્રાવણ માસમાં ૧૬.૧૭ લાખથી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના રૂબરૂ દર્શન માટે પધાર્યા હતા. જ્યારે ૨૦ હજારથી વધુ સિનિયર સિટિઝનને ટ્રસ્ટની સહાયથી દર્શન કરાવાયા હતા.

શ્રાવણ માસ દરમિયાન સોમનાથ મહાદેવને ભક્તો દ્વારા ૮૦૦ થી વધુ ધ્વજા રોહણ, ૧૨૦૦ જેટલી સોમેશ્વર મહાપૂજન, ૯૭૯૭ રૂદ્રાભિષેક, સહિતની પૂજાવિધિ સાથે શ્રદ્ધાળુ પરિવારો ધન્ય બન્યા હતા. આ પવિત્ર માસ દરમિયાન સોમનાથ યજ્ઞશાળા ખાતે વિશ્વકલ્યાણ માટે યોજવામાં આવતા મહામૃત્યુજય યજ્ઞ અંગે શ્રદ્ધાળુઓમાં વિશેષ આકર્ષણ જોવા મળ્યું હતું. જેના કારણે માસ પર્યન્ત હજારો પરિવારોએ મહામૃત્યુંજય યજ્ઞમાં ભાગ લઇ ધન્ય બન્ય હતા. શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવને ૨.૭૫ લાખ યજ્ઞઆહુતિ અર્પણ કરવામાં આવી હતી.

સોમનાથ તીર્થમાં ખાસ કરીને શ્રાવણના સોમવાર, પૂનમ, માસિક શિવરાત્રિ, અમાસ દરમ્યાન યોજાતી પાલખીયાત્રા મોટું આકર્ષણ બની હતી. જન્માષ્ટમી પર શ્રાવણની સર્વાધિક ૧.૭૩ લાખ જેટલી દર્શનાર્થીઓની મેદની ઉમટી હતી. માસિક શિવરાત્રિ પર્વે યોજાતા પ્રહર પૂજનમાં જ્યોત પૂજન, મહાપૂજા, મહાઆરતીમાં ભાવિકોની વિશેષ હાજરી નોંધાઈ હતી.■

# ભાવનગરમાં ડાયલ ૧૧૨ 'જનરક્ષક' પ્રોજેક્ટ લોકાર્પણ કરાયો

## કુલ-૩૯ જનરક્ષક વાહનો ભાવનગર જિલ્લામાં કાર્યરત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યમાં બનતા અપરાધિક બનાવો, માર્ગ અકસ્માતો અને અન્ય ઘટનાઓ અંગે આધુનિક ટૅકનોલૉજીના મદદથી પોલીસ ઈમરજન્સીના બનાવોમાં ઘટનાસ્થળ ઉપર ત્વરિત મદદ મળી રહે તે માટેની વ્યવસ્થા ગોઠવવા ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ ગૃહ મંત્રાલય ભારત સરકારના નિર્દેશ મુજબ ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા અમલીકરણ કરવાનું લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે ભાવનગર જિલ્લા ખાતે કુલ-૨૧ બોલેરો ૧૧૨ 'જનરક્ષક' વાહન ફાળવવામાં આવી છે. ભાવનગર જિલ્લા ખાતે ૨૧ નવા જનરક્ષક વાહનો ફાળવતા એમ કુલ-૩૯ જન રક્ષક વાહનો ભાવનગર જિલ્લામાં કાર્યરત થશે.

પોલીસ (૧૦૦), એમ્બ્યુલન્સ (૧૦૮), ફાયર (૧૦૧), મહિલા હેલ્પલાઈન (૧૮૧), ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮) અને ડિઝાસ્ટર હેલ્પલાઈન (૧૦૭૦/૧૦૭૭) જેવી સેવાઓ માટે હવે માત્ર ૧૧૨ નંબર ડાયલ કરવાનો રહેશે. આ જનરક્ષક વાહનો જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ સાથે સજ્જ વાહનો દ્વારા ઘટનાસ્થળ પર ઝડપી પહોંચ અને સમયસર મદદ મળી રહેશે. ભાવનગર જિલ્લામાં પોલીસ કંટ્રોલ રૂમ ખાતે જનરક્ષક કેન્દ્ર કાર્યરત રહેશે. જનરક્ષક ૧૧૨માં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા પોલીસ અને અન્ય કર્મચારીઓને ઈમરજન્સી રિસ્પોન્સ અને ડિજિટલ અપડેશન અંગે જરૂરી તાલીમ આપવામાં આવે છે. ૧૧૨ નંબર ડાયલ કરી ઉપરોક્ત તમામ સેવાઓ તા. ૨/૯/૨૦૨૫ના કલાક ૨૦:૦૦ વાગે કાર્યરત થયેલ હોય તો આ સેવાઓનો લાભ લેવા તમામ જનતાને પોલીસ અધિક્ષક ભાવનગર દ્વારા અપીલ કરવામાં આવી હતી. ■

# જામનગરમાંથી ગુમ થયેલી સગીરા ૧૮ કલાક બાદ અમદાવાદમાંથી મળી

અમદાવાદઃ જામનગરમાં એક સગીરા ટ્યુશનમાં જવા નીકળ્યા બાદ ગુમ થઈ હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ત્રણ ટીમો બનાવીને તપાસ શરૂ કરી હતી. સીસીટીવી ફૂટેજમાં સગીરા રિક્ષામાં સાત રસ્તા બસ સ્ટેન્ડ જતી દેખાઈ હતી. પોલીસે એક ટીમને રાજકોટ અને બીજી ટીમને અમદાવાદ મોકલી હતી. ત્રીજી ટીમે ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે સગીરા અમદાવાદથી દિલ્હી જવા માટે ખાનગી બસમાં બેસવાની હતી.

જો કે અમદાવાદમાં તહેનાત પોલીસ ટીમે બસ પિકઅપ પોઇન્ટ પર નજર રાખીને સગીરાને શોધી કાઢી હતી. તેણીને સુરક્ષિત રીતે જામનગર લાવવામાં આવીને પરિવારને સોંપી દેવામાં આવી હતી. સગીરા હેમખેમ મળી આવતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો. તેમજ પોલીસની કામગીરીને બિરદાવી હતી. ■